# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION
GRWB/057/BHARUCH/02
At.: Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India
Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા برکات خواجہ

(માસિક)

**"બરકાતે ખ્વાજા"** (માસિક)

**૧-ફેબ્રુઆરી-૨૦૦૬**

**ઝીલ હજ્જ-મુહર્રમુલ હરામ**

**હિજરી સન : ૧૪૨૬-૧૪૨૭**

**વર્ષ : ૦૩ અંક : ૦૨, સળંગ અંક : ૨૬**

**★ સ્થાપક અને પ્રકાશક ★**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**★ પત્ર વ્યવહારનુ સરનામું ★**


બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

Email User ID : islamic@sancharnet.in


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## મનકબત દરશાને શાને ઈમામ હુસૈન رضی اللہ عنہ

**અઝ : જિગર નબીપૂરી-લંડન**

કર લી જહાંને કુબૂલ સદાકત હુસૈન કી
રંગ લાઈ કરબલામેં જો શહાદત હુસૈન કી

કલમહ કી ભી ન લાજ રખ્ખી તુમને યઝીદીઓ
કૈસે સમઝ પાતે તુમ અઝમત હુસૈન કી ?

હુકમે રબ્બી હુવા તો કરબલા કી રાહ લી
જો રાહે હક્કમેં લે આઈ કિસ્મત હુસૈન કી

દીને નબી કે વાસ્તે સબ કુછ લૂટા દિયા
કોનો મકાં ભી કરતી હૈ મિદહત હુસૈન કી

અખલાકે શહે દીં કા હૈ શાહિદ કરબો બલા
જો મિષાલ હૈ જહાંમે ઈબાદત હુસૈન કી

હક્ક હો ગયા મુકાબિલ બાતિલ કે સામને
બોલબાલા રહેગી તા કયામત હુસૈન કી

લખ્તે **"જિગર"** ઝાતેમહ કી દેખો ક્યા શાન હૈ !
ફયલી હૈ દો જહાં પર શફકત હુસૈન કી

**★ માનદ તંત્રી ★**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)**

**નૂરાની આર્ટ-દયાદરા**

ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧,
મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧



આપનું લવાજમ ... થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાજા (માસિક) ફેબ્રુઆરી-૨૦૦૬

★ વર્ષ : 03 ★ અંક : 0૨ ★ સળંગ અંક : ૨૬



| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | તંત્રી લેખ : **શહીદનો મર્તબો અને શહાદતે હુસૈનનો અસલ મકસદ** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૦ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૪ |
| ૦૪. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૬ |
| ૦૫. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૮ |
| ૦૬. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની (ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૨૧ |
| ૦૭. | શું આપ જાણો છો ?! | **કાર્યાલય** | ૨૩ |
| ૦૮. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : મૌલાના હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી | ૨૪ |
| ૦૯. | ઓરિએન્ટલિસ્ટ અને ઈસ્લામી જેહાદ | રજૂ. મૌલાના મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી | ૨૬ |
| ૧૦. | એક ઓસ્ટ્રેલિયન ખાતૂન સીસીલા મહમૂદાની કહાની ખૂદ તેણીની જ ઝબાની | **રજૂકર્તા** : ફરઝાના અલી પટેલ દયાદરા | ૩૧ |
| ૧૧. | આબે ઝમઝમ શરીફ એક જીવંત મો'જિઝો | **કાર્યાલય** | ૩૪ |
| ૧૨. | ઈસ્લામમાં હલાલ અને હરામનો ખયાલ | **રજૂકર્તા** : મૌલાના મુહમ્મદ શાકિર મિસ્બાહી–દયાદરા | ૩૮ |
| ૧૩. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૪૫ |
| ૧૪. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |


**સ્ટોપ પ્રેસ**

## પેશ ઈમામો જોઈએ છે

બે ત્રણ મસ્જિદો માટે ફેમેલીવાળા સારા ઈમામોની જરૂરત છે :–

**૧.** આલિમ કારી જે બુલંદ અવાજથી સહી કુર્આન પઢનાર હોય અને અકીદા તથા અમલો પર આકર્ષક ઈલ્મી (લફ્ફાઝી નહીં) બયાન કરી શકે. ગુજરાતીને પ્રથમ પસંદગી, લાયકાત મુજબ યોગ્ય પગાર મળશે. **૨.** આલિમ તથા મુઅલ્લિમા જોડુ હોય, ઈમામત તથા મદ્રસો સંભાળી શકે. દીન વિશે લોકોને સમજાવી શકે, બયાન સારી રીતે કરી શકે. **પ્રથમ ફોન પર જ સંપર્ક કરવો.** ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧ (R) ૨૮૨૭૯૨ (O) ૯૪૨૭૪૬૪૪૧૧ (Mob.)

–લિ. **પટેલ શબ્બીર અલી રઝવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# શહીદનો મર્તબો અને શહાદતે હુસૈનનો અસલ મકસદ

**તંત્રી લેખ**

યે રુત્બાએ બુલંદ મિલા જિસકો મિલ ગયા
હર શખ્સ કે નસીબમેં દારો રસન કહાં

ઈ.સ. ૧૯૩૪નો પ્રસંગ છે. અબ્દુલ કૈયૂમ નામનો કરાંચીનો એક ઝુપડાવાસી વિક્ટોરીયા ગાડી ચલાવનાર માણસ છે જે તદન ગુમનામ આદમી છે. તેને ખબર મળી કે એક વ્યક્તિએ પોતાના પુસ્તકમાં સરકારે અકદસ ﷺ ની શાનમાં ગુસ્તાખી તથા બેઅદબી કરી છે જેના પર કેસ ચાલી રહ્યો છે અને આજે તેની તારીખ છે જેથી તે કોર્ટમાં હાજર થનાર છે. તે તુરંત વિક્ટોરીયા લઈને કોર્ટે પહોંચે છે. એકબાજુ ગાડી ઊભી રાખીને વિજયીની શાનથી ચાલતો ચાલતો જજના કમરામાં પહોંચે છે, જુએ છે કે કમરો માણસોથી ખીચોખીચ ભરેલો છે અને બે અંગ્રેજ જજો હજી કાનૂની કાર્યવાહીમાં વ્યસ્ત છે. એવામાં અબ્દુલ કયૂમ તે ગુસ્તાખે રસૂલ પાસે પહોંચી જાય છે અને એ પ્રમાણે ચાકૂ તેને મારે છે કે તે તેની ગરદનમાં ઊંડે સુધી ઉતરી જાય છે અને તેની લાશ તડપીને ઠંડી થઈ જાય છે અને અબ્દુલ કૈયૂમ કશાય વિરોધ વિના પોતાની જાતને પોલીસને હવાલે કરી દે છે.

આ પ્રસંગે અબ્દુલ કૈયૂમ જેવી ગુમનામ વ્યક્તિને ખૂબ જ મશહૂર કરી દીધી કે દેશભરમાં લોકો એના નામથી વાકેફ થઈ ગયા. અને રસૂલે પાક ﷺ ની ગુસ્તાખી કરનારને તેના અંજામે પહોંચાડવાના સબબે તે સમયના મોટો મોટા બેરિસ્ટરો વકીલોએ તેનો કેસ લડવા તૈયારી દર્શાવી અને તેને ખૂબ સમજાવ્યો કે, "તું તારું નિવેદન થોડુંક બદલી નાખ !" પણ આ આશિકે રસૂલે કહ્યું કે, "મેં જ મારા નબી કરીમ ﷺના ગુસ્તાખને તેની ગુસ્તાખીના કારણે ઠેકાણે પહોંચાડયો છે અને પોતે અલ્લાહની રાહમાં જાન કુર્બાન કરવાના ઈરાદા સાથે જ આ કામ કર્યું છે, માટે મને તમો શહીદના મર્તબાએ પહોંચવાથી રોકી શકશો નહીં." છેવટે કોર્ટે તેને ફાંસીની સજા આપી દીધી.

અલ્લાહના માર્ગમાં શહાદત વહોરનારનો મર્તબો અતિ મહાન છે. જ્યારે અબ્દુલ કૈયૂમ જેવો સામાન્ય માણસ ખુદાના માર્ગમાં શહીદ થઈને લોકોના દિલોની ધડ્કન બની શકે છે તો સૈયદુશ્શોહદા હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ જેઓ મહબૂબે ખુદા સૈયદુલ અંબિયા ﷺના નવાસા છે, અલીએ મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم ના લખ્તે જિગર છે, અને ફાતિમા ઝોહરા رضی اللہ عنہا ના નૂરે નઝર છે અને જે તમામ ચહીતા તથા સગા સ્નેહીઓ એટલે સુધી કે યુવાન પુત્ર અલી અકબર અને દૂધ પીતા પુત્ર અલી અસ્ગરની દર્દનાક શહાદત છતાં હિંમત નથી હાર્યા અને ખુદાની રાહમાં કુર્બાન થઈ ગયા તો હમેશાંના માટે લોકોના દિલોની ધડ્કન અને લોકોની મહોબ્બતનું કેન્દ્ર કેમ ન બને ?

## શહીદના પ્રકારો વિશે જાણો

શહીદના ત્રણ પ્રકારો છે : **શહીદે હકીકી**, **શહીદે ફિક્હી** તથા **શહીદે હુકમી.** જેને અલ્લાહની રાહમાં કતલ કરવામાં આવે તે **હકીકી શહીદ** છે, અને **ફિક્હી શહીદ** તેને કહે છે કે આકિલ, બાલિગ મુસલમાન જેના પર ગુસ્લ ફર્ઝ ન હોય તેને તલ્વાર કે બંદૂક વગેરે હથિયાર વડે જુલ્મની રીતે કત્લ કરવામાં આવે અને કત્લના કારણે માલ વાજિબ ન થયો હોય અને ન ઝખ્મી થયા બાદ કોઈ ફાયદો દુનિયાથી પામ્યો હોય. અને ન જીવતા લોકોના હુકમોમાંથી કોઈ હુકમ તેના માટે સાબિત થયો. એટલે કે જો પાગલ, નાબાલિગ તથા હૈઝવાળી તથા નિફાસવાળી સ્ત્રીઓ અને જુનૂબીને શહીદ કરવામાં આવે તો તે શહીદે ફિક્હી નથી અને જો કત્લથી માલ વાજિબ થયો હોય જેમ કે લાઠી વડે માર્યો ગયો અથવા શિકારને મારતાં ભૂલથી કોઈ મુસલમાનને વાગી ગયું અથવા ઝખ્મી થયા બાદ ખાધુ, પીધું, ઈલાજ કર્યો, નમાઝનો પૂરો સમય હોશમાં રહ્યો અને નમાઝ પઢવા શક્તિમાન હતો અથવા કોઈ વાતની વસિયત કરી તો તે ફિક્હી શહીદ નથી.

પણ ફિક્હી શહીદ ન હોવાનો એ અર્થ નથી કે તે શહીદ હોવાનો સવાબ પણ નહીં પામે, બલ્કે તેનો મતલબ કેવળ એટલો છે કે તેને ગુસ્લ આપવામાં આવશે. અને ફિક્હી શહીદની જનાઝાની નમાઝ તો પઢવામાં આવશે પણ તેને ગુસ્લ આપવામાં નહીં આવે, આમ જ લોહી સાથે દફન કરી દેવામાં આવશે અને જે ચીજો કફનના પ્રકારમાંથી નથી તેને ઉતારી લેવામાં આવશે જેમ કે બખ્તર, ટોપી અને હથિયાર વગેરે. અને સુન્નત મુજબના કફનમાં જો કમી હશે તો તેને પૂર્ણ કરવામાં આવશે, પાયજામો ઉતારવામાં નહીં આવે અને સર્વ કપડાં ઉતારીને નવાં કપડાં નહીં આપવામાં આવે કે એવું કરવું મકરૂહ છે.

અને **હુકમી શહીદ** તે છે જે જુલ્મની રીતે કત્લ નથી કરવામાં આવ્યો **પણ કયામતના દિવસે તેને શહીદોના ગિરોહમાં ઉઠાવવામાં આવશે.** હદીષ શરીફમાં છે કે સરકારે અકદસ ﷺએ ફર્માવ્યું કે ખુદા તઆલાની રાહમાં શહીદ કરવામાં આવે તે ઉપરાંત સાત શહાદતો અન્ય છે : જે પ્લેગમાં મૃત્યુ પામે તે શહીદ છે, જે ડૂબીને મરી જાય તે શહીદ છે, જે આગમાં સળગી જાય તે શહીદ છે, જે ઈમારત નીચે દબાઈને મૃત્યુ પામે તે શહીદ છે, અને જે સ્ત્રી બાળકના જન્મ વખતે મરી જાય તે પણ શહીદ છે. *(મિશ્કાત શરીફ, પેજ–૧૩૬)*

## શહીદ થવાની અન્ય સ્થિતિઓ તથા તરીકાઓ

એ ઉપરાંત અન્ય ઘણી સ્થિતિઓ છે જેમાં શહાદતનો સવાબ મળે છે એમાંથી અમુક આ પ્રમાણે છે : મુસાફરીની હાલતમાં મર્યો, લકવાની બીમારીમાં મર્યો, સવારી પરથી ગબડીને મૃત્યુ પામ્યો અથવા વાયુની બીમારીથી મર્યો, તાવમાં મર્યો, જાન તથા માલ અથવા કોઈનો હક્ક બચાવવામાં કત્લ કરવામાં આવ્યો, ઈશ્કમાં મર્યો એ શરતે કે પાકદામન હોય અને છુપાવ્યો હોય, કોઈ ફાડી ખાનાર જાનવરે ફાડી ખાધો, બાદશાહે જુલ્મની રીતે કેદ કર્યો અથવા માર્યો અને મૃત્યુ પામ્યો, કોઈ મૂઝી જાનવરના કરડવાથી મર્યો, ઈલ્મે દીનની તડપમાં મર્યો, મોઅઝ્ઝિન કે જે સવાબ પામવાના હેતુ સાથે અઝાન કહેતો હોય, સત્ય બોલનાર વેપારી, જેને સમુદ્રના સફરમાં ચૂંક સાથે ઉલ્ટી આવી અને મૃત્યુ પામ્યો, જે પોતાના

બાળ બચ્ચાંઓ માટે કોશિશ કરે, તેમનામાં અલ્લાહના હુકમોની પાબંદી કરાવે અને તેમને હલાલ ખવડાવે, જે દરરોજ ૨૫ વખત આ દુઆ પઢે : اَللّٰهُمَّ بَارِكْ لِيْ فِي الْمَوْتِ وَفِيْمَا بَعْدَ الْمَوْتِ જે ચાશ્તની નમાઝ પઢે, દર મહિને ત્રણ રોઝા રાખે અને વિત્રને સફરમાં કે મુકામ પર ક્યાંય ન ત્યજે, ઉમ્મતમાં ખરાબીના સમયે સુન્નત પર અમલ કરે તેના માટે તો સો શહીદોનો સવાબ છે. જે બીમારીમાં لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحَانَكَ اِنِّيْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ ચાલીસ વખત કહે અને તે જ બીમારીમાં મૃત્યુ પામે અને જો સારો થઈ ગયો તો તેની મગફેરત થઈ જશે, કાફિરો સાથે મુકાબલા માટે સરહદ પર ઘોડો બાંધનાર, જે શખ્સ દરેક રાત્રે સૂરએ યાસીન પઢે, જે બાવુઝૂ સૂતો અને મૃત્યુ પામ્યો, જે નબી કરીમ ﷺ પર ૧૦૦ વાર દરરોજ દુરૂદ શરીફ પઢે, જે સાચા દિલથી દુઆ કરે કે અલ્લાહના માર્ગમાં કત્લ કરવામાં આવું અને જે શખ્સ જુમ્આના રોજ ઈન્તેકાલ કરે. *(રદ્દુલ મુહતાર, બહારે શરીઅત)*

આ તમામ પ્રકારોમાં સૌથી શ્રેષ્ઠ શહીદ તે છે જેને અલ્લાહની રાહમાં કત્લ કરવામાં આવે અને હકીકી શહાદતથી સરફરાઝ થયો. એની ફઝીલતમાં પુષ્કળ આયતો તથા હદીષો આવેલી છે.

## શહીદોના ફઝાઈલ તથા મર્તબાઓ

કુર્આને પાકમાં છે :– وَلَا تَقُوْلُوْا لِمَنْ يُّقْتَلُ فِيْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتٌ ۔ بَلْ اَحْيَآءٌ وَّلٰكِنْ لَّا تَشْعُرُوْنَ

"જેને ખુદાના માર્ગમાં કત્લ કરવામાં આવે તેને મુર્દા ન કહો બલ્કે તે ઝિંદા છે પરંતુ તમને ખબર નથી. *(પારા–૨, રૂકૂઅ–૩)*

બીજા ઠેકાણે રબ તઆલાનો ઈર્શાદ છે :–

وَلَا تَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتًا ۔ بَلْ اَحْيَآءٌ عِنْدَ رَبِّهِمْ يُرْزَقُوْنَ "જે લોકો અલ્લાહની રાહમાં કત્લ કરવામાં આવ્યા તેમને મુર્દા કદી ખયાલ પણ ન કરશો, બલ્કે તેઓ પોતાના રબની પાસે જીવતા છે, રોજી આપવામાં આવે છે." *(પારા–૪, રૂકૂઅ–૮)*

હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં આ આયતે કરીમાનો અર્થ રસૂલે અકરમ ﷺને પૂછયો તો આપે ફર્માવ્યું કે, શહીદોની રૂહો લીલા પક્ષીઓના શરીરમાં છે, તેમને રહેવાના માટે અર્શે ઈલાહીની નીચે કંદીલો લટકાવવામાં આવી છે. જન્નતમાં જ્યાં તેમનો જીવ ચાહે છે તેઓ સૈર કરે છે અને તેના મેવા ખાય છે." *(મુસ્લિમ, મિશ્કાત, પેજ–૩૩૦)*

હદીષે પાકમાં છે : શહીદના માટે અલ્લાહ તઆલાની નજીક છ ખૂબીઓ છે : (૧) લોહીનું પ્રથમ ટીપુ પડતાં જ તેને બખ્શી દેવામાં આવે છે અને રૂહ નીકળવાના સમયે જ તેને તેનું જન્નતનું ઠેકાણુ બતાવી દેવામાં આવે છે. (૨) કબ્રના અઝાબથી મેહફૂઝ રહે છે. (૩) તેને જહન્નમના અઝાબનો ડર નથી રહેતો. (૪) તેના માથા પર ઈજ્જત તથા વકારનો એવો તાજ રાખવામાં આવશે જેનો અતિમૂલ્યવાન યાકૂત આ દુનિયા અને દુનિયાની સર્વ ચીજોથી બેહતર હશે. (૫) તેના નિકાહમાં મોટી મોટી આંખોવાળી ૭૨ હૂરો આપવામાં આવશે. (૬) અને તેના સગાંઓમાંથી ૭૦ માણસોના માટે તેની શફાઅત કબૂલ કરવામાં આવશે. *(તિર્મિઝી, મિશ્કાત, પેજ–૩૩૩)*

અલ્લાહ વ રસૂલની મહોબ્બતમાં દીને હક્ક ખાતર કુર્બાન થવાની ઘણી જ ફઝીલત છે એટલે જ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ ફર્માવ્યું કે :–

કરું તેરે નામ પે જાં ફિદા, બસ એક જાં નહીં દો જહાં ફિદા
દો જહાં સે ભી નહીં જી ભરા, કરું ક્યા કરોળોં જહાં નહીં

## ખુદાની રાહમાં કુર્બાન થનારાના મકસદ શું હોય છે ?

ખુદાની રાહમાં જાનનું નઝરાણુ લૂટાવનારા ન દુનિયાની સત્તા માટે લડે છે ન દુનિયાથી દૌલત બંગલા, વાડી, ગાડી કે લાડી માટે લડે છે, ન દુનિયાની વાહ વાહ કે ખ્યાતી પામવા માટે લડે છે, બલ્કે અલ્લાહના કાનૂનને આમ કરવા માટે અને જુલ્મો જફાના સામ્રાજ્યને મિટાવી અમ્નો શાંતિની સ્થાપ્ના માટે પોતાની જાનને જાલિમો સામે ઝઝુમીને ખપાવી દે છે, પોતે દુનિયાથી શૈતાનિયતનો ખાત્મો કરવા માટે પોતાના તન, મન, ધન સર્વસ્વને કુર્બાન કરી દે છે અને પોતાના અંતિમ □સ સુધી જાલિમો સામે ટક્કર લેતા હોય છે.

નબીએ કરીમ ﷺએ જ્યારે કલ્માએ હક્કને બુલંદ કર્યો તે સમયે ચો તરફ શૈતાનિયતની સલ્તનત હતી, લોકો એક અલ્લાહની બંદગીને છોડીને અસંખ્ય મઅબૂદોની પૂજામાં લાગેલા હતા. નબળા તથા નિર્દોષ માણસો તેમજ સ્ત્રીઓ પર જુલ્મો સિતમ થતો હતો, વ્યભિચારનું બજાર ગરમ હતું, વિધવાઓ પર અત્યાચાર થતા હતા, બાળકીઓને જીવતી દાટી દેવામાં આવતી હતી, દારૂ જુગાર આમ હતો અને મામૂલી વાતમાં ઝઘડા થતા અને કબીલા કબીલા વચ્ચે જંગો થતી જેના વેરઝેર ચાલતાં રહેતાં જેમાં વરસો સુધી લડાઈઓ ચાલતી હતી.

એવા સમયે અલ્લાહના મહાન પૈગંબર નબી કરીમ ﷺએ ઈસ્લામનો કલ્મો બુલંદ કર્યો અને સર્વ બુરાઈઓને ત્યજીને એક અલ્લાહના કાનૂન પર ચાલવા લોકોને દા'વત આપી. તે સમયે આપે પણ પુષ્કળ મુસીબતોનો સામનો કરવો પડયો. આપ ﷺને પણ ખતમ કરી દેવાના પ્લાનો રચાયા અને શારીરિક, માનસિક ત્રાસની હદ કરી દેવામાં આવી.

જો દુનિયાવી લાલચને કારણે આ બધું હોત તો વાત ક્યારથી ખત્મ થઈ ગઈ હોત કેમ કે આપને સર્વ પ્રકારની ઓફરો થઈ ચૂકી હતી પણ અલ્લાહના પ્યારા નબી ﷺએ એ જ જવાબ આપ્યો હતો કે, **"મારા એક હાથમાં ચાંદ અને બીજા હાથમાં સૂરજ મૂકી દેવામાં આવે છતાંય હું ઈસ્લામના પ્રચારને પડતો મૂકવાનો નથી !"**

હુઝૂરે અકરમ ﷺ પછી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہનો કિરદાર જુઓ, કે જીવનભર અનીતિ કરનારાઓ સામે લડતા રહ્યા અને અલ્લાહના કાનૂનના પાલન માટે ઝઝુમતા રહ્યા. એટલે સુધી કે મુસલમાનોના એક ગૃપે ઝકાત આપવાનો ઈન્કાર કરી દીધો તો તેમની સામે પણ જંગ કર્યો અને એ ફિત્નાનો ખાત્મો બોલાવી દીધો. શા માટે ? શું એમને દૌલત જોઈતી હતી ? સત્તા જોઈતી હતી ? નહીં ! જો દૌલતની લાલચ હોત તો તેમના પણ હાલના સઊદી રાજાઓ, દુનિયાના કૂતરાઓની જેમ મહેલો હોત, પણ નહીં ! તદ્દન સામાન્ય ગરીબ જેવું જીવતા રહ્યા અને અલ્લાહના કાનૂનને આમ કરવા ઝઝુમતા રહ્યા અને એ જ હાલમાં શહીદ થઈ ગયા.

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہનો દૌર છે, ઈસ્લામનું સામ્રાજ્ય દૂર દૂર સુધી ફેલાઈ ચૂક્યું છે, ઐયાશ અને દુનિયાના લાલચુ સત્તાધિશો એમનાં નામથી કાંપી રહ્યા છે, જ્યારે હઝરત ઉમરનો હાલ એ છે કે થીંગડાંવાળાં કપડાં પહેરી રહ્યા છે, જમીન પર સૂઈ રહ્યા છે, ન બંગલો છે ન મહેલ છે

બલ્કે આમ મુસલમાનો જેમ જીવી રહ્યા છે.

હઝરત ઉષ્માને ગની رضی اللہ عنہ ને જુઓ, પોતાની માલો દૌલતને ખુદાની રાહમાં લૂટાવી રહ્યા છે. હઝરતે અલી کرم اللہ وجہہ الکریم ને જુઓ કે અલ્લાહને ખાતર જ સર્વસ્વ કુર્બાન કરી રહ્યા છે, એટલે સુધી કે લડાઈની હાલતમાં એક કાફિર પર કાબૂ મેળવી લે છે અને તેની છાતી પર સવાર છે, હવે તલ્વાર ચલાવવાની જ તૈયારી હતી કે એવામાં તે કાફિર આપના પર થૂંકે છે, તો આપને ગુસ્સો આવી જાય છે. પણ આપ તેને કત્લ કર્યા વિના જ છોડી મૂકે છે, તો તે કાફિર આશ્ચર્યમાં પડી જાય છે કે હે અલી ! તમે આવું શાથી કર્યું ? તો અલી જવાબ આપે કે છે કે હું કેવળ અલ્લાહને ખાતર જ તારી સાથે લડી રહ્યો હતો પણ મારા પર તું થૂંક્યો જેનાથી મને ગુસ્સો આવી ગયો અને મારો નફ્સ ઉશ્કેરાયો જેથી મેં તને ત્યજી દીધો કે, "મારી નિખાલસ નિય્યતમાં સ્વજાત માટેનો ગુસ્સો સામેલ થઈ ગયો જેથી મેં તને છોડી મૂક્યો." તો આ લિલ્લાહિયતને જોઈને તે કાફિર મુસલમાન થઈ ગયો.

એ જ પ્રમાણે અન્ય સહાબાએ કિરામ કાનૂને હક્કને આમ કરવા માટે જ કુર્બાન થતા રહ્યા. વતન છોડયાં, ઔલાદ છોડી, મિલ્કતો છોડી સર્વસ્વ કુર્બાન કર્યું પણ દીને હક્કને ફેલાવતા રહ્યા.

ક્રમે ક્રમે ઈમામે હુસૈન رضی اللہ عنہ નો દૌર આવે છે. આપના દૌરમાં યઝીદ પલીદ સત્તાની લાલચમાં જુલ્મો સિતમથી કામ લે છે. અને તે પોતાની સત્તાને મજબૂત કરવા માટે ઈમામે હુસૈનથી બયઅતની માંગણી કરે છે કે હુસૈન મારી બયઅત સ્વીકારીને મને ટેકો જાહેર કરી આપે તો મારી સત્તાને આંચ નહીં આવે. પણ ઈમામ હુસૈનને ખબર હતી કે યઝીદ હરગિઝ હરગિઝ બયઅતને પાત્ર નથી. જો યઝીદથી બયઅત કરવામાં આવશે તો અલ્લાહનો કાનૂન વેરવિખેર થઈ જશે, શરાબીઓને છૂટો દૌર મળી જશે, વ્યભિચારનાં બજારો ગરમ થઈ જશે, નિર્દોષો પર જુલ્મો સિતમનો દરવાજો ખુલી જશે, ગુનાહખોરીમાં તેજી આવી જશે, કારણ કે યઝીદ શરાબી હતો, યઝીદ વ્યભિચારી હતો, યઝીદ બદ્કાર હતો, તેણે બે સગી બહેનોને એક સાથે પોતાના નિકાહમાં રાખી હતી, યઝીદ બેનમાઝી તથા ફાસિકો ફાજિર હતો.

ઈમામે હુસૈન رضی اللہ عنہ ને પણ દુનિયાવી લાલચો આપવામાં આવી હતી, આપ જો ચાહતા તો દુનિયાની સુખ સગવડો મેળવીને સુખ ચૈનથી જિંદગી બસર કરી લેતા. પણ એ મર્દે મુજાહિદ જેની રગોમાં રસૂલુલ્લાહનું ખૂન મુબારક વહી રહ્યું હતું. ખાનદાને અહલે બયઅતના આ સરદાર સમક્ષ રસૂલે કરીમ صلی اللہ علیہ وسلم ની મુબારક જિંદગી હતી જેમણે જુલ્મો જફાના ખાત્મા માટે **એલાને નબુવ્વતથી લઈને જાહેરી જીવનના અંતિમ □ાસ સુધી ચૈનનો □ાસ નથી લીધો.** ખુલફાએ રાશિદીનની શહાદતો તથા કુર્બાનીઓ આપ જોતા આવ્યા કે કેવળ અલ્લાહના સલામતીવાળા દીન ઈસ્લામના કાનૂનોને આમ કરવા ખાતર તેમણે પોતાનાં તન, મન, ધન સર્વ કુર્બાન કરી આપ્યાં, તો આપનુ ઝમીર, આપનું ઈમાન એ કઈ રીતે માન્ય કરી શક્તુ હતું કે અલ્લાહના કાનૂનની ધજ્જીઓ ઉડાડનાર બદ્કાર શખ્સ લોકો પર રાજ કરીને જુલ્મો જફાનું સામ્રાજ્ય ફેલાવે. શરીઅતના કાનૂનોની રક્ષાના કાજે જ આપે યઝીદ સામે ટક્કર લીધી અને પોતાનું સર્વસ્વ કુર્બાન કરીને ખૂદ પોતે પણ શહીદ થઈ ગયા.

## શરીઅતના કાનૂનનું મહત્વ અને ઈમામે હુસૈન

આશિકે હુસૈન હોવાના દાવેદારો વિચારે કે આપને સરકાર દો આલમ صلی اللہ علیہ وسلم એ મસ્જિદે નબવીના મિમ્બર પરથી તો બશારત આપી હતી કે الحَسَنُ والحُسین سیّد شباب اهل الجنة **"હસન તથા**

**હુસૈન જન્નતના જવાનોના સરદાર છે.**" બુખારી શરીફની આ હદીષ છે જેના પર ૧૪૫૦ વરસથી કોઈએ વાંધો નથી ઉઠાવ્યો કે આ ગલત હદીષ છે, એના સ્થાને એ સહીહ છે, અહલે સુન્નત બલ્કે સૌ એકમત છે કે એ સહીહ હદીષ છે. વિચારો ! જેમને જન્નતની જ નહીં જન્નતી યુવાનોના સરદાર હોવાની ખુશખબરી અલ્લાહના રસૂલ આપે તેને કયો આખેરતનો ગમ સતાવી શકે ? અને દુનિયાની સુખ સગવડો પણ મળતી હતી, છતાં આ સત્યનો ઝંડો બુલંદ કરનારા નબીના નવાસાએ યઝીદની બયઅત એટલા માટે જ ન સ્વીકારી કે શરીઅતના કાનૂનોની બેઈજ્જતી થતી આપ સહન કરી શક્તા ન હતા.

## આ ઈસ્લામ સાથે મઝાક થઈ રહી છે !

હે ઈમામે હુસૈનના આશિકો ! વિચારો ! શું તમે તમારી નજરો સમક્ષ તમારા યુવાન બેટાઓને કુર્બાન થતા જોઈ શક્શો ? શું નિર્દોષ કુમળા બાળકોની લાશો તડપતી જોઈ શક્શો ? શું તમારી નજરો સમક્ષ તમારી માં, બહેનો, બીવી, બેટીઓને દુશ્મનોના ઘેરામાં નિરાધાર છોડીને શહીદ થવા તૈયાર થશો ?! આજનો ઈન્સાન ક્યાંય સુલેહના માર્ગો તલાશ કરશે અને કરી રહ્યા છે !

રોજ બરોજ અખ્બારોમાં વાંચવા મળે છે કે કહેવાતા મુસ્લિમ લીડરો ક્યાંક આ શહેર તો ક્યાંક પેલા શહેર ઠેર ઠેર કોમી એકતાના નામ પર ક્યાંક રથયાત્રાઓનું સ્વાગત કરી રહ્યા છે, તો ક્યાંક મૂર્તિઓને હાર પહેરાવી કાફિરોને ખુશ કરીને ઈસ્લામ તથા ઈમાનથી જ નીકળી રહ્યા છે, તો ક્યાંક બાતિલ મઅબૂદોની બંદગી કરનારાઓ આગળ ઝુકી રહ્યા છે અને પોતાની જહન્નમને રિઝર્વ કરાવી રહ્યા છે. એટલા માટે કે એ રીતે મુસ્લિમ કૌમ સલામત રહે ! અરે ! જેટલાં આવાં કામો થઈ રહ્યાં છે એટલી મુસીબતો મુસ્લિમો પર વધી રહી છે. શા માટે એ ધંધા કરીને કૌમની સાથે તથા ઈસ્લામ સાથે મઝાકો થઈ રહી છે, શું ખુદા પર એમને ભરોસો નથી ? સર્વ કાંઈ આપનાર તો અલ્લાહ છે પછી શા માટે આવાં ધટીંગો થઈ રહ્યાં છે ? હા ! શરીઅતના વર્તુળમાં રહીને એકબીજા સાથે સહકારથી સુમેળથી રહેવું જોઈએ, પણ જે દીનને ખાતર તમને સતાવવામાં આવી રહ્યા છે તે દીનને જ ત્યજીને જહન્નમ વહોરી લેવી એ ક્યાંની બુદ્ધિ છે ?! ભલે પછી કોઈ કહે કે, "અમે તો દિલથી નહીં કેવળ દેખાડવા ખાતર જ આવું કરીએ છીએ." તો પણ એ કામો કરનારા જે ઉપર દર્શાવ્યાં ઈમાન તથા ઈસ્લામથી નીકળી જનારા છે, તેઓ જો સમજે તો હજીય જાહેરમાં તૌબા કરી લઈ એવાં ઈસ્લામ તથા ઈમાન વિરૂધ્ધનાં કામોથી દૂર થઈ જાય.

ઈમામે હુસૈનની જિંદગીથી બોધગ્રહણ કરો કે તેમણે તો કેવળ ગુનાહોના બજારને ગરમ ન થવા દેવા માટે, અલ્લાહના કાનૂનનું માન સચવાઈ રહે, શરીઅત પર અમલ થતો રહે, દારૂ, જુગાર, બેહયાઈ, બદ્કિરદારી, ઝિનાખોરી ન ફેલાઈ એ માટે જ પોતાનું સર્વસ્વ કુર્બાન કરી આપ્યું અને તમે રાજકરણમાં આગળ આવવા માટે કે બે કોડીની દૌલત કે દુનિયવી વાહવાહ માટે ખૂદ પોતાના ઈમાનને જ કુર્બાન કરી રહ્યા છો ?!

## શું તમે સાચા હુસૈની જ છો કે ઢોંગ કરી રહ્યા છો ?!

અય ઈમામે હુસૈનના આશિકો ! ઈમામે હુસૈને શરીઅતની રક્ષા કાજે જ કર્બલાની તપતી ધરતી

પર ત્રણ દિવસના ભૂખ્યા પ્યાસા પોતાના મુજાહિદ સાથીઓને એક પછી એક શહીદ થવા દીધા, આ છે રસૂલે પાકના જિગરના ટુકડા, હઝરત ફાતેમાના દુલારાઓ, અહલે બયઅતના ગુલશનનાં ફૂલો એક પછી એક કચડાઈ રહ્યાં છે, ઈમામે હુસૈન તેમની તડપતી લાશોને જોઈ રહ્યા છે, હઝરત અબ્દુલ્લાહ બિન મુસ્લિમ બિન અક઼ીલ આવ્યા, જાંબાઝીથી દુશ્મનો સામે લડયા છેવટે શહાદતનો જામ પી લીધો, પછી હઝરત જાફર બિન અક઼ીલ આવ્યા શહીદ થઈ ગયા, હઝરત અબ્દુર્રહ્‌માન બિન અક઼ીલ આવ્યા અને લડતા લડતા શહીદ થઈ ગયા, અબ્દુલ્લાહ બિન અક઼ીલ આવ્યા અને શહીદ થઈ ગયા. મુહમ્મદ ઈબ્ને અલી આવ્યા બહાદુરીથી લડયા છેવટે શહીદ થયા, હઝરત ઉષ્માન ઈબ્ને અલી, અબ્દુલ્લાહ ઈબ્ને અલી, હઝરત જાફર ઈબ્ને અલી, હઝરત અબ્બાસ, હઝરત ક઼ાસિમ ઈબ્ને હસને મુજતબા, હઝરત અલી અકબર, હઝરત અલી અસ્ગર સર્વ શહાદતનો જામ પીતા રહ્યા. છેવટે ઈમામે હુસૈન رضی اللہ عنہ પણ કેટલાય ગદ્દારોને જહન્નમની રાહ પકડાવી શહીદ થઈ ગયા. ઈન્નાલિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન

નાનાજાનની શરીઅતની રક્ષા કાજે ઈમામે હુસૈન رضی اللہ عنہએ પૂરા ખાનદાનને શહીદ કરી નાખ્યું છેવટે પોતે પણ શહીદ થઈ ગયા અને દીને હક્કની રક્ષા કાજે લોહીના અંતિમ ટીપા સુધી ઝઝુમતા રહ્યા. આવી શહાદતનો વિ□માં કોઈ જોટો નથી જેથી જ આપને "શહીદે આ'ઝમ" કહેવામાં આવે છે.

અગર મુસલમાનોમાં થોડી પણ શરમ બચી હોય તો એ જ **“શહીદે આ’ઝમ”ની યાદ મનાવવાના બહાને ધાંધલ ધમાલના પ્રોગ્રામો કરીને અને તાઝીયાદારીની રસમ કે જેમાં અસંખ્ય શરીઅત વિરૂધ્ધ કામો થાય છે અને શીઆઓની દેખા દેખી હાય પીટના, ગાવા વગાડવાના, નાચવા કૂદવાના પ્રોગ્રામ થાય છે તે બંધ કરીને પોતાની જિંદગીની હાલત વિશે દિલમાં ઝાંકીને વિચારવું જોઈએ** કે શું હું ખરેખર જે કારણે ઈમામ હુસૈન શહીદ થયા તેવાં ખોટાં કામોથી દૂર રહીને ઈમામે હુસૈનની રૂહને ખુશ કરી રહ્યો છું કે પછી યઝીદી કામો કરીને ઈમામે હુસૈનની રૂહને નારાજ કરી રહ્યો છું ?! પોતાનું જ પોતે મનન કરીને સાચા હુસૈની બનવા કોશિશ કરવી જોઈએ. **કેવળ રસમ પૂરતી યાદો મનાવવામાં આવે અને “યા હુસૈન”ના ફક્ત નારાઓ મારવામાં આવે, ઈસ્લામમાં હરામ એવા ઘોડાનાં પૂતળાં બનાવીને મહોલ્લે મહોલ્લે કૂદવામાં આવે, તાઝીયા બનાવી તેના સરઘસો બેન્ડબાજા સાથે કાઢી તેની નીચે આળોટવામાં આવે, મર્દ ઔરતની ભીડ થાય અને દુનિયા તમાશો જુએ, એટલા માટે તેમણે શહાદત નથી વહોરી ! બલ્કે નાના જાનની શરીઅતને આંચ ન આવે, તેના પર અમલ થાય એટલે જ શહાદત વહોરી હતી,** માટે સાચો હુસૈની તે જ ગણાશે જે આપના મકસદને કામયાબ કરવા પ્રયત્નો કરે, શરીઅત પર ચાલે તથા લોકોને તેની તાકીદ કરે.

**શાહ અસ્ત હુસૈન બાદશાહ અસ્ત હુસૈન**
**દીં અસ્ત હુસૈન દીં પનાહ અસ્ત હુસૈન**
**સર દાદ ન દાદ દસ્ત દર દસ્તે યઝીદ**
**હક્ક આં કે બિનાએ “લાઈલાહ” અસ્ત હુસૈન**

*-(સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

-કાર્યાલય

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

وَمَا يُعَلِّمٰنِ مِنْ اَحَدٍ حَتّٰى يَقُوْلَآ اِنَّمَا نَحْنُ فِتْنَةٌ فَلَا تَكْفُرْ
فَيَتَعَلَّمُوْنَ مِنْهُمَا مَا يُفَرِّقُوْنَ بِهٖ بَيْنَ الْمَرْءِ وَزَوْجِهٖ وَمَا هُمْ
بِضَآرِّيْنَ بِهٖ مِنْ اَحَدٍ اِلَّا بِاِذْنِ اللّٰهِ وَيَتَعَلَّمُوْنَ مَا يَضُرُّهُمْ
وَلَا يَنْفَعُهُمْ وَلَقَدْ عَلِمُوْا لَمَنِ اشْتَرٰىهُ مَا لَهٗ فِى الْاٰخِرَةِ مِنْ
خَلَاقٍ وَلَبِئْسَ مَا شَرَوْا بِهٖٓ اَنْفُسَهُمْ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ﴿١٠٢﴾
وَلَوْ اَنَّهُمْ اٰمَنُوْا وَاتَّقَوْا لَمَثُوْبَةٌ مِّنْ عِنْدِ اللّٰهِ خَيْرٌ لَوْ كَانُوْا
يَعْلَمُوْنَ ﴿١٠٣﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقُوْلُوْا رَاعِنَا وَقُوْلُوا انْظُرْنَا
وَاسْمَعُوْا وَلِلْكٰفِرِيْنَ عَذَابٌ اَلِيْمٌ ﴿١٠٤﴾ مَا يَوَدُّ الَّذِيْنَ كَفَرُوْا مِنْ
اَهْلِ الْكِتٰبِ وَلَا الْمُشْرِكِيْنَ اَنْ يُّنَزَّلَ عَلَيْكُمْ مِّنْ خَيْرٍ مِّنْ
رَّبِّكُمْ وَاللّٰهُ يَخْتَصُّ بِرَحْمَتِهٖ مَنْ يَّشَآءُ وَاللّٰهُ ذُو الْفَضْلِ
الْعَظِيْمِ ﴿١٠٥﴾ مَا نَنْسَخْ مِنْ اٰيَةٍ اَوْ نُنْسِهَا نَاْتِ بِخَيْرٍ مِّنْهَآ اَوْ
مِثْلِهَا اَلَمْ تَعْلَمْ اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿١٠٦﴾ اَلَمْ تَعْلَمْ اَنَّ
اللّٰهَ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَا لَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ
مِنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ ﴿١٠٧﴾ اَمْ تُرِيْدُوْنَ اَنْ تَسْئَلُوْا رَسُوْلَكُمْ
كَمَا سُئِلَ مُوْسٰى مِنْ قَبْلُ

**તર્જુમો** : અને (કાંઈ) ન શીખવાડતા હતા તેઓ બંનેવ કોઈને જ્યાં સુધી ન કહી લેતા કે અમે તો નર્યા આજમાઈશ છીએ (એના પર અમલ કરીને) કુફ્ર ન કરશો (તેમ છતાં) લોકો શીખતા રહ્યા અને બંનેવથી તે માત્ર[૧૧૮] જેનાથી જુદાઈ નાખતા હતા પતિ તથા તેની પત્નીમાં, અને તેઓ નુકસાન નથી પહોંચાડી શક્તા પોતાના જાદૂ વડે અલ્લાહની મરજી વિના[૧૧૯]. અને તેઓ શીખે છે તે ચીજ જે નુકસાનકર્તા છે તેમના માટે, અને તેમને નથી ફાયદો પહોંચાડી શક્તી. અને તેઓ સારી રીતે જાણે છે કે જેણે એનો સોદો કર્યો તેના માટે આખેરતમાં (અલ્લાહની રહમતથી) કોઈ હિસ્સો નથી. અને ઘણી જ બુરી છે તે ચીજ વેચી છે તેમણે જેના બદલામાં પોતાની જાનો (ની ભલાઈને) કાશ ! તેઓ કાંઈક જાણતા !

અને જો તેઓ ઈમાન લાવતા અને પરહેઝગાર બનતા તો (તેનો) સવાબ અલ્લાહને ત્યાં ઘણો જ સારો હોત, કાશ ! તેઓ કાંઈક જાણતા. હે ઈમાનવાળાઓ ! (મારા હબીબ ﷺ સાથે વાત કરતી વખતે) "રાઈના" ન કહ્યા કરો[૧૨૦] બલ્કે "ઉન્ઝુરના" કહો અને (તેમની વાત પહેલેથી જ) ધ્યાનપૂર્વક સાંભળ્યા કરો[૧૨૧] અને કાફિરોના માટે દર્દનાક અઝાબ છે. નથી પસંદ કરતા તે લોકો જેઓ કાફિર છે અહલે કિતાબથી અને ન મુશ્રિક કે ઉતારવામાં આવે તમારા પર કાંઈક ભલાઈ તમારા રબની

તરફથી[૧૨૨]. અને અલ્લાહ ખાસ ફર્માવી લે છે પોતાની રહમતની સાથે જેને ચાહે છે અને અલ્લાહ તઆલા ઘણો ફઝલવાળો (કરનારો) છે. જે આયત અમે મન્સૂખ (રદ) કરી દઈએ છીએ અથવા ભૂલાવી દઈએ છીએ તો લાવીએ છે (બીજી) એનાથી બેહતર અથવા (કમસેકમ) એના જેવી[૧૨૩]. શું તમને ઈલ્મ નથી કે અલ્લાહ તથા સર્વ કાંઈ કરી શકે છે ? શું તમે નથી જાણતા કે અલ્લાહના જ માટે છે બાદશાહી આસ્માનો તથા જમીનની, અને તમારો અલ્લાહના સિવાય કોઈ યાર તથા મદદગાર નથી. શું તમે (એવું) ચાહો છો કે પૂછો પોતાના રસૂલથી (એવા સવાલો) જેવા પૂછવામાં આવ્યા મૂસાથી આથી પહેલાં ?[૧૨૪]

એટલા માટે અલ્લાહ તઆલાએ બે ફરિશ્તા નાઝિલ કર્યા જેઓ લોકોને જાદૂની અસલિય્યતથી માહિતગાર કરે જેથી તેઓ સરળતાપૂર્વક જાદૂની છેતરપીંડી તથા મો'જિઝાની હકીકતમાં તફાવત કરી શકે. અને જો તેમણે જાદૂ શીખીને એના પર અમલ કરવાનું શરૂ કરી આપ્યું તો એ તેમની પોતાની ગલતી હતી, ફરિશ્તાઓ તો તેમને સ્પષ્ટપણે બતાવી આપતા કે અમને તો કેવળ તમને અજમાવવા માટે મોકલવામાં આવ્યા છે. જો તમે જાદૂ પર અમલ શરૂ કરી આપ્યો તો સારી પેઠે સાંભળી લો કે ઈમાન ચાલ્યુ જશે અને કાફિર થઈ જશો.

અમુક મુફસ્સિરોએ લખ્યું છે કે يعلمانનો મકસદ એ નથી કે તે બાકાયદા સહર (જાદૂ)ના ઉસૂલ તથા કાયદાઓનો દર્સ આપ્યા કરતા, તેના શાખાકિય નિયમો તેમને મોઢે કરાવ્યા કરતા બલ્કે અહીં يَعَلِّمَانِએ يُعْلِمَانِના અર્થમાં છે જેનો મસ્દર (નીકળવાની જગા) اعلامછે. *(કુર્તબી)* એનો ભાવાર્થ છે : જતાવવું, માહિતગાર કરવું. એટલે કે તેઓ જાદૂની ખરાબીઓ તથા નુકસાનોથી તેમને માહિતગાર કરતા જેથી તેઓ તેનાથી પરહેઝ કરી શકે.

**૧૧૮.** જાદૂનો જે મંત્ર એમનામાં ખૂબ જ પ્રિય બની ચૂક્યો હતો તે એ હતો જેનાથી પતિ પત્નીમાં બગાડ પેદા થાય જેથી તેઓ તેણીને ધોકાથી ઈશ્કની જાળમાં ફસાવી લે. આ રીતે તેઓ હરામકારીનું બજાર ગરમ રાખતા. કુર્આનનો મો'જિઝો જુઓ કે તેમના કિરદારના ચેહરા પર જે બદ્નામીના ધબ્બાનો નિર્દેશ ૧૪૦૦ વરસો પહેલાં કુર્આને કર્યો તેને આજે તેઓ ખૂદ પોતાની તેહકીકના આઈનામાં પોતાની આંખો વડે જોઈ રહ્યા છે. જ્યૂશ ઈન્સાકલોપિડિયાનું આ લખાણ વાંચો : "જાદૂની સૌથી અધિક મધ્યમ સ્થિતિ એ નક્શની હતી જે ઈશ્કો મહોબ્બતને માટે આપવામાં આવતો હતો. ખાસ કરીને તે નક્શ જે નાજાઈઝ પહેચાનોના માટે લખવામાં આવતો હતો." *(જ્યૂશ ઈન્સાક્લોપિડિયા, ભાગ–૮, પેજ–૬૫૫, તફસીરે માજિદી)*

**૧૧૯.** આયતના આ હિસ્સામાં બતાવવામાં આવી રહ્યું છે કે જાદૂ અને એના પર લાગુ થનારી અસરોનો આપસમાં સંબંધ એવો જ છે જેમ કે સબબ તથા મુસબ્બબ (સબબ પેદા કરનાર). અને સબબ ત્યારે જ પોતાની અસર પ્રદર્શિત કરે છે જ્યારે અલ્લાહનો હુકમ હોય. અને જો હુકમ ન હોય તો સબબ નિષ્ક્રિય થઈ જાય છે. જાણવા મળ્યું કે જાદૂ એવી ચીજ નથી જે અલ્લાહ તઆલાની મરજી ઉપર પણ સવાર થાય, અને જો તે ન ચાહે તો પણ જાદૂની અસર થઈને રહે. દરેક પ્રકારનો ઈખ્તિયાર રાખનારી તો તે જાત છે જેના હુકમ તથા ઈજાઝત પર દરેક ચીજના વજૂદ તથા અનઅસ્તિત્વનો આધાર છે. જાદૂ પર પણ જો અસરો ઊભી થાય છે તો તે આપોઆપ નથી બલ્કે અલ્લાહનો હુકમ મળ્યા બાદ થાય છે. હવે અહીં એ સવાલ પેદા થાય છે કે જ્યારે જાદૂ હરામ છે તો પછી એના પર અસરો ઊભો થવાનો અલ્લાહ તઆલા હુકમ જ શાથી આપે છે ? એના માટે એક ચીજ હમેશાં ધ્યાનમાં રાખવી જોઈએ કે અલ્લાહ તઆલાના ઈરાદા તથા મરજી

અને તેના હુકમ તથા રઝામાં મોટો તફાવત છે. એ કોઈ બુરી ચીજનો હુકમ નથી આપતો અને ન તેને કરવાથી ખુશ થાય છે, હા ! ઉપસ્થિત મસ્લેહતોના કારણે એ ચીજોથી તેની મશિય્યત (મરજી) સંબંધિત રહે છે. તેણે એ હુકમ નથી આપ્યો કે કોઈ સૂતેલા નિર્દોષનું માથુ અલગ કરી દો, પરંતુ તેના હુકમ વિના ન માથુ કપાય છે ન મૌત આવે છે. એ જ પ્રમાણે ખુદાની બારગાહના નિકટવર્તીઓને તકલીફ પહોંચાડવી અને તેમને કત્લ કરવું તેની મશિય્યત (મરજી)થી અસ્તિત્વમાં આવે છે પરંતુ તેણે ન તેનો હુકમ આપ્યો છે ન એવા ગુનાહોથી ખુશ થાય છે. આ હુકમ તથા મશિય્યતમાં તે મસ્લેહતો તથા રહસ્યો હોય છે જેને વર્ણન કરવાથી કલમની જીભ લાચાર હોય છે. આ રહસ્યના ચહેરાથી જરા સરખો પર્દો હઝરત ખિઝરે સરકાવ્યો હતો તો હઝરત કલીમ عليه السلام સહી ન શક્યા, તો તમે અને અમે શું ગણત્રીમાં છીએ !

બાકી રહી તે રિવાયત કે ઝોહરા નામની કુકર્મી સ્ત્રીએ એ બંનેવ ફરિશ્તા હારૂત તથા મારૂતને પોતાના ઈશ્કની જાળમાં સપડાવી લીધા અને તેણીના કહેવા પર બંનેવે શરાબ પીધી અને બદ્કારી કરી અને હવે તેઓ બાબિલના કૂવામાં ઊંધા લટકેલા છે. **એ રિવાયત ઉલમાએ મુહક્કિકીનની નજીક મરદૂદ તથા અમાન્ય છે.** (રાઝી) અને રૂહુલ બયાનના લેખક **અતિ અફસોસ સાથે લખે છે કે, કાશ ! આવી બેહૂદા રિવાયતોથી મુસલમાનોની કિતાબો પાક હોત.**

**૧૨૦.** "રાઈના" દ્રિઅર્થી શબ્દ છે. એનો એક અર્થ તો એ છે કે અમારી પર કૃપા કરશો. અને સહાબાએ કિરામ બારગાહે રિસાલતમાં જ્યારે હાજર થતા અને હુઝૂરે અકરમ ﷺના કોઈ મુબારક આદેશને સારી રીતે સમજી ન શક્તા તો અર્ઝ કરતા "રાઈના" હે અલ્લાહના હબીબ ! અમે સારી રીતે સમજી નથી શક્યા, અમારા પર કૃપા કરો ! ફરીવાર સમજાવો. પરંતુ યહૂદીની ઈબ્રાની ભાષામાં એ જ શબ્દ એવા અર્થમાં વપરાતો હતો જેમાં ગુસ્તાખી તથા બેઅદબી જોવા મળતી. અલ્લાહ તઆલાને પોતાના મહબૂબની ઈજ્જત તથા તા'ઝીમનો ત્યાં સુધી લેહાઝ છે કે એવા શબ્દનો ઉપયોગ પણ મના કરી આપ્યો જેમાં ગુસ્તાખીનો સાયો સુદ્ધાં પણ હોય. જેમ કે ઉલમાએ કિરામે તસ્રીહ (સ્પષ્ટતા) કરી છે :–

(અર્થ) : **"આ આયતથી સાબિત થયું કે દરેક તેવા શબ્દનો ઉપયોગ બારગાહે રિસાલતમાં મના છે જેમાં તૌહીન તથા બેઅદબીની શક્યતા હોય."** *(કુર્તબી)* ઈમામ માલિકે તો એવા શખ્સને હદ્દે કઝફ (કોરડા મારવાનો) હુકમ આપ્યો છે.

**૧૨૧.** "રાઈના"ની જગાએ "ઉન્ઝૂરના" (એટલે અમારા પ્રતિ કૃપા દૃષ્ટિ કરો !) કહ્યા કરો. કેમ કે આ શબ્દ દરેક પ્રકારની ખરાબીની શક્યતાઓથી પાક છે વઈસ્મઊ (**واسمعوا**)નો હુકમ આપીને એવી ચેતવણી આપી દીધી કે જ્યારે મારો રસૂલ તમને કાંઈક સંભળાવી રહ્યો હોય તો એક ચિત્તે સાંભળો. જેથી "ઉન્ઝૂરના" કહેવાનો વારો જ ન આવે. કેમ કે એ પણ તો શાને નબુવ્વતને યોગ્ય નથી કે એક એક વાત તમે વારંવાર પૂછયા કરો ! આ અદબનો કમાલ અને તા'ઝીમની હદ છે જેની તા'લીમ અર્શ તથા ફર્શના માલિકે મુસ્તફા ﷺના ગુલામોને આપી. હવે જે લોકો હુઝૂરે કરીમ ﷺને કેવળ મોટા ભાઈ જેટલી હેસિયત આપે છે અથવા પોતાના જેવા માનવ (બશર) સાબિત કરવામાં પોતાની સર્વ કાબેલિયતો ખર્ચી કાઢે છે તેઓ પોતાનો અંજામ પોતે જ વિચારી લે :–

અદબ ગાહેસ્ત ઝેરે આસ્માં અઝ અર્શ નાઝુકતર
નફ્સ ગુમકર્દા મી આયદ જુનૈદો બાયઝીદ ઈંજા

**૧૨૨.** યહૂદીઓને એ રંજ હતો કે નબુવ્વત જે

એમનામાં વારસાગત હતી તે બની ઈસ્માઈલને શાથી મળી ? અને મુશ્રિકોને એ સદમો હતો કે નબીની પસંદગી મક્કા તથા તાઈફના રઈસોમાંથી કેમ ન કરવામાં આવી ? અબ્દુલ મુત્તલિબના યતીમ પૌત્રની પસંદગી તેમની જાહેર જોતી નિગાહોમાં હરગિઝ બેસતી ન હતી. અલ્લાહ તઆલા ફર્માવે છે કે આ મારો પોતાનો ફઝલો કરમ છે, જેને ચાહું સરફરાઝ કરું, તમારી સલાહની અહીં જરૂરત છે ન અવકાશ !

**૧૨૩.** યહૂદીઓ ભોળાભાળા મુસલમાનોના ઈમાનને ડગમગાવવા માટે વિવિધ શંકાઓ રજૂ કરતા. તેમાંથી એક એ હતું કે, "કુર્આન આજે એક હુકમ આપે છે કાલે તેને બદલી નાખવામાં આવે છે અને એક બીજા હુકમ પર અમલ કરવાના માટે કહેવામાં આવે છે. એવું કરવું અલ્લાહ તઆલાની શાનને લાયક નથી, એટલા માટે કુર્આન ખુદાની કિતાબ જ નથી." આ શંકાની રદમાં આ આયત નાઝિલ થઈ. નસ્ખ એ ફિકહના ઉસૂલની ખાસ ઈસ્તેલાહ (બોલી) છે જેનો અર્થ છે : અલ્લાહ તઆલાએ જે હુકમ પહેલાં નાઝિલ કર્યો હતો તે હમેશાં માટે ન હતો, બલ્કે એક ખાસ સમયના માટે હતો. જ્યારે તેનો સમય પૂર્ણ થયો તો બીજો હુકમ લાગુ પાડીને પ્રથમ હુકમની નિયત મર્યાદાના ખત્મ થવાનું એલાન કરી દેવામાં આવ્યું. એમાં કોઈ પ્રકારની ખરાબી નથી બલ્કે એ અયન હિકમત છે. કેમ કે અરબ જેવી આવારા તબિઅતવાળી કૌમને કાનૂન તથા નિયમોની પાબંદ કરવાના માટે જ તબક્કાવાર પગલાં લેવાની જરૂર હતી તે છુપી વાત નથી. એટલા માટે જો અમુક પ્રારંભિક હુકમો જે કેવળ સંજોગોની મસ્લેહતને અનુરૂપ લાગુ પાડવામાં આવ્યા હતા તેને બાદમાં રદ કરી દેવામાં આવ્યા અને તેની જગાએ બીજા હુકમો જે હવે તેમની ક્રમબદ્ધ સમજશક્તિ પ્રમાણે છે તે લાગુ પાડી દેવામાં આવ્યા, તો એ તદ્દન દુરુસ્ત છે. આયતનો આ ટુકડો نات بخیرمنها એ વાત પ્રતિ સ્પષ્ટ નિર્દેશ છે. છેવટમાં સર્વ વાંધો ઉઠાવનારાઓનાં મોઢાં બંધ કરવાના માટે એ પણ ફર્માવ્યું કે હું કાદિરે મુત્લક છું જે ચાહું કરું ! તમને વાંધો ઉઠાવવાનો શું અધિકાર છે ? (વધુ વિગતના માટે જુઓ હકીરની કિતાબ સુન્નતે ખૈરુલ અનામ ﷺમાં નસ્ખની ચર્ચા)

**૧૨૪.** યહૂદીઓ મુસલમાનોને વિવિધ પ્રકારના સવાલો કરવા માટે ઉશ્કેરતા, તો અલ્લાહ તઆલાએ મુસલમાનોને એવું કરવાથી સખ્તીની સાથે મના કર્યું, કે મારા હબીબ ﷺ સાથે યહૂદીઓની જેમ વાતચીત ન કર્યા કરો, નહીં તો ગુમરાહ થઈ જશો. જે કામો કરવાનો હુકમ આપવામાં આવે તેને કરો અને જેનાથી રોકી દેવામાં આવે તેનાથી દૂર રહો. અને જે બાબતો વિશે અલ્લાહ તથા રસૂલે મૌન દર્શાવ્યું છે તેને ન છેડો, એમાં તમારી સલામતી છે.

**બીજા તરફથી કુર્બાની કરવી કેવી ?**

જેમના પર માલદાર સાહિબે નિસાબ હોવાના કારણે કુર્બાની વાજિબ હોય તેઓ કુર્બાનીના સમયે પોતાના બદલે પોતાના માતા પિતા અથવા બુઝુર્ગોને દીનના નામે લઈ તેમના તરફથી કુર્બાની કરે છે જે ખોટું છે. જેના પર કુર્બાની વાજિબ હોય સૌ પ્રથમ તે પોતાના તરફથી કુર્બાની કરે. ત્યાર પછી અગર શક્તિ ધરાવતો હોય તો મોટા જાનવરમાં અથવા (બીજા સાથે) ભાગ લઈ અથવા બીજા જાનવરની, બુઝુર્ગોને દીન અથવા પોતાના માતા પિતા (જીવીત) હોય કે મૃત્યુ પામેલા તરફથી કુર્બાની કરે. સરકારે દો આલમ ﷺના નામ પર કુર્બાની કરવામાં ઘણી જ ફઝીલત છે પરંતુ જ્યારે તેના પર કુર્બાની વાજિબ છે તો સૌ પ્રથમ પોતાના તરફથી કરે, નહીં તો પોતાની કુર્બાની છોડવાને લીધે ગુનેહગાર થશે. **રજૂ. ઈમરાન રઝા-દયાદરા**

દર્સે હદીષે પાક

મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૩૫ ★

હઝરત અબૂહુરૈરહ رضى الله عنه થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "એવું નથી હોતુ કે ઝાની (વ્યભિચારી) ઝિના (વ્યભિચાર) કરવાની હાલતમાં મો'મિન હોય[૧], અને ન એવું કે ચોર ચોરી કરવાની હાલતમાં મો'મિન હોય અને ન એ કે શરાબી શરાબ પીવાની હાલતમાં મો'મિન હોય અને ન કે ડાકૂ ડાકૂગીરી કરવાની હાલતમાં મો'મિન હોય કે લોકો પોતાના માલને અફસોસજનક નજરો ઉઠાવીને જોતા રહી જાય[૨], અને એ કે ખયાનત કરનાર ખયાનત કરવાની[૩] સ્થિતિમાં મો'મિન હોય. જેથી એનાથી બચો ! એનાથી બચો ! (મુસ્લિમ, બુખારી)

હઝરત ઈબ્ને અબ્બાસ رضى الله عنهما ની રિવાયતમાં આ પ્રમાણે છે કે, "એવું નથી હોતું કે ખૂની ખૂન કરવાની હાલતમાં મો'મિન હોય[૪]. હઝરત અકરમા ફર્માવે છે કે મેં ઈબ્ને અબ્બાસને પૂછયું કે, તેમનાથી ઈમાન કેવી રીતે નીકળી જાય છે ? આપે ફર્માવ્યું, "આવી રીતે !" અને પોતાની બંને આંગળીઓને મુટ્ઠી કરી દીધી પછી આંગળીઓને કાઢી[૬]. કે જો તૌબા કરે તો ઈમાન આવી રીતે પરત આવે છે[૭]. પછી આંગળી મુટ્ઠી કરી દીધી. હઝરત અબ્દુલ્લાહ[૮] ફર્માવે છે કે એ લોકો કામિલ મો'મિન નથી રહેતા અને ન એમનામાં ઈમાની નૂર રહે છે. આ બુખારીના શબ્દો છે.

હઝરત અબ્દુલ્લાહ رضى الله عنه થી રિવાયત છે. નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, **મુનાફિકની ત્રણ નિશાનીઓ છે**[૯]. મુસ્લિમે એટલો વધારો પણ વર્ણવ્યો કે, **ભલે એ રોઝા રાખે, નમાઝ પઢે.** પછી મુસ્લિમ તથા બુખારી એકમત થઈ ગયા કે, **જ્યારે વાત કરે તો જૂઠુ બોલે, વાયદો કરે તો વાયદા ખિલાફી કરે, અમાનત આપવામાં આવે તો ખયાનત કરે**[૧૦].

અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત છે, ફર્માવે છે કે ફર્માવ્યું નબી ﷺ એ કે **જેમાં ચાર અયબો**[૧૧] **હોય તે મુનાફિક છે**[૧૨] અને જેનામાં એમાંની એક અયબ હોય તે મુનાફિકની એક અયબ ગણાશે જ્યાં સુધી તેને ત્યજી ન દે, **જ્યારે અમાનત આપવામાં આવે તો ખયાનત કરે, જ્યારે વાત કરે તો જૂઠુ બોલે, જ્યારે વાયદો કરે તો તેની વિરૂધ્ધ કરે, જ્યારે લડે તો ગાળો બોલે**[૧૩].

હઝરત ઈબ્ને ઉમર رضى الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ એ ફર્માવ્યું, **મુનાફિક તે બકરીની જેમ છે જે બે બકરાઓની વચ્ચે ઘુમે**[૧૪] (આંટા મારે) ક્યારેક આ બકરા પાસે પહોંચી જાય ક્યારેક પેલા બકરાની પાસે.

## ★ સમજૂતી ★

**૧.** આ તમામ સ્થાનોએ ક્યાં તો ઈમાનનો કમાલ મુરાદ છે અથવા ઈમાની નૂર. એટલે કે આ ગુનાહો વખતે ગુનેહગારથી ઈમાનનું નૂર નીકળી જાય છે, નહીં તો આ ગુનોહ કુફ્ર નથી, ન એમાં પડનાર મુર્તદ છે. જો એવી હાલતમાં માર્યો જાય તો એ કાફિર મરશે નહીં. હદીષ શરીફમાં છે : وَاِنْ زَنٰى وَاِنْ سَرَقَ આ જ તફસીર આગલી હદીષમાં આવી રહી છે.

**૨.** એ ડાકૂને, એટલે કે ઉઘાડે છોગે માલ લૂટી લે અને માલિક સામનો કરવાની સ્થિતિમાં ન હોય અને પોતાના માલને અફસોસભરી નજરે જોતો રહી જાય કે, હાય ! અફસોસ ! અમારો માલ જતો રહ્યો ! ડાકૂગીરીમાં ત્રણ ગુનાહો થયા. પરાયા માલ પર

નાજાઈઝ કબ્જો, અલલ એલાન બીજાનો માલ છીનવી લેવો, દિલની સખ્તી કે લોકોના અફસોસ તથા આહ તથા રૂદન પર દયા ન ખાય. જેથી એ ગુનાહોનો સમૂહ થઈ. એ મો'મિનની શાનની વિરૂધ્ધ છે.

**૩.** غلول ગનીમતના માલમાં ખયાનત કરવાને કહે છે. ક્યારેક આમ જ ખયાનત માટે બોલી દેવામાં આવે છે. અહીં બીજો અર્થ અધિક જાહેર છે.

**૪.** ખૂનથી મુરાદ જુલ્મની રીતે ઈરાદાપૂર્વક ખૂન કરવું છે. નહીં તો મુજરિમને ક્યારેક કત્લ કરવો ઈબાદત છે.

**૫.** અકરમા (ઈબ્ને અબૂ જહલ) નથી બલ્કે અબ્દુલ્લાહ ઈબ્ને એબાદના આઝાદ કરેલા ગુલામ આપના ખાદિમ તથા કાતિબ છે. *(મિર્કાત)*

**૬.** એટલે કે ઈમાનનું નૂર મુસલમાનની રગ રગમાં એવી રીતે પ્રવેશ પામેલુ હોય છે જેમ કે મુટ્ઠી વાળેલી આંગળીઓ, પણ તે ગુનાહો વખતે તે નૂર અને ઈમાની હયા બિલકુલ નીકળી જાય છે.

**૭.** અમે અગાઉ જણાવી ચૂક્યા છીએ કે દરેક ગુનાહોની તૌબા અલગ અલગ છે. જેથી બંદાઓના હક્કોની તૌબામાં બંદાઓના હક્કોનું અદા કરી આપવું શર્ત છે. હસન બસરી ફર્માવે છે કે આ પ્રકારના મુજરિમને સારા લકબો સાથે ન પુકારવામાં આવે, તે اَلَّذِيۡنَ اٰمَنُوا તથા اَوۡلِيَآءُ الۡمُؤۡمِنُوۡنَના સંબોધનથી મેહરૂમ છે, હવે એમના લકબો ચોર, ઝાની તથા ફાસિક છે. *(મિર્કાત)*

**૮.** એટલે કે મુહમ્મદ ઈબ્ને ઈસ્માઈલ ઈમામ બુખારી رحمۃ اللہ علیہ

**૯.** મુનાફિકથી અકીદાને લગતો મુનાફિક મુરાદ છે. એટલે કે દિલથી કાફિર અને ઝબાનથી મુસ્લિમ. આ અયબો તેમની નિશાનીઓ છે પણ નિશાનીઓ સાથે નિશાનીઓવાળો તે જ હોવું જરૂરી નથી, કાગડો કાળો છે પણ દરેક કાળી ચીજ કાગડો નથી.

**૧૦.** એટલે કે આ મુનાફિકોનાં કામ છે, મુસલમાનોએ એનાથી બચવું જોઈએ, એવું નથી કે આ જુર્મ ખૂદ નિફાક (મુનાફિકપણુ) છે. યૂસુફ علیہ السلام ના ભાઈઓએ આ ત્રણેવ જુર્મો કર્યા હતા પણ તેઓ ન મુનાફિક થયા ન કાફિર. જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

**૧૧.** આ હદીષ પાછલી હદીષની વિરૂધ્ધ નથી. એક ચીજની ઘણી બધી નિશાનીઓ હોય છે, ક્યારેક સઘળી વર્ણન કરી દેવામાં આવે છે ક્યારેક થોડી ઘણી. જેથી એ ત્રણ પણ નિફાક (મુનાફિકપણા)ની નિશાનીઓ હતી અને આ ચાર પણ.

**૧૨.** એટલે **અમલી મુનાફિક** એટલે કે **મુનાફિકો જેવાં કામો કરવાવાળા.** જેમ કે રબ ફર્માવે છે : اَقِيۡمُوا الصَّلٰوةَ وَلَا تَكُوۡنُوۡا مِنَ الۡمُشۡرِكِيۡنَ અથવા હુઝૂર ફર્માવે છે :– مَنۡ تَرَكَ الصَّلٰوةَ مُتَعَمِّدًا فَقَدۡ كَفَرَ એટલે **બેનમાઝી હોવું અમલી કુફ્ર (કાફિરો જેવું કામ)** છે.

**૧૩.** એનાથી એ લોકોએ ઈબ્રત (બોધ) પકડવી જોઈએ જેમને ત્યાં તબર્રા તથા ગાળો બકવી ઈબાદત છે, બલ્કે અસ્લ ઈમાન છે. ઈસ્લામમાં શૈતાન, ફિરઔન તથા હામાનને પણ ગાળો આપવી બુરુ છે કે એમાં આપણી જ જીભ ગંદી થાય છે.

**૧૪.** બંનેને રાજી કરવા અને બંનેવ પાસેથી મજા માણવા તથા લાભ પામવાના માટે, જેનાથી તેનુ બચ્ચુ કોનુ છે તેની જાણ ન થાય. યાદ રાખશો કે **કાફિર તથા મુસલમાન સૌને રાજી કરવાની કોશિશમાં રહેવું ખતરનાક બીમારી છે જેનાથી તેનો પોતાનો કોઈ દીન રહેતો નથી.** એટલા માટે અહીં આવી ગંદી ચીજ સાથે સરખામણી આપવામાં આવી છે જેથી કરીને દિલોમાં એનાથી નફરત પેદા થાય. **આ નિફાક (મુનાફિકપણા)માં આજકાલ ઘણા બધા ''સુલેહકુલ્લી'' મુસલમાનો સંડાવાયેલા છે.** કેટલાક બુદ્ધિજીવીઓને ત્યાં તકીયા કરીને (છુપી ટ્રિક વડે) કાફિર તથા મો'મિન સૌને ખુશ કરી દેવા અને દરેકથી લાભ ઉઠાવવો ઈબાદત છે. **ખુદા આવી શૈતાની ઈબાદતથી બચાવે !**

# फतवा -कार्यालय विभाग

## કુટુંબ નિયોજન વિશે ઈસ્લામમાં શું હુકમો છે ?

**સવાલ** : શું ફર્માવે છે ઉલમાએ દીન અને મુફ્તિયાને શરએ મતીન નીચેના મસ્અલા વિશે :–

**(૧)** શીઆ ધર્મના આલિમ અને ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લોના સિનિયર નાયબ પ્રમુખ મૌલાના સૈયદ કલ્બે સાદિકનું આ બયાન કે મુસલમાનો પણ ઈરાની હુકૂમત જેમ કુટુંબ નિયોજનને અપનાવી લે કારણ કે એ ઈસ્લામ વિરૂધ્ધ નથી. આ વાત કેટલી સાચી છે ? આપણા હનફી મસ્લકમાં કુટુંબ નિયોજન તથા નસબંધી વિશે જાઈઝ તથા નાજાઈઝની શું સ્થિતિઓ છે ? સ્પષ્ટ ફર્માવશો.

**(૨)** ઝૈદનું કહેવું છે કે અધિક બાળ બચ્ચાં એટલે કે એક પછી એક બાળકો પૈદા કરવાનો ઈસ્લામે હુકમ નથી આપ્યો, ઔલાદને કત્લ કરવાથી રોક્યા છે, માંની કૂખમાં બાળકને મારવું પણ ગુનો છે. કોઈ દંપતિ સાવચેતીનો જૂનો રસ્તો (અઝ્લ એટલે વિર્ય સ્ખલન વેળા જૂદા થઈ જવું) અથવા નવો રસ્તો કોંડમ વગેરેનો ઉપયોગ કરી નાનું ખાનદાન રાખવા ઈચ્છે છે જેથી કરી પોતાનાં બાળ બચ્ચાંને સારી રીતે પાળે પોષે અને જ્ઞાન અપાવે, તો એ ગૈર ઈસ્લામી કઈ રીતે થશે ? અને શું આ ઈસ્લામી તરીકો થશે કે એક પછી એક અધિક બાળકો દુબળાં, પાતળાં, કમજોર પૈદા કરી તેઓને સારા પોષણ તથા સંસ્કારથી વંચિત કરી દેવામાં આવે અને ડઝનબંધી બાળકોની માં કમજોર થઈ સમય પહેલાં જ વૃદ્ધ થઈ જાય અથવા મૃત્યુના મુખમાં પહોંચી જાય ? શું ઝૈદનું ઉપરોક્ત બયાન બરાબર છે ? શરીઅતની રોશનીમાં જવાબ આપશો.

**જવાબ** : નસબંધી તથા ખસ્સી થવું શરીઅતની દષ્ટિએ અમુક કારણોસર હરામ છે પ્રથમ એ કે એ અલ્લાહની પૈદા કરેલ વસ્તુમાં ફેરફાર છે અને અલ્લાહની મખ્લૂકમાં ફેરફાર **હરામ** જે કુર્આનથી સાબિત છે. બીજું એ કે એમાં વિના જરૂરતે બીજો માણસ સતર જુએ છે અને અડકે છે જે **સખત બેહયાઈ** તથા **હરામ** છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : "બેશક ! અલ્લાહ બેહયાઈનો હુકમ નથી આપતો." ત્રીજું એ કે શરઈ જરૂર વિના માણસના અંગને કાપવામાં આવે છે જે **હરામ** છે. નસબંદી તથા ખસ્સી થવું ગર્ભ રોકવા માટેની કાયમી તદબીર છે અને શરીઅતે પાક આવી કોઈપણ તદબીરથી સખત રીતે રોકે છે જેનું પરિણામ કાયમી વંશવેલો ખતમ કરી નાખવું હોય. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, ઈસ્લામમાં ખસ્સી થવાની રજા નથી.

એ જ રીતે ગર્ભ રોકવા માટે એવી દવાનો ઉપયોગ પણ જાઈઝ નથી જે સ્ત્રીને વાંઝણી બનાવી દે અને તેની ગર્ભ શક્તિ કાયમ માટે ખતમ કરી દે. ગર્ભ રોકવા માટે ટેમ્પરરી આસાન તથા નુકસાન ન કરે તેવી એક સ્થિતિ "અઝલ" છે એટલે સંભોગમાં વિર્ય સ્ખલન પહેલાં પત્નીથી અલગ થઈ જાય અને વિર્ય બહાર કાઢે. જો પત્ની રજા આપે અને મજબૂરી હોય તો ઉપરોક્ત સ્થિતિ કરાહત વિના જાઈઝ છે. આમ સહાબા, ફુકહાનો આ જ મસ્લક અને શરીઅત તથા મસ્લકે હનફીમાં પણ આ જ ચાલ્યુ આવ્યું છે અને નિરોધ (Condom)નો ઉપયોગ પણ ઉપરોક્ત સ્થિતિ (અઝ્લ)ના હુકમમાં જ છે. ગર્ભ રોકનાર દવાઓ વિશે પણ ડોકટરોનું કહેવું છે અને અનુભવ પણ છે કે ૩૫થી ઉપરની વયવાળી સ્ત્રીઓ

માટે હાનિકારક છે. એ જ રીતે જે સ્ત્રીઓને કમરા તથા શુગર (ડાયાબિટિશ)ની બીમારી હોય છે તેમને પણ નુકસાન કરે છે. ઉપથી ઓછી વયની સ્ત્રીઓને ઓછી હાનિકારક છે, માટે મજબૂરીની હાલતમાં પણ દવાનો ઉપયોગ મના છે. અને જે પ્રકારની તકલીફ તથા નુકસાન હશે મનાઈ પણ એટલી જ સખત કે નરમ હશે.

એ જ રીતે ગર્ભાશયનું મુખ બંધ કરવા માટે "કોપર ટી"નો ઉપયોગ એટલે કે T ના આકારનું કોપરનું એક હલકુ સાધન જેને ગર્ભાશયના મુખ નજીક ફીટ કરવામાં આવે છે જે સ્ત્રી કે પુરૂષ ડોકટર વિના ફીટ નહીં કરી શકાય માટે આ પણ **નાજાઈઝ** છે. હા ! **ટેમ્પરરી ગર્ભ રોકવા માટે** એવો કોઈ ઉપાય અને ઈલાજ જેમાં બીજાના સતર જોવાની શક્યતા ન હોય અને કોઈ નુકસાન પણ ન હોય, દા.ત. સ્ત્રી પોતે જ ગર્ભાશયનું મોઢું બંધ કરી શકે અથવા તેનો પતિ, તેમજ શરઈ કારણ પણ મૌજૂદ હોય તથા પતિની રજા પણ હોય તો એ જાઈઝ છે.

દુર્રે મુખ્તારમાં છે :–

أخذ فى النهر هذا (اى من جواز العزل) ومرّقدمه الشارح عن الخانية و الكمال انه يجوز لها--- الخ

–(ભાગ–ર, પેજ–૪૧ર)

શરઈ કારણના દાખલા આ છે : (૧) ખોળામાં દૂધ પીતુ બાળક છે અને ગર્ભ રહેવાની હાલતમાં દૂધ ખરાબ થઈ જશે અને બાળકની તબીયત ખરાબ થશે. (ર) ગર્ભ રહ્યા પછી માંની તબિયત ખરાબ થશે. (૩) ગર્ભાશય કમજોર છે અને અનુભવથી માલૂમ થયું કે ગર્ભવતી થયા પછી ગર્ભ નીકળી જશે. (૪) બાળક અધુરું કે લાચાર પેદા થવાની શક્યતા હોય. (૫) બાપ અથવા માંને એવી બીમારી છે જેનાથી ભય હોય કે બાળક પણ એની અસર પામશે, જેમ કે એઈડઝ, દમ અથવા માંને સખત કમરા જેવી બીમારી છે. (૬) બાળજન્મ ઓપરેશનથી થાય છે અને તેણી માટે ઓપરેશનની પીડા અસહય છે અથવા ત્યાં કોઈ મુસ્લિમ સ્ત્રી ઓપરેશન કરવા સમર્થ નથી અને તેણી ગેર મુસ્લિમ સ્ત્રી મર્દ કે ઔરત પાસે ઓપરેશન કરાવવા નથી ચાહતી. (૭) બાળ જન્મ માટે ત્રણવાર ઓપરેશન થઈ ચૂકેલ છે અને હવે ફરીથી થશે તો જાનનો ખતરો છે.

આ પ્રકારની મજબૂરીઓના સબબે ગર્ભથી બચવાની ટેમ્પરરી નુકસાકારક ન હોય તેવી તદબીરો કરવી જાઈઝ છે, ગર્ભને તોડી પાડવો નાજાઈઝ તથા હરામ અને ગર્ભ રહેવાને ૧૨૦ દિવસો પસાર થઈ ચૂક્યા હોય તો એ જાનના ખૂન સમાન છે. હા ! જો ગર્ભ રહ્યા પછી પત્ની કે પતિ અથવા બંનેને એનું યકીન કે પાકી ધારણા થઈ જાય કે ગર્ભ દરમ્યાન કે ગર્ભ બહાર આવે ત્યારે પત્નીની તબીયત ગંભીર ખતરાઓથી ભેટી શકે છે અથવા તેની જાન પણ જઈ શકે છે અને હજી ગર્ભ રહેવાને ૧૨૦ દિવસ ન પસાર થયા હોય તો ગર્ભ પડાવવો જાઈઝ છે.

દુરે મુખ્તારમાં છે :–

وقالوا ايباح اسقاط الولد قبل اربعة اشهر ولو بلا اذن الزوج

અને રદુલ મુહતારમાં છે :–

نقل عن الذخيرة لو ارادت الابقاء وقبل مضى زمن ينفخ فيه الروح هل يباح لها ذالك ام لا اختلفوا فيه وكان الفقيه على بن موسىٰ يقول ! انه يكره، فان الماء بعدما وقع فى الرحم مآله الحياة،--- الخ

આ શરીઅતનો હુકમ છે. રહ્યા તે લોકો જેઓ પોલિટિક્લ પ્રોપેગન્ડાઓથી પ્રભાવિત થઈને અથવા રાજકીય લાભ ખાતર શરીઅતની આડમાં શરીઅત વિરૂધ્ધ નિવેદનો આપે છે તો મુસલમાનોએ એવાં નિવેદનો પર ન વિ□સ કરવો જાઈઝ ન એના પર અમલ કરવો જાઈઝ. વલ્લાહુ તઆલા અઅ્લમ.

**અઝ** : મુફતી આલે મુસ્તફા મિસ્બાહી *(જામિઆ અમજદિયા રઝવિય્યહ્, ઘોસી, જિ. મઉ, યુ.પી. બહવાલા : જામે નૂર, જાન્યુ–૦૬)*

દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## કયામતનું વર્ણન અને એની નિશાનીઓ

**(૨૩) દાબ્બતુલ અર્દનું નીકળવું :** આ એક આશ્ચર્ય પમાડે તેવી શક્લ-સૂરતવાળુ જાનવર છે જે સફા પહાડીમાંથી નીકળી દરેકે દરેક શહેરે વીજળી વેગે ફરશે. ઘણી સારી સ્પષ્ટ અરબી ભાષામાં વાત કરશે. એના એક હાથમાં હઝરત મૂસા علیہ السلامની લાકડી અને બીજા હાથમાં હઝરત સુલૈમાન علیہ السلامની વીંટી હશે. લાકડીથી મુસલમાનના માથા ઉપર ચમકદાર નિશાન પાડશે. અને વીંટી વડે કાફિરના માથા ઉપર કાળો ડાઘ પાડશે. તે વખતે તમામ મુસલમાન તથા કાફિર એલાનિયા જાહેર થઈ જશે એટલે સ્પષ્ટપણે ઓળખાઈ જશે. આ નિશાની કદી પણ બદલાશે નહીં, જે કાફિર હશે તે કદી ઈમાન નહીં લાવે અને જે મો'મિન-મુસલમાન હશે તે હમેશાં ઈમાન પર કાયમ રહેશે.

**(૨૪)** હઝરત ઈસા علیہ السلامની વફાત (અવસાન) પછી જ્યારે કે કયામત આવવાને ફક્ત ચાલીસ વર્ષ બાકી રહેશે ત્યારે એક ઠંડી અને સુગંધીદાર હવા ચાલશે જે લોકોની બગલોની નીચેથી પસાર થશે, જેનું પરિણામ એ આવશે કે એનાથી મુસલમાનોની રૂહ નીકળી જશે અને દુનિયામાં ફક્ત કાફિરો જ રહી જશે. એ જ કાફિરો ઉપર કયામત આવશે.

આ થોડીક નિશાનીઓનું વર્ણન કરવામાં આવ્યું, એમાંની કેટલીક જાહેર થઈ ગઈ અને કેટલીક બાકી છે. જ્યારે બધી નિશાનીઓ પૂરી થઈ જશે અને જ્યારે કે એ સુગંધીદાર હવા ચાલી જશે મુસલમાનો તેનાથી મૃત્યુ પામશે અને ફક્ત કાફિરો જ રહ્યા હશે તો તે પછી ચાલીસ વર્ષનો સમય વીતશે પરંતુ એ સમયના ગાળામાં આખી દુનિયામાં કોઈના ઘેર ઔલાદ (બાળક) પેદા નહીં થાય. એટલે કે ચાલીસ વર્ષથી ઓછી ઉંમરનો કોઈ માણસ દુનિયામાં નહીં રહેશે. અને દુનિયામાં કાફિર જ કાફિર હશે. અલ્લાહ બોલનાર કોઈ નહીં રહે. કોઈ પોતાની દિવાલ ચણતું હશે, કોઈ ખાવા પકાવતું હશે. કોઈ ખાતું હશે, મતલબ કે દરેક પોત પોતાના કામમાં લાગેલા હશે કે એકાએક અલ્લાહ તઆલાના હુકમથી હઝરત ઈસરાફીલ علیہ السلام સૂર (બ્યૂગલ) ફૂંકશે. પ્રથમ એનો અવાજ હલકો હશે, પછી ધીમે ધીમે ખૂબ જ ભયંકર થશે. લોકો કાન દઈને એ અવાજને સાંભળશે અને પછી સાંભળતાં જ બેભાન થઈ પડી જશે અને તરત જ મૃત્યુ પામશે. પછી આકાશ, જમીન, દરિયા, પહાડો એટલે સુધી કે સૂર (બ્યૂગલ) અને હઝરત ઈસરાફીલ علیہ السلامઅને તમામ ફરિશ્તાઓ ફના થઈ જશે. તે વખતે અલ્લાહ એકલાની પોતાની જાત સિવાય કંઈ જ નહીં હોય. પછી જ્યારે અલ્લાહ તઆલા ચાહશે ત્યારે ઈસરાફીલ علیہ السلامને જીવતા કરશે. અને તેમના સૂર (બ્યૂગલ)ને પણ પેદા કરી ફરીથી ફૂંકવાનો હુકમ કરશે. સૂર ફૂંકતાં જ આદીથી અંત સુધીના ફરિશ્તાઓ, મનુષ્યો, જિન્નાતો, જાનવરો તમામ ફરીથી જીવતા થઈ જશે. કબ્રવાળાઓ પોતપોતાની કબ્રોમાંથી નીકળશે. દરેકનો નામએ આમાલ (સારા-નરસાનો હિસાબ) એમના હાથમાં આપવામાં આવશે, અને હશ્રના મેદાનમાં ભેગાં કરશે. અહીં નેકી-બદીનો હિસાબ અને બદલાની રાહ જોવામાં લોકો ઊભા રહેશે. જમીન તાંબાની હશે, સૂર્ય માથાની બિલકુલ નજીક ખૂબ ગરમી આપતો હશે. સૂર્યની ગરમીને કારણે હાંડલીની જેમ માથાનાં ભેજાં ઉકળતાં હશે. જીભો સૂકાઈને કાંટો

થઈ ગઈ હશે. કેટલાકના મોઢામાંથી તેમની જીભો બહાર નીકળી ગઈ હશે. પરસેવો ખૂબ જ થશે. કોઈને ઘુંટી સુધી તો કોઈ ઘુટણ સુધી, કોઈ ગળા સુધી, તો કોઈ મોં સુધી પરસેવામાં ડૂબેલો હશે. જેનો જેવો અમલ (કરણી) હશે તેવી તેને તકલીફ હશે. પરસેવો પણ ઘણો જ દુર્ગંધ મારતો હશે. અને એવી પરિસ્થિતિમાં ઘણી જ વાર લાગશે. પચાસ હજાર વર્ષનો દિવસ હશે અને એવી હાલતમાં અર્ધો દિવસ પસાર થઈ જશે. લોકો પોતાના સિફારસી (ભલામણ કરનાર)ની શોધ કરશે કે જે આ મુસીબતથી છોડાવે, અને એમનો જલ્દી ફેંસલો થઈ જાય. બધા લોકો એક બીજાથી સલાહ મશ્વરો કરીને હઝરત આદમ عليه السلامની પાસે જશે. તેઓ કહેશે તમે હઝરત નૂહ عليه السلامની પાસે જાવ, તેઓ હઝરત ઈબ્રાહીમ عليه السلامની પાસે મોકલશે. હઝરત ઈબ્રાહીમ હઝરત મૂસાની પાસે જવાનું કહેશે. હઝરત મૂસા عليه السلامહઝરત ઈસા عليه السلامની પાસે મોકલશે. હઝરત ઈસા عليه السلامઆપણા આકા અને મૌલા રહમતે આલમ, સરદારે અંબિયા મુહમ્મદ મુસ્તફા ﷺની પાસે મોકલશે. જયારે લોકો આપણા હુઝૂરથી ફરિયાદ કરશે, અને શફાઅતની અરજ કરશે, તો હુઝૂર ફર્માવશે, ''હું એને માટે તૈયાર છું.'' આમ કહી બારગાહે ઈલાહીમાં સિજદો કરશે. અલ્લાહ તઆલા ફર્માવશે : 'અય મુહમ્મદ ! (ﷺ) માથુ મુબારક ઊંચુ કરો, કહો ! તમારી વાત સાંભળવામાં આવશે. માંગો જે માંગશો તે મળશે. શફાઅત કરો તમારી શફાઅત કબૂલ કરવામાં આવશે.

હવે હિસાબ શરૂ થશે. નેકી–બદી તોલવાના ત્રાજવામાં અમલોને તોલવામાં આવશે. **દરેક માણસના પોતપોતાના હાથ-પગ અને શરીરના અવયવો એની વિરૂધ્ધમાં ગવાહી આપશે. જમીનના જે ભાગની ઉપર જે કંઈ કામ કર્યું હશે તો તે માટે જમીનનો ભાગ તેની ગવાહી આપશે.** તે વખતે ન કોઈ દોસ્ત હશે ન મદદ કરવાવાળો. બાપ–બેટાના કામ નહીં આવે અને ન તો બેટો બાપના કામ આવશે. અમલો પૂછાઈ રહ્યા હશે, આખી જિંદગીભર જે કંઈ કામ કર્યું છે તે તેની આંખોની સામે હશે. મજાલ નથી કે પોતે કરેલા ગુનાહનો નકાર કરી શકે. કોઈની પાસેથી નેકીઓ મળવાની પણ ઉમ્મીદ નથી. એવી લાચારીના સમયે મુસીબતના ટાણે લાચારોના મદદગાર હુઝૂર પૂરનૂર મહબૂબે ખુદા ﷺ કામ આવશે. અને પોતાને માનવાવાળાઓની શફાઅત કરશે. હુઝૂરની શફાઅત ઘણા પ્રકારની હશે. ઘણા લોકો આપની શફાઅતથી વગર હિસાબે જન્નતમાં દાખલ થઈ જશે. અને ઘણા લોકો કે જેઓ દોઝખમાં જવાને લાયક ઠર્યા હશે, હુઝૂરની શફાઅતથી દોઝખથી બચી જશે. અને જે ગુનેહગાર મુસલમાનો દોઝખમાં પહોંચી ગયા હશે, તેમને હુઝૂરની શફાઅતથી દોઝખમાંથી કાઢવામાં આવશે. જન્નતીઓની શફાઅત કરીને તેમને ઊંચા દરજ્જાઓ અપાવશે. ત્યાર પછી હુઝૂરના સિવાય બાકીના નબીઓ, સહાબીઓ, આલિમો, ઔલિયા અલ્લાહ, શહીદો, હાફિઝો, હાજીઓ પણ શફાઅત કરશે. લોકો ઉલમાઓને પોતાના દુનિયવી સંબંધોની યાદ અપાવશે. **અગર કોઈએ કોઈ આલિમને વુઝૂ માટેનું પાણી લાવી આપ્યું હશે તો તે પણ યાદ અપાવીને પોતાની શફાઅત કરવા માટેનું કહેશે. તે કારણે તે તેની શફાઅત કરશે.** હદીષ શરીફમાં છે કે દોઝખીઓની લાઈન પાસે થઈને એક જન્નતી પસાર થશે તેને જોઈને એક દોઝખી કહેશે, અય ફલાણા ! શું તું મને નથી ઓળખતો ?! હું તે છું જેણે તને પાણી પાયું હતું. કોઈ દોઝખી કહેશે મેં તને વુઝૂનું પાણી આપ્યું હતું તો તેઓની તે જન્નતી શફાઅત કરશે અને એમને જન્નતમાં દાખલ કરાવશે. *(ઈબ્ને માજહ)*

આ હદીષના વિવરણમાં હઝરત મૌલાના અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه પોતાની કિતાબ લમ્આતમાં લખે છે કે, એનાથી જણાયું કે ગુનેહગારોએ દુનિયામાં નેક લોકોની મદદ અને સેવાચાકરી કરી હશે તો આખેરતમાં એનો બદલો

જરૂર મેળવશે. અને એમની શિફારિસની મદદથી જન્નતમાં જશે. જુઓ પાણી પાવું, વુઝૂ કરાવવું એ પણ કામ આવે છે અને આટલો નજીવો સંબંધ પણ ફાયદો આપશે તો પછી સગાઈ, દોસ્તી, મહોબ્બત, અકીદત કેમ કામ નહીં આવે ? હુઝૂર ﷺ ફર્માવે છે કે, "મારી ઉમ્મતમાં સૌથી પહેલાં જેની હું શફાઅત કરીશ તે મારી એહલે બૈત હશે. પછી ક્રમિક રીતે દરજ્જા પ્રમાણે બીજા સગાંઓની અને નજીકવાળાઓની." (સવાઈકે મોહર્રિક અને કલીમતુલ ઉલીયા)

**મીઝાન** : "મીઝાન (નેકી, બદી તોલવાનું ત્રાજવું) એ તદ્દન સાચું જ છે એક જાતનુ ત્રાજવું હશે જેનાં બે પલ્લાં હશે. જેના ઉપર લોકોના સારા ખરાબ કર્મોને તોલવામાં આવશે. નેકીનું પલ્લું ભારે હોવાનો મતલબ એ કે તે ઉપરની તરફ ઊંચકાશે. દુનિયામાંના ત્રાજવા કરતાં એનો નિયમ ઉલ્ટો છે.

**સિરાત** : "સિરાત"એ પણ તદ્દન સત્ય છે. આ એક પુલ (બ્રીજ) છે, જે દોઝખની ઉપર થઈને પસાર થએલો છે. એ વાળથી બારિક અને તલ્વારથી પણ વધુ ધારદાર (તેજ) છે. જન્નતમાં પહોંચવાનો આ જ એક રસ્તો છે. બધાએ એના ઉપર થઈને ચાલવું પડશે. કાફિરો ચાલી નહીં શકે અને દોઝખમાં પડી જશે. મુસલમાનો તેના ઉપરથી પસાર થઈ જશે. કેટલાક તો એટલા ઝડપી પસાર થઈ જશે કે જાણે વીજળીના ઝબકારા જેમ હમણાં આ તરફ હતા અને જોત જોતામાં તે તરફ પહોંચી પણ ગયા, કેટલાક ઝડપી હવાની જેમ, કેટલાક ઝડપી પાણીદાર ઘોડાની જેમ, કેટલાક ધીરા ધીરા, કેટલાક પડતા આખડતા ગબડતા ઊભા થતા, હાંફતા કાંપતા, લંગડાતા ચાલશે. જેટલાં સારાં કર્મો (નેક કામો) કર્યા હશે તેટલા જલ્દી તે પસાર થઈ શકશે.

**સવાલ** : જે ઘરમાં ચારે કોર આદમીના કદ જેટલા મોટા અરીસા લાગેલા હોય તે ઘરમાં નમાઝ પઢવી જાઈઝ છે ?

**જવાબ** : આયનો (અરીસો) સામે હોય તો નમાઝમાં કોઈ ખરાબી નથી. ખરાબીનું કારણ તસ્વીર (સજીવનો ફોટો) હોવું છે, અને અહીં ફોટો નથી. જો તેને (અરીસામાંના પ્રતિબિંબને) ફોટાનો હુકમ આપવામાં આવે તો પછી અરીસાને ઘરમાં રાખવું પણ ફોટાની જેમ હરામ થઈ જશે. પણ અરીસાને ઘરમાં રાખવું જાઈઝ છે જેમાં બધા જ ઉલમા એકમત છે. અને હકીકતમાં ત્યાં ફોટો હોતો જ નથી પણ પ્રકાશમય કિરણો આયનાના કારણે મોઢા તરફ પલટાય જાય છે. મતલબ કે માણસ ત્યાં પોતે જ પોતાના પ્રતિબિંબને જુએ છે, આયનામાં તેની તસ્વીર કે ફોટો છપાતો નથી.

*(ફતાવા અમજદિયા, પેજ-૧૮૪, સદ્રુશ્શરીઅહ્ હઝરત મુફ્તી અમજદઅલી આ'ઝમી عليه الرحمة والرضوان)*

**હૌઝે કૌષર** : હૌઝે કૌષર આપણા નબી ﷺને આપવામાં આવેલ છે. એ તદ્દન સત્ય છે. એની લંબાઈ એક મહિનાના રસ્તા જેટલી છે. પહોળાઈ પણ એટલી જ છે. એના કિનારાઓ સોનાના છે. એના ઉપર મોતીના કુબ્બાઓ બનેલા છે. એનું તળિયું મુશ્કનું છે. એનું પાણી દૂધથી વધારે સફેદ અને મધથી વધારે મીઠું છે અને મુશ્કથી વધારે સુગંધીદાર છે. એનું પાણી જે એક વખત પીશે તે કદી તરસ્યો નહીં થાય. એના ઉપર પાણી પીવાના વાસણો તારાઓથી પણ વધારે છે. એમાં જન્નતમાંથી બે નાળાં પડે છે એક સોનાનું છે અને એક ચાંદીનું.

**મકામે મહમૂદ** : અલ્લાહ તઆલા પોતાના પ્યારા હબીબ મુહમ્મદ મુસ્તફા ﷺને મકામે મહમૂદ અર્પણ કરશે. જયાં આગલા પાછલા તમામે તમામ આપની તા'રીફ કરશે. (આપની મહાનતાનું વર્ણન કરશે.)

**લિવાઉલ હમ્દ** : આ એક ઝંડો છે જે આપણા આકા ﷺને કયામતના દિવસે મળશે, હઝરત આદમ عليه السلام થી લઈને કયામત સુધીમાં જેટલાય મુસલમાનો થયા હશે તે તમામ નબીઓ, વલીઓ દરેકે દરેક તેની નીચે ભેગા થશે.

Islam & Modern Inventions

# ઈસ્લામ અને આધુનિક શોધો


અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની

ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફતી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)

ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## સ્કૂલ અને કોલેજોની અધિક્તા

હુઝૂર નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આવા આધુનિક મદ્રસાઓની અધિક્તાની તરફ નિર્દેશ કર્યો છે જેમાં વિદ્યાર્થીઓની મોટાભાગની સંખ્યા દીનથી અજ્ઞાન હશે. જેમ કે અબૂ નુઐમે હિલ્યામાં ઈબ્ને મસઊદથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, "તમારો એ વખતે શો હાલ થશે જ્યારે તમને ફિત્નો ઘેરી લેશે અને ઘરડાઓની ઈજ્જત થશે નહીં જ્યારે કે બાળકની તા'લીમ કરવામાં આવશે અને એ જ રિવાજ પડી જશે. પછી જો કોઈ તેની વિરૂધ્ધ કરશે તો કહેવામાં આવશે કે તેણે રિવાજની વિરૂધ્ધ કામ કર્યું. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! એવું ક્યારે થશે ? જ્યારે તમારા કારીઓની અધિક્તા જશે, અને આલિમોની કમી થઈ જશે. એક રિવાયતમાં ફકીહોની કમી આવ્યું છે." *(નિસાઈ, ભાગ–૨, પેજ–૧૮૭)*

તિબ્રાની અબ્દુર્રહમાન અન્સારીથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, "કિયામતની નિશાનીઓમાંથી એ છે કે કારીઓની અધિક્તા થશે, ફકીહોની ઉણપ વર્તાશે, અમીરોની અધિક્તા થશે અને અમીનોની કમી થશે. (એટલે ખયાનત કરનારા વધી જશે.) *–તિબ્રાની*

કારીઓની અધિક્તા એ જ મદ્રસાઓના કારણે છે જે નવી રહેણાંક પધ્ધતિના કારણે ઠેક ઠેકાણે ફેલાઈ ગયા છે. પછી મદ્રસામાંથી નીકળનારા કારીઓ દુનિયાથી તો ખૂબ વાકેફ હોય છે પણ આખેરતથી જાહિલ હોય છે. એ ચીજોથી ખૂબ વાકેફિયત ધરાવે છે જે દુનિયા સુધારવામાં મદદકર્તા હોય પરંતુ તે ચીજો જે એમના પર વાજિબ છે એટલે દીનની ઈસ્લાહની ઓળખ તો એનાથી તદ્દન કોરા હોય છે. એના કારણે કારીઓની અધિક્તા અને ફકીહોની ઉણપ છે જેમ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું.

આ મદ્રસાઓમાં સ્કૂલ, કોલેજ તથા તમામ શિક્ષણ કેન્દ્રો આવી જાય છે. એ જ મદ્રસાઓ ઈસ્લામના માટે સૌથી મોટો ખતરો છે અને મુસલમાનો માટે જબરદસ્ત દીની નુકસાનનો સબબ છે. કેમ કે એક સ્કૂલ તથા કોલેજનો વિદ્યાર્થી દીનથી સામાન્યતઃ નાવાકેફ હોય છે. કાફિરોએ ખૂબ જ ચિંતન સંશોધન કર્યું કે ઈસ્લામને તબાહ કરવા માટેની કઈ રીત શક્ય છે ? પાંચસો વરસથી અધિક અરસો આ મામલા પર સંશોધન ચાલ્યા કર્યું તો સૌથી કામયાબ તરીકો એ જ જોવા મળ્યો કે ઠેક ઠેકાણે આ પ્રકારના દુનિયવી મદ્રસા સ્થાપવામાં આવે. જેથી તેમણે આ ક્ષેત્રે ખૂબ જ ધ્યાન આપ્યું અને દરેક ઈલાકામાં સ્કૂલ, કોલેજ સ્થાપવા લાગ્યા જેથી પોતાની રીતે ઈસ્લામને નેસ્તોના'બૂદ કરી નાખે. જેથી આ મસ્અલાને ફેલાવવા માટે પ્રથમ અમુક કાનૂનો તથા ખયાલો ઘડી કાઢવામાં આવ્યા જેમ કે તેમનાં બે પુસ્તકો "અલગારતુ અલલ્ આલમિલ્ ઈસ્લામી" અને "અલ્ મુશ્તશ્કેરૂન"માં

વિસ્તારપૂર્વક તેને વર્ણવ્યા છે.

એવી વ્યક્તિ જે નવી રહેણાંક પધ્ધતિના નશામાં ડૂબેલો અને અંગ્રેજોના ફિત્નાથી ઘેરાયેલો છે તે જો એ પુસ્તકોને વાંચે તો તેને જાણ થઈ જાય કે અંગ્રેજ કાફિરોએ મુસ્લિમોની ઔલાદને ખાસ કરીને છોકરીઓને શિક્ષણ અપાવવા માટે આટલ બધુ જોર શા માટે આપ્યું છે ? તે પુસ્તકોમાં કારણો રજુ કરવામાં આવ્યાં છે તેનો ખુલાસો એ છે કે :–

**"એક મુસલમાન છોકરી જ્યારે અંગ્રેજી તા'લીમ હાંસલ કરશે તો તે યકીનન અંગ્રેજના અખ્લાકને પણ અપનાવશે અને તેની સાથે સાથે અંગ્રેજપણામાં તેને અધિક ચૈન હાંસલ થશે, કેમ કે પ્રથમ તો એની તા'લીમ જ એ છે. બીજું કે તે અંગ્રેજી ન્યૂઝપત્રો, અંકોનો અભ્યાસ કરશે તો તેનામાં ઈસ્લામી રૂહ કમજોર થતી જશે અને એ રીતે તે દીની તા'લીમથી દૂર થઈ જશે. પછી એક સમય આવશે કે તે કોલેજ તથા સ્કૂલની વિદ્યાર્થીની ખૂદ એક મદ્રસા તથા તાલીમ કેન્દ્રનું કામ આપશે. આ રીતે તે પોતાની ઔલાદની કેળવણી એ જ અંગ્રેજી અંદાજ પર કરશે જેથી ઔલાદ દીનથી જાહિલ તથા દૂર થતી જશે."** એ જ કારણ છે કે નવી પેઢી દીનથી ખૂબ જ દૂર થઈ રહી છે અને એ મદ્રસાઓ (સ્કૂલો, કોલેજો)ની સ્થાપ્નાનો મકસદ હલ થતો જઈ રહ્યો છે.

નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ લોકોની કેટલીક ખાસિયતો વર્ણન કરી છે જેઓ મુસલમાન કહેવાતા હોવા છતાં દીનથી નીકળી જશે અને તેમનો ઈસ્લામ સાથે કોઈ સંબંધ હશે નહીં. જેમ કે બુખારી તથા મુસ્લિમે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરી કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "આખર જમાનામાં એવા લોકો જોવા મળશે જેઓ નવયુવાન હશે, મૂર્ખ હશે, લોકોની સામે સારી વાતો કરશે, તેમનું ઈમાન તેમના ગળાથી આગળ વધશે નહીં, દીનથી એવી રીતે નીકળી જશે જેવી રીતે તીર પોતાના નિશાનથી નીકળી જાય છે, તમે જ્યાં તેમને જુઓ કત્લ કરો કેમ કે તેમને કત્લ કરવો ઘણો જ સવાબ છે." *(બુખારી, ભાગ–૧, પેજ–૧૦૨૪)*

અહમદ તિર્મિઝી અને ઈબ્ને માજહ્એ અબ્દુલાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ تعالیٰ عنہ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે આખર જમાનામાં એવા લોકો થશે જેઓ નવયુવાન હશે, બુધ્ધિ વગરના હશે, લોકોની સમક્ષ સારી વાતો કરશે, કુર્આનની કિરાઅત કરશે પરંતુ તેમનું પઢેલું ગળાથી નીચે ઉતરશે નહીં, ઈસ્લામથી એવી રીતે નીકળી જશે જેવી રીતે તીર નિશાનાએથી." જે કોઈ એમને પામે કત્લ કરી દે, કેમ કે અલ્લાહની નજીક તેમને કત્લ કરવું સવાબ છે." *(તિર્મિઝી, પેજ–૩૧૯, મુસ્નદે અહમદ, પેજ–૪૦૪, ભાગ–૧)*

આ જણાવેલ લોકો તે જ અધર્મી, બેદીન છે જેઓ ઘણી સરસ તથા સજાવટથી જેહાદ તથા નવી રહેણાંક પધ્ધતિ સાથે જંગની વાતો કરે છે, જો કે એ જ તે લોકો છે જેમણે નવી રહેણાંક પધ્ધતિ સાથે જંગની વાતો કરે છે, જો કે એ જ તે લોકો છે જેમણે નવી રહેણાંક પધ્ધતિને મજબૂત રાખી અને કુફ્રી અકીદાઓ, અખ્લાક તથા લિબાસને ફેલાવવામાં કુફ્રની મદદ કરી, લોકોનાં દિલોએથી ઈસ્લામને ઉખેડવાની કોશિશ કરી, ઈસ્લામ સાથે જંગ અને તેની અચ્છાઈઓને નુકસાન પહોંચાડવાની કોશિશ કરી. સારાંશ જે કોશિશો તેઓ કરે છે તેમણે તેમના વાણી, વર્તન, શક્તિ તથા કુવ્વતના થકી કરી, જો તે લોકોના વશમાં હોય તો લોકોને શક્તિ થકી કાફિર બનાવી દેત જેમ કે અતાતુર્કે કર્યું.

હુઝૂર નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જ્યાં તેમની આ ખાસિયતો વર્ણવી કે તેઓ નવજવાન હશે, કમ અક્લ હશે, ત્યાં એ પણ ઈર્શાદ ફર્માવ્યો કે, "તેમના વૃધ્ધ તથા યુવાન સૌ દાઢીમૂંડા હશે."

હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત છે :–

ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે, "આખર જમાનામાં એવા લોકો હશે જેઓ કુર્આન પઢશે પણ તેમનું પઢવું તેમનાં ગળાંથી આગળ વધશે નહીં, તેમની નિશાની દાઢી મુંડવું છે, જ્યારે તેમને જુઓ તો કત્લ કરી દો." *(ઈબ્ને માજહ્)*

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "મારી ઉમ્મતના કેટલાક લોકો **જેમની નિશાની દાઢી મૂંડાવવું છે**, કુર્આનની તિલાવત કરશે પરંતુ તેમની તિલાવત ગળાથી આગળ વધશે નહીં, તેઓ દીનથી એવી રીતે નીકળી જશે જેવી રીતે તીર પોતાના નિશાનાથી, પછી તેઓ ઈસ્લામની તરફ પાછા વળશે નહીં. એ લોકો બદ્દતરીન મખ્લૂક છે." *(મુસ્લિમ, બુખારી, મુસ્નદે અહમદ, ભાગ–૫, પેજ–૧૭૬)*

(રિવાયત કરી અહમદ તથા બુખારી તથા મુસ્લિમ અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી) બુખારી, મુસ્લિમની રિવાયતમાં છેવટમાં વર્ણન છે કે સહાબાએ કિરામે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! તેમની નિશાની શું છે ? ફર્માવ્યું :–**દાઢી મુંડાવવી.** અને એમાં એ છે કે, **"તે લોકોનાં કથનો સારાં હશે અને અમલો બુરા હશે."**

શું આપ જાણો છો ?!

## નમાઝીની સામેથી પસાર થવું મના છે, નમાઝી સામેથી ખસવું મના નથી !

*–કાર્યાલય*

**સામાન્યતઃ મસ્જિદોમાં જોવામાં આવે છે કે બે વ્યક્તિઓ આગળ પાછળ નમાઝ પઢે છે એટલે કે એક પાછલી સફમાં અને બીજો તેની સામે આગલી સફમાં છે. આગલી સફમાં નમાઝ પઢનાર પાછળવાળાથી પહેલાં ફારિગ થઈ જાય છે તો પછી પાછળવાળાની નમાઝ પૂરી થવાની રાહ જુએ છે કે તે સલામ ફેરવે ત્યારે ત્યાંથી ખસે. અને ત્યાંથી ખસવાને નમાઝી સામેથી પસાર થવું સમજે છે, જો કે એવું નથી. આગળ નમાઝ પઢનાર પોતાની નમાઝ પઢીને હટી જાય તો તેના પર નમાઝી સામેથી પસાર થવાનો ગુનોહ નથી, ન નમાઝી સામેથી પસાર થનાર વિશે જે હદીષોમાં આવેલી ધમકીઓ તેને લાગુ પડે છે. ભલે પાછલો નમાઝ પઢી રહ્યો હોય.**

**ખુલાસો એ કે નમાઝી સામેથી સુતરા (આડ) વિના પસાર થવું મના છે હટવું મના નથી.**

**સદરુશ્શરીઅહ હઝરત મૌલાના અમજદઅલીખાં આ'ઝમી علیہ الرحمۃ والرضوان ફર્માવે છે :-**

**''જો બે વ્યક્તિઓ નમાઝી સામેથી પસાર થવા ચાહે છે અને કોઈ સુતરો નથી તો એમનામાંથી એક જણ નમાઝીની સામે તેની તરફ પીઠ કરીને ઊભો થઈ જાય અને બીજો તેની આડ લઈને પસાર થઈ જાય. પછી તે બીજો (જે પસાર થયો) તે પહેલાની પીઠ પાછળ આવીને નમાઝી તરફ પીઠ કરીને ઊભો રહી જાય અને પહેલો શખ્સ નીકળી જાય. હવે તે બીજો જે બાજુથી આવ્યો તે બાજુ હટી જાય.''** ***(આલમગીરી, રદ્દુલ મુહતાર, બહારે શરીઅત, ભાગ-3, પેજ-૧૫૯)*** **આ રીતે કરવું નમાઝી સામેથી પસાર થવું ગણાશે નહીં.**

**એનાથી જાહેર થાય છે કે પસાર થવામાં અને હટવામાં ફરક છે અને પસાર થવાનો મતલબ એ છે કે નમાઝીની સામે એક બાજુએથી આવે અને બીજી બાજુ નીકળી જાય, એ યકીનન ! નાજાઈઝ તથા ગુનોહ છે. અને જો નમાઝીની સામે જ બેઠા છે અને કોઈ એક બાજુ હટી જાય તો એ પસાર થવું નથી અને એમાં કોઈ ગુનોહ નથી. વલ્લાહુ તઆલા અઅ્લમ.**

# ગુનાહોનો ઈલાજ

લેખક : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
અનુવાદક : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

## ગફલત અને તેનો ઈલાજ

દુનિયાની દરેક નેઅમતમાં હદથી વધુ મગ્ન થવું ગફલતનું કારણ છે. જે દુનિયાની નેઅમતથી દિલ લગાડે છે તે ગફલતમાં પડી જાય છે. અલ્લાહ તઆલા સૂરએ મુનાફિકૂનની આયત નંબર ૯માં ઈર્શાદ ફર્માવે છે : "અય ઈમાનવાળાઓ ! તમારો માલ, તમારી ઔલાદ અને કોઈ પણ વસ્તુ તમને અલ્લાહની યાદથી ગાફિલ ન કરે. અને જે આ રીતે કરે તે જ લોકો નુકસાનમાં છે."

આ આયતે મુકદસાથી તે લોકોએ બોધ મેળવવો જોઈએ કે જેમને નમાઝ રોઝાની તલ્કીન કરવામાં આવે છે તો તેઓ કહે છે કે જનાબ ! અમે તો પોતાની રોજીની ફિક્રમાં લાગેલા રહીએ છીએ, રોજી કમાવવી અને બાળકોને ખવડાવવું પણ ઈબાદત છે ! ખરેખર આવી વાતો ગફલતના કારણે જ થાય છે. હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ગઝાલી عليه رحمة الله الرضوان મકાશિફતુલ કુલૂબમાં નકલ ફર્માવે છે કે હઝરત સૈયદુના યાકૂબ عليه السلام અને મલકુલ મૌત હઝરત ઈઝરાઈલ عليه السلام માં દોસ્તી હતી. એકવાર હઝરત ઈઝરાઈલ عليه السلام તશરીફ લાવ્યા તો યાકૂબ عليه السلام એ કહ્યું કે મારી મુલાકાત માટે આવ્યા છો કે મારી રૂહ કબ્ઝ કરવા માટે આવ્યા છો ? તેમણે કહ્યું કે મુલાકાત માટે. હઝરત યાકૂબ عليه السلام ફર્માવ્યું કે મારા મૃત્યુ પહેલાં મારા માટે કાસિદ (ખબર આપનાર)ને મોકલી આપશો મલકુલ મૌત عليه السلام એ ફર્માવ્યું કે હું બે અથવા ત્રણ કાસિદ મોકલી આપીશ. જ્યારે મલકુલ મૌત તેમની રૂહ કબ્જે કરવા આવ્યા ત્યારે યાકૂબ عليه السلام એ ફર્માવ્યું કે પેલા ત્રણ કાસિદનું શું થયું ?! તો મલકુલ મૌતે કહ્યું કે કાળા પછી સફેદ વાળ અને તાકાત પછી કમજોરી, સીધી કમર પછી કમરનું વાંકી વળવું, હે યાકૂબ ! મૌત પહેલાં ઈન્સાન તરફ મારા આ ત્રણ કાસિદ છે.

માલૂમ થયું કે મૌત આવતા પહેલાં મલકુલ મૌત પોતાના કાસિદ મોકલે છે. ઉપર વર્ણન કરવામાં આવેલ કાસિદો સિવાય પણ બીજા કાસિદોનો ઉલ્લેખ હદીષમાં જોવા મળે છે. આથી બીમારી, કાનો તથા આંખોમાં ખરાબી એટલે કે સાંભળવા તથા જોવામાં મુશ્કેલી. આપણામાંથી ઘણાયે લોકો એવા છે જેમની પાસે મલકુલ મૌતના કાસિદ આવી ચૂક્યા છે પરંતુ આપણા પર ગફલત એવી સવાર છે કે જ્યારે કાળા વાળ સફેદ થાય છે તો લોકો પોતાને એ રીતે દિલાસો આપે છે કે આ તો નઝલા (શરદી)ના કારણે સફેદ થયા છે ! એ જ રીતે બીમારી જે મૌતના કાસિદ છે તેમાં પણ સંપૂર્ણપણે ગફલત વર્તવામાં આવી રહી છે.

યાદ રાખશો ! એવું ન થાય કે મૌત અચાનક જ પ્રકાશિત ઝગારા મારતા ઓરડામાંથી ઉઠાવીને અને સ્પોંઝના આરામદાયક ખૂબસૂરત પલંગ પરથી ઉઠાવી કીડા મકોડાથી ભરેલ અંધારી કબરની કોટડીમાં સૂવડાવી દે અને તમે બૂમ બરાડા તથા ફરિયાદ કરતા રહો કે હે અલ્લાહ ! બસ, દુનિયામાં એકવાર ફરી મોકલી આપ ! હવે હું કદીયે ગફલત નહીં કરું. હવે પછતાવા અને માથુ ફોડવાથી કોઈ ફાયદો નહીં થાય. માટે હજુ તો મોકો છે જલ્દી જલ્દી પોતાના ગુનાહોથી તૌબા કરી લો અને ભવિષ્યમાં સલાતો સુન્નત મુજબ પોતાની જિંદગી ગુજારવાની નિયત કરી લો. યાદ રાખો ! જે માણસ જાણીબુજી

એક નમાઝ છોડી દે છે તેણે એક કિતાબ રોનકુલ મજિલસની એક રિવાયત મુજબ બે કરોડ ઈઠયાસી લાખ વર્ષ જહન્નમની આગમાં સળગવું પડશે. જે કોઈ રમઝાનનો એક રોઝો કોઈ શરઈ કારણ વગર કઝા કરશે તો તેને નવ લાખ વરસ દોઝખની આગમાં સળગવું પડશે.

## ગફલતનો ઈલાજ

ગફલત એક એવી બીમારી છે જેનો ઈલાજ બીમાર (ગાફિલ)ના હાથમાં નથી હોતો અને જ્યારે કે ગાફિલ માણસને પોતાની ગફલતની ખબર જ ન હોય તો બીમારીના ઈલાજ માટે કોઈને કહી પણ નહીં શકે. ટૂંકમાં એ કે આવા ગાફિલોનો ઈલાજ ઓલમાએ કિરામના હાથમાં છે. જેમ કે બાળકોને સમજદાર થતાં જ માં બાપ અને ઉસ્તાદની કોશિશોથી વંચિત અને ગાફિલ રાખવામાં નથી આવતાં એ જ પ્રમાણે બા અમલ ઉલ્માની નસીહતો અને તકરીરો માણસને ગાફિલ થવાથી બચાવે છે અને તેઓને ચુસ્ત તથા બેદાર રાખે છે.

પરંતુ અફસોસની વાત એ છે કે આપણા જમાનામાં આવા બા અમલ નસીહત કરનાર ઉલમાની અછત છે જેથી કરી ગફલતની બીમારી ખૂબ જ વધી રહી છે અને લોકો ગફલતની જાળમાં ફસાઈ ગયા છે. અમુક બયાન કરનારાઓ કહે પણ છે છતાં તેમની વાતોનો લોકોના દિલો પર કોઈ જ અસર નથી પડતો.

અલ્લાહ તઆલા આપણા સૌને ગફલતની બીમારીથી બચાવે. (આમીન)

કાર્યાલય

## સુન્ની દા'વતે ઈસ્લામીનો શાનદાર

# આલમી સુન્ની ઈજતેમા યોજાયો

મુંબઈ વાદીએ નૂર (આઝાદ મેદાન) ખાતે દર વર્ષે સહીહુલ અકીદા સુન્નીઓનો દેશભરમાં શાયદ આ સૌથી અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા થતો હશે. ગયા વરસે ડિસે. ૨૦૦૫ની ૧૬, ૧૭, ૧૮ તારીખોમાં ત્રણ દિવસ માટે થયેલ ઈજતેમાને પાછલા સર્વ રેકોર્ડો બ્રેક કરે એવી કામયાબી મળી હતી. અલ્હમ્દુલિલ્લાહ ! સ્થાનિક વર્તમાન પત્રોની જાહેરાત મુજબ આઠ લાખની સંખ્યામાં આવેલા સુન્નીઓથી આઝાદ મેદાન ખીચોખીચ ભરાઈ ગયું હતું. તા. ૧૬ ને જુમ્આ બાદથી રાતે ઈશા સુધીના ઈજતેમામાં બહેનો પણ લાખોની સંખ્યામાં આવી હતી અને તા. ૧૭–૧૮ શનિવાર સવારથી રવિવાર રાતના ૧૧ સુધી સુન્ની મર્દોનું પુર ઉભરાતુ રહ્યું અને છેવટે દરિયાનો જેમ કિનારો ન જોવા મળે તેમ પબ્લિકનો છેડો એક તરફથી જોનારને મળતો ન હતો. દર વરસની જેમ ઉલમા તથા મુબલ્લિગો થકી મસાઈલ, ફઝાઈલ તથા સુન્નતોની તા'લીમ સ્ટેજ પરથી તેમ જ મજમામાં હલકાઓ થકી થતી રહી, નઅતે પાકના ગુલદસ્તા મુબલ્લિગીન પેશ કરતા રહ્યા. જનાબ કારી રિઝવાન સાહબે પોતાની આગવી રીતે મજમાને ખૂબ જ કંટ્રોલમાં રાખ્યો હતો અને નઅતો તથા દીની ફઝાઈલ, મસાઈલથી હાજરીનને ફયૂઝયાબ કર્યા હતા.

વિવિધ મહાન આલિમો ખાસ કરીને હઝરત અલ્લામા કારી ઝહીરુદ્દીન સાહબ, હઝરત અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી (સેક્રે. વર્લ્ડ ઈસ્લામિક મિશન, યુ.કે.) તથા અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ મૌલાના શાકિર નૂરી રઝવી સાહબના બયાનો ખૂબ જ સમજવા તથા અમલ કરવા યોગ્ય હતાં. આઝમી સાહબે "ઈસ્લામ અને માનવ અધિકાર" તથા "જાન તથા રૂહ"ના સંબંધે ઈસ્લામી શાન જાહેર કરતું બયાન કર્યું હતું તથા હઝરત મૌલાના શાકિર સાહબે "મ્યૂઝિક તથા ફિલ્મી ગીતોની બુરાઈ" વિશે કુર્આન–હદીષની રૂએ લાજવાબ બયાન કર્યું હતું. કેટલાય યુવાનોએ ગીતો સાંભળવા, ફિલ્મો જોવાથી તૌબા કરી હતી. અંતમાં ઝિક્ર તથા દુઆમાં રડી રડીને મજમો તૌબા કરતો જોવા મળ્યો, છેવટે સલાતો સલામ બાદ હઝરત શયખ અબૂબક્ર ષકાફી (કેરાલા)ની દુઆ પર ઈજતેમા કામયાબી સાથે સંપૂર્ણ થયો હતો.

**Orientalistના ઈસ્લામના જેહાદના હુકમ વિરૂધ્ધ વાંધાઓના જવાબો**

# ઓરિએન્ટલિસ્ટ [ઈસ્લામ વિરોધી ફિરંગી ઈતિહાસકારો] અને ઈસ્લામી જેહાદ

રજૂકર્તા : મૌલાના મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી

**Orientalist** (મુસ્તશ્રેકીન)નો પાયાનો હેતુ ઈસ્લામના પ્રચારને રોકવાનો છે અને મુસલમાનોના દિલોમાં તેમના દીન ઈસ્લામના વિશે શંકા કુશંકાઓ પેદા કરવાનો છે. પોતાના આ હેતુની પ્રાપ્તિના માટે તેઓ ઈસ્લામને દરેક પ્રકારની ખૂબીઓથી પર સાબિત કરવાની કોશિશમાં વ્યસ્ત રહે છે, જેથી અવનવા વિષયે વાંધો ઉઠાવતા રહે છે. જેમ કે :–

૧. સીરતે રસૂલ ﷺ પર વાંધાઓ

૨. કુર્આન તથા વહીના ઉતરાણ પર વાંધાઓ

૩. હદીષોને ગલત રિવાયતો થકી રજૂ કરવી

૪. ઈસ્લામી જેહાદ પર આક્ષેપો લગાડવા કે જેહાદ લૂટમારના માટે કરવામાં આવતો હતો...વગેરે.

"ઓરિએન્ટલિસ્ટ અને ઈસ્લામી જેહાદ" એના વિશે અમે કાંઈક રજૂ કરવાની કોશિશ કરીએ છીએ :

જો આપણે મક્કાના મુશ્રિકોના જુલ્મો સિતમને નિહાળીએ છીએ જે ઈસ્લામના શરૂઆતના સમયગાળામાં કરવામાં આવ્યા તો ખરેખર જેહાદનો અસલ ચેહરો આપણને જોવા મળશે. અને જો મુસ્લિમો એ જુલ્મો સિતમ પર ચુપ રહેત અને દીનના દુશ્મનોને ખુલ્લી છૂટ આપી દેત તો હાલના ઓરિએન્ટલિસ્ટ કોઈ પણ વાંધો ન ઉઠાવત. કારણ કે એના પરિણામે ઈસ્લામનો તે જ હાલ હોત જે તેઓની ઈચ્છા છે. પરંતુ આમ ન થયું બલ્કે જ્યારે મક્કાના કાફિરોના જુલ્મો ખૂબ વધી ગયા અને જુલ્મોમાં હદ પાર કરી દીધી તો વળતા પ્રહારનો કાનૂન અમલમાં આવ્યો અને પરવરદિગારે આલમે મુસલમાનોને કાફિરો સાથે જેહાદ કરવા તથા તેમના ઘમંડને માટીમાં મિલાવવાની ઈજાઝત અતા ફર્માવી. અલ્લાહ તઆલાનો ઈર્શાદ થયો :–

"પરવાનગી આપવામાં આવી તેઓને જેમની સાથે કાફિરો લડે છે, એટલા માટે કે તેમના પર અત્યાચાર થયો અને બેશક ! અલ્લાહ તેમને મદદ કરવા પર અવશ્ય શક્તિમાન છે. તેઓ જે પોતાના ઘરોમાંથી નાહક્ક કાઢી મૂકવામાં આવ્યા માત્ર એટલી વાત પર કે તેમણે કહ્યું, અમારો રબ અલ્લાહ છે, અને જો અલ્લાહ માણસોમાં એકને બીજા દ્વારા હટાવત નહીં તો અવશ્ય ખાનકાહો અને દેવળો અને કલીસા અને મસ્જિદો પાડી નાખવામાં આવત જેમાં અલ્લાહનું ખૂબ નામ લેવામાં આવે છે. અને બેશક ! અલ્લાહ જરૂર મદદ કરશે તેની જે તેના દીનની મદદ કરે. બેશક ! અવશ્ય અલ્લાહ શક્તિશાળી ચઢિયાતો છે." *(હજ્જ, આ. ૩૯, ૪૦)*

ઓરિએન્ટલિસ્ટે પોતાના વહેમના આધારે ઈસ્લામી જેહાદના બે કારણે ઉપજાવ્યાં છે :–

૧. લોકોને બળપૂર્વક મુસલમાન બનાવવા

૨. જેહાદના નામે ધાડ પાડી દૌલત એકઠી કરવી.

એક પ્રખ્યાત ફિરંગી ઈહિસકાર (ઓરિએન્ટલિસ્ટ) જ્યોર્જ સીલ હુઝૂર ﷺ અને ઈસ્લામ વિશેની પોતાની કિતાબ "The

**koran**"માં લખે છે : "એવું લાગે છે કે આપની દા'વત (તબ્લીગ)ના પ્રથમ બાર (૧૨) વરસમાં આપનુ મધ્યમાર્ગી તથા પ્રતિકાર વિનાનું વર્તન માત્ર (મઆઝલ્લાહ !) એટલા માટે હતું કે ત્યારે આપ કમજોર હતા અને આપના વિરોધીઓ ઘણા જ મજબૂત હતા. કારણ કે જ્યારે મદીનાવાસીઓના સહકારના કારણે આપ દુશ્મનોની આંખોમાં આંખો મિલાવી વાત કરવાની સ્થિતિમાં પહોંચ્યા તો તુરત જ આપે એલાન કરી દીધું કે અલ્લાહ તઆલાએ આપને તથા આપના અનુયાયીઓને કાફિરો વિરૂધ્ધ પોતાના બચાવની રજા આપી છે."

મોન્ટગમરી વોટ પોતાનાં વિવિધ લખાણોમાં ભારપૂર્વક એ વાત સાબિત કરે છે કે, "હિજરત પછી મુસલમાનોનો કોઈ વ્યવસ્થિત કારોબાર ન હતો માટે તેઓએ અરબના દસ્તૂર પ્રમાણે વ્યાપારી ગૃપો તથા બીજા કબીલાઓ પર ધાપ મારવાનું કામ શરૂ કર્યું." તે પોતાની કિતાબ **Muhammed at Madinah**માં લખે છે કે, "બદરના જંગ સહિત બધા જ જંગો ડાકૂગીરીના હુમ્લા હતા, જેનો મકસદ એ હતો કે ખતરા વિના માલ એકઠો કરી લેવામાં આવે."

બીજા એક સ્થાને લખે છે, "ડાકૂગીરી (ધાડ) અને જેહાદમાં માત્ર નામનો જ ફરક છે, એ રીતે તે કામ અસલમાં ધાડનું જ હતું તેને ધાર્મિક રંગ આપવાની કોશિશ કરવામાં આવી છે."

ઉપરોક્ત ફિરંગી ઈહિાસકારો ઈસ્લામી જેહાદના કારણોનો ઉલ્લેખ કરતાં લખે છે :–

"બેશક ! મુહમ્મદ ﷺના દિમાગમાં એક મુદ્દો હતો. તેમણે મુસલમાનોને પરસ્પર લડાઈ કરવા અને એકબીજા પર હુમ્લો કરવાથી રોકી દીધા અને મુસલમાનોની સંખ્યા જોતાં સરહદી ઈલાકામાં કાફલાઓ લૂટવાનો હુકમ આપ્યો." વગેરે...

"પૈગંબર ﷺએ પોતાની તથા પોતાના સહાબાની જીવન જરૂરિયાત પૂરી કરવા માટે જે રસ્તો અપનાવ્યો તે એ કે વ્યાપારી ગૃપોને લૂટવા જે શામ તરફ જતાં અને આવતાં મદીના થઈ પસાર થતા હતા."

ઉપરોક્ત વિરોધીઓનાં લખાણોથી અંદાજો લગાડી શકાય છે કે તેઓને ઈસ્લામ તથા પૈગંબરે ઈસ્લામ પર બે મોટા વાંધાઓ છે : (૧) હુઝૂર ﷺ ધાર્મિક રેહનુમા હોવા છતાં તલવાર તરફ ધ્યાનિત થયા અને આપે પોતાના ધર્મના પ્રચાર માટે તલવારનો ઉપયોગ કર્યો, જ્યારે કે આપે ઈસા ﷺ ની જેમ અમન, શાંતિની દા'વત આપવી જોઈતી હતી. (૨) મુસલમાનોએ માત્ર પોતાના ધર્મના ફેલાવા માટે જ તલવારનો ઉપયોગ નથી કર્યો બલ્કે તેમણે તલ્વારને રોજીનો ઝરીઓ પણ બનાવ્યો અને લૂટમારનો કારોબાર ધારણ કર્યો.

ફિરંગી ઈતિહાસવેત્તાઓનું આ પૂર્વગ્રહભર્યું સંશોધન તેમના દિલો તથા દિમાગોની બીમારીની ખબર આપી રહ્યું છે, કારણ કે **કોઈ માણસને તલવારના જોરે મુસલમાન બનાવવું અશક્ય છે, કેમ કે ઈસ્લામનો પાયો ઈમાન પર છે અને ઈમાનનો તાલ્લુક દિલથી છે. તલ્વારનો વાર શરીર પર અસર કરી શકે છે પણ દિલ પર નહીં. ઈસ્લામે પોતાના અનુયાયીઓને સ્પષ્ટપણે હિદાયત આપી કે કોઈને ઈસ્લામ કબૂલ કરવા લાચાર કરવામાં ન આવે.** કુર્આને પાકે મુસલમાનોને ખુલ્લા શબ્દોમાં હુકમ આપ્યો, ઈર્શાદ થાય છે : "ઈસ્લામ (દીન)માં કોઈ જ જબરદસ્તી નથી. *(બકરહ, આ. ૨૫૬)*

જો પ્યારા નબી ﷺ તલ્વારના બળે ઈસ્લામને ફેલાવવા ચાહત તો વિવિધ જંગો તથા ગઝવાતમાં જે કાફિરો મુસલમાનોના હાથે હાર પછી મુસલમાનોના કબ્જામાં આવ્યા તેમની જાન બખ્શવાની એક જ શરત હોત કે તેઓ ઈસ્લામનો સ્વીકાર કરે, પણ આમ નથી થયું. જે લોકો આપના કબ્જામાં આવ્યા તેમાંના અમુક જ એવા હશે જેમને તેઓના કુકર્મોના કારણે મૃત્યુદંડની સજા આપવામાં આવી અને તે સિવાયના કેદીઓને ક્યાં તો પોતાની

રહ્‌મતુલ્લિલ આલમીનીનો મુઝાહિરો કરી આઝાદ કરી દીધા અથવા ફીદીયો લઈને છોડી દીધા, જે આપને કતલ કરવાના ઈરાદે આવ્યો તેના ઈરાદાની જાણ હોવા છતાં પણ પ્યારા નબી ﷺ એ તેને બખ્શી દીધો. મક્કામાં ૨૦–૨૧ વરસ સુધી આપ પર જુલ્મ થતો રહ્યો પણ મક્કાના ફત્હના દિવસે પ્યારા નબીએ બધાને માફ કરી દીધા.

અમે પશ્ચિમી બુદ્ધિજીવીઓને જ્ઞાન તથા બુદ્ધિનો વાસ્તો આપી તેમને એક સવાલ કરીએ છીએ કે જો તલવારના બળે જ લોકોને મુસલમાન બનાવવા મકસદ હોત તો શું આપણા પ્યારા નબી ﷺ મક્કાની ફતહના દિવસનો ઉપયોગ તેના માટે ન કરી શકત ?!

જે આક્ષેપ તેઓ ઈસ્લામ પર લગાડવા ચાહે છે તેનું ખરુ નિશાન તો તેમનો જ પ્યારો ધર્મ ઈસાઈયત છે, ઈસાઈ પોપ તથા પાદરી પોતાના ધર્મને તલવારના જોરે ફેલાવવા ઈચ્છતા હતા. એ જ કારણે જે જે દેશોમાં ઈસાઈ હુકૂમત સ્થાપિત થઈ ત્યાંથી ઈસાઈયત સિવાયના બધા જ ધર્મોનો સફાયો થઈ ગયો જે ઈસાઈ હુકૂમત પહેલાં ત્યાં હતા. **મુસલમાનોએ ૮૦૦ વરસ સ્પેન પર હુકૂમત કરી અને આટલા લાંબા સમયગાળામાં ત્યાં ઈસાઈ તથા યહૂદી ખતમ નથી થયા બલ્કે પોતાના મઝહબની તા'લીમ અનુસાર પોતાનું જીવન ગુજારતા રહ્યા અને ઈસ્લામી હુકૂમતના ઊંચા નીચા હોદ્દાઓ પર બીરાજેલ રહ્યા. પણ જ્યારે મુસલમાનોની હુકૂમતનો સૂર્ય આથમ્યો અને ઈસાઈઓના હાથમાં હુકૂમત ગઈ તો મુસલમાનો સામે માત્ર બે જ વિકલ્પો હતા, યા તો ઈસ્લામને છોડી ઈસાઈયત કબૂલ કરી લો અથવા આગની લપેટોમાં કૂદો પડો !**

જો ઈસ્લામ તલ્વારના જોરથી જ ફેલાયો હોત તો જે દેશોમાં પ્રથમ સદી હિ.થી. મુસલમાનોની હુકૂમત ચાલી આવી છે ત્યાં બીજા ધર્મોનો ખાત્મો બોલી જવો જોઈએ પણ આજે આપણે દુનિયાના નક્શા પર નજર દોડાવીએ છીએ તો સ્પષ્ટપણે એ વાત જાણી શકાશે કે ઈસ્લામ પોતાની તા'લીમના આકર્ષણના કારણે ફેલાયો છે, તલવારના જોરે નહીં. કારણ કે આજે પણ મુસલમાનોની મહત્તમ વસ્તી તે સ્થાનો પર જોવા મળે છે જ્યાં પહેલી સદીના મુસલમાનોની તલવાર પણ નથી પહોંચી. ઈન્ડોનેશિયા, ભારત, ચીન અને આફ્રિકા ખંડના તળેટીના ઈલાકા જ્યાં આજે કરોડોની સંખ્યામાં મુસલમાનો જોઈ શકાય છે.

પોતાની તા'લીમાતના જોરે ઈસ્લામના ફેલાવા તથા તેમાં તલવારની દખલ ન હોવાની સૌથી મોટી દલીલ અને પુરાવો એ છે કે આજે અમેરિકા આખા જગતનું ચૌધરી બની બેઠુ છે, કદાચ જ દુનિયાનો કોઈ એવો દેશ હશે જેની આંતરિક બાબતોમાં દખલગીરી અમેરિકા પોતાનો અધિકાર ન સમજતુ હોય. આજે દુનિયામાં કોઈપણ મુસ્લિમ હુકૂમત એટલી શક્તિ નથી ધરાવતી કે અમેરિકી નાગરિકોને બળપૂર્વક મુસલમાન બનાવી શકે, પણ તેમ છતાં **ઈસ્લામ અમેરિકામાં ઝડપભેર ફેલાઈ રહ્યો છે.** યૂરોપનો કોઈપણ દેશ એવો નથી જ્યાં અઝાનનો અવાજ ન ગુંજતો હોય, અને દુનિયાની કોઈ પણ કૌમ એવી નથી જ્યાંના અધિકતર લોકોએ કલ્મો પઢી ઈસ્લામના દામનમાં પનાહ ન લીધી હોય. *(ઝિયાઉન્નબી, પેજ–૫૮૨, અલ્લામા પીર કરમશાહ)*

ઈસ્લામ તલ્વારના જોરે નથી ફેલાયો એ એક નકારી ન શકાય એવી હકીકત છે અને ઘણાયે ઓરિએન્ટલિસ્ટો પોતે આ સચ્ચાઈને કબૂલ પણ કરે છે. થોમ્સ કારલાઈલ ઈસ્લામ પર લગાડવામાં આવેલ ઉપરોક્ત આક્ષેપને નકારતાં પોતાની કિતાબ "ઓન હીરોઝ એન્ડ હર વર્શિપ"માં લખે છે :–

"આ વાતને ખૂબ જ હવા દેવામાં આવી છે કે મુહમ્મદ ﷺએ પોતાના ધર્મને તલ્વારના જોરે ફેલાવ્યો.....જો દીન તલવારના જોરે ફેલાયો હતો

તો જોવાની વાત એ છે કે આ તલવાર ક્યાંથી આવી ?! દરેક નવી વાત શરૂઆતમાં માત્ર એક જ માણસની બુદ્ધિમાં જન્મે છે. પ્રથમ એક જ માણસ એ વાતમાં યકીન ધરાવે છે, એક માણસ એક તરફ અને આખી દુનિયા બીજી તરફ હોય છે. આવા સંજોગોમાં ત્યાં તો એકલો માણસ તલવાર લઈ પોતાની રાય તથા વાતનો તલ્વારના જોરે પ્રચાર કરવા લાગે તો તે લોકોનું કાંઈ પણ નહીં બગાડી શકે. ઈસ્લામે તલ્વારનો ઉપયોગ નથી કર્યો બલ્કે શાર્લીમાને સેકસન કુટુંબોને તલ્વારના બળે ઈસાઈ બનાવ્યા છે, તબ્લીગથી નહીં !"

માયકલ અકબર જે બારમી સદીના અંતમાં જીવંત હતો અને જેણે ઈસાઈઓ પર રૂમી જુલ્મને નિહાળ્યો તેનું કથન થોમ્સ આર્નોલ્ટે નકલ કર્યું છે :

"મને આરબોની કામયાબીઓમાં અલ્લાહની મદદ જણાય છે, અલ્લાહ તઆલાએ જ્યારે રૂમી જુલ્મને જોયો તો હઝરત ઈસ્માઈલની નસલના આરબોને મોકલ્યા કે તેઓ ઈસાઈઓને રૂમીઓથી છૂટકારો અપાવે."

ઈસાઈઓએ અધિક પ્રમાણમાં ઈસ્લામ સ્વીકાર કર્યો, તેમાં કોઈપણ બળ તથા જબરદસ્તી ન હતી, એમને ઈસ્લામને એટલો સીનાથી લગાડયો હતો કે તેમાં તેઓને દુનિયા તથા આખિરતને કામયાબ બનાવનાર બંધારણ મળ્યું.

**Orientalist** (ફિરંગી ઈતિહાસકારો)એ ઈસ્લામી ગઝવાત તથા જંગોને ડાકૂગીરી નામ આપ્યું છે અને ઈસ્લામ વિરૂધ્ધ આ આક્ષેપને સાબિત કરવા માટે એ પુરાવો આપ્યો કે, "ધાડ પાડવી તથા બીજાનો માલ છીનવી લેવો આરબોનો સામાન્ય નિયમ હતો. મદીનામાં મુસલમાનો પાસે આર્થિક શક્તિ ન હતી માટે તેમણે પણ સામાન્ય આદત મુજબ ડાકૂગીરી અને લૂટફાટ ચલાવી અને તેને જ પોતાનો ધંધો બનાવ્યો." તેમનો આ આક્ષેપ વિવિધ રીતે ગલત સાબિત થાય છે.

પ્રથમ એ કે ઈસ્લામે મુસલમાનોને જેહાદની રજા ડાકૂગીરી કરવા માટે નથી આપી પરંતુ જમીનથી ફિત્ના તથા ફસાદ ખતમ કરવા અને દીનની દા'વતના રસ્તાની દરેક આડશોને દૂર કરવા માટે આપી. ઈસ્લામે મુસલમાનોને ફિત્ના તથા ફસાદ ખતમ થતા સુધી જેહાદ ચાલુ રાખવાનો હુકમ કર્યો હતો. પોતે ફિત્ના તથા ફસાદની મુસલમાનોને કદીયે છૂટ આપવામાં આવી નથી. જમીનમાં ફિત્નો કરવો એ પણ એક મોટો જુર્મ છે, આ જુર્મની સજા એટલી સખત છે કે ઈસ્લામના સમીક્ષકો તેને જાલિમાના સજા ઠરાવે છે.

ઓરિએન્ટલિસ્ટોનું કહેવું છે કે મુસલમાનોનું આર્થિક આવક માટેનું કોઈ કામ ન હતું માટે તેઓ ધાપ મારવા મજબૂર હતા. આ વાત એટલા માટે ખોટી છે કે ઘણીયે ચળવળો કબીલાઓ સાથે સમાધાનના કારણે સમાપ્ત થઈ. જ્યારે ધાડ પાડવા માટે કોઈ જાય છે તે કોઈ પણ રીતે પોતાના શિકાર સાથે સમાધાન નથી કરતો. આ સિવાય જે જંગોમાં મુસલમાનોના હાથે કાફિરોનો માલ આવ્યો હતો એ બનાવો હિજરતના ૧૭ માસ પછી બન્યા હતા. જો આ વિરોધીઓના ખયાલો તથા આક્ષેપને કબૂલ કરી લેવામાં આવે તો સવાલ પેદા થાય છે કે જો તેમનું ગુજરાન માત્ર ડાકૂગીરી પર જ હતું તો ૧૭ મહીના સુધી શું કર્યું અને કઈ રીતે જીવીત રહ્યા ?!

સત્ય એ છે કે મુસલમાનોને પોતાના ગુજરાન માટે માલની આવશ્યક્તા ન હતી અને ન તો વ્યાપારી ગૃપો પર તેઓની નજર હતી બલ્કે તેમણે સંજોગોને અનુલક્ષીને મેહનત, મજૂરી તથા વ્યાપાર વ્યવહારથી હલાલ રોજી મેળવવાની કોશિશો શરૂ કરી દીધી હતી. અન્સાર સહાબાએ પોતાના મુજાહિદ મુહાજિર ભાઈઓ માટે અજોડ ખુલૂસને જાહેર કર્યો હતો. તેઓ તંગીમાં પોતાનુ જીવન ગુજારી રહ્યા હતા પણ ખુશ હતા કે તેમનો મઝહબ ખૂબ ફેલાઈ રહ્યો હતો.

ગઝવાત તથા જંગોના નામે ઈસ્લામ વિરોધી ફિરંગી ઈતિહાસકારોએ પ્યારા નબી ﷺ પર લગાડેલ દરેક આક્ષેપ પાયાહિન છે. આ જંગો ન તો દુશ્મનોને ઉભારવા તથા ધાપ મારવા હતી અને ન તો એનો મકસદ લોકોને બળજબરીથી મુસલમાન બનાવવાનો હતો, પરંતુ આ ગઝવાત તથા જંગો એક એવી કૌમના સામના તથા હિકમત અમલીનો ભાગ હતી જે કૌમને ચારેકોરથી દુશ્મનોએ ઘેરી લીધી હતી, પણ એ કૌમ દુશ્મનો વચ્ચે ઈજ્જત તથા વકાર સાથે જીવવાની ઈચ્છુક હતી, માત્ર પોતાના માટે જ નહીં બલ્કે આખા જગતની ઈન્સાનિયતને ખાતર જીવવા ઈચ્છતી હતી. અલ્લાહ તઆલાએ જે ઈમાની રોશનીથી તેમને પ્રજ્વલિત કર્યા હતા તે રોશનીને દુનિયાના ખૂણે ખુણે પહોંચાડવા ચાહતી હતી. અને આ મકસદ કાજે પોતાની દરેક વસ્તુ કુર્બાન કરવા માટે તૈયાર હતી.

આશ્ચર્ય તથા અચંબાની વાત તો એ છે કે જેઓ ન તો પશ્ચિમી દાદાગીરીને ડાકૂગીરીનું નામ આપે છે, ન તો મધ્ય પૂર્વના તેલ પર કબ્જો કરવા લાખો લોકોના લોહીની હોળી ખેલનારાઓને ડાકૂ કહે છે, અને તો ઈન્સાની શક્લના જાનવરોને ડાકૂ કહે છે અને ન તો હાલના સંજોગોને જોતાં વર્તમાનકાળના હિટલર ''બુશ તથા તેના ટેકેદારો''ને ડાકૂ કહે છે જેમણે પોતાના રાજકીય તથા આર્થિક ફાયદા માટે કરોડો ઈન્સાનોની આઝાદી તથા જિંદગીનું ચૈન છીનવી લીધું છે, તેઓ ખુદાના રહ્મતુલ્લિલ આલમીન નબી ﷺ અને તેમના જાંનિષારો પર ડાકૂગીરીનો આક્ષેપ લગાડે છે ! આથી મોટો ઈન્સાફનો કાતિલ મળવો અશક્ય છે. જેઓ ઈસ્લામના જેહાદી દષ્ટિકોણ પર વિવિધ આક્ષેપો લગાડે છે તેઓ ઈન્સાફથી બતાવે કે શું દુનિયામાં કોઈ એવી પણ કૌમ થઈ છે જેના જંગી કાનૂનોમાં ઈન્સાફનો એટલો લિહાઝ રાખવામાં આવ્યો હોય જેટલો ઈસ્લામમાં છે.

ઓરિએન્ટલિસ્ટોએ જે આક્ષેપો પ્યારા નબી ﷺ પર લગાડયા છે તે ઉપરોક્ત લખાણના આધારે વિના દલીલના સાબિત થયા છે અને પ્યારા નબી ﷺનું દામન ખૂબ જ પાક તથા દરેક આક્ષેપથી સાફ છે.

*(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી ત્રિમાસિક, જાન્યુ.થી માર્ચ–૦૬)*

## ઔલિયાએ કિરામના સાચા કે બનાવટી ફોટા રાખવા કેવા ?

**રજૂ. ઈમરાન રઝા દયાદરવી (મુબારકપુર)**

બુઝુર્ગાને દીનના બનાવટી ફોટા વગેરે દુકાન વગેરેમાં રાખવાની વબા આજકાલ ઘણી જ પ્રચલિત છે, એટલે સુધી કે અમુક લોકો પોતાના પીર તથા બુઝુર્ગોની તસ્વીરો ફ્રેમમાં ચઢાવી તેના પર ફૂલ માળાઓ વગેરે ચઢાવે છે, લોબાન બત્તી કરે છે, વળી અમુક અજ્ઞાની ઈલ્મે દીનથી કોરા તેમની સમક્ષ મૂર્તિપૂજકો, કાફિરોની જેમ હાથ બાંધી ઊભા થઈ જાય (નમન પણ કરે) છે, આ બધાં કૃત્યો સખત હરામ તથા તેમાં કુફ્રનો પણ ભય છે. (અલ્લાહની પનાહ !) કારણ કે જાનદારના ફોટાઓ સમક્ષ હાથ બાંધી ઊભા રહેવું, ફૂલહાર ચઢાવવા વગેરે કાફિરોનાં કામો છે.

સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, ''અલ્લાહ عزوجل ઈબ્લીસ (શૈતાન)ના ધોકાથી પનાહ આપે, દુનિયામાં મૂર્તિપૂજાનો આરંભ આજ રીતે થયો કે સારા અને નેક લોકોની મહોબ્બતમાં તેમની તસ્વીરો બનાવી મકાનો અને મસ્જિદોમાં તબર્રુકન રાખી લીધી, ધીરે ધીરે તે જ તસ્વીરો મઅબૂદ બની ગઈ. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૦, પેજ–૩૭)*

બુખારી અને મુસ્લિમ શરીફની હદીષ છે કે, ''વૂદ સુવાઅ, યગૂષ, યઊક્ અને નસ્ર જે મુશ્રિકો (મૂર્તિપૂજકો)ના મઅબૂદ તથા બુત હતાં જેમની તેઓ પૂજા કરતા હતા, જેમનું વર્ણન કુર્આનમાં પણ છે, સર્વે હઝરત નૂહ علیہ السلام ની કૌમના નેક લોકો હતા, તેમના મરણ બાદ કૌમે નૂહે તેમની મૂર્તિઓ બનાવી પોતાની બેઠકોમાં રાખી લીધી. તે સમયે તો તેમની મહોબ્બતમાં જ આમ કરવામાં આવ્યું હતું પરંતુ પછીના લોકોએ તેમની પૂજા શરૂ કરી દીધી. હદીષની કિતાબોમાં આવી અનેક હદીષોનું વર્ણન છે.

સારાંશ એ કે જાનદારની તસ્વીર, ફોટા ઈસ્લામમાં **હરામ** છે અને ઔલિયાએ કિરામ, બુઝુર્ગાને દીન, અલ્લાહવાળાઓ તથા પીરોની તસ્વીરો તો એથી અધિક હરામ છે. પ્યારા મુસલમાનો ! આ કૃત્યો કાફિરો અને ઈસ્લામ દુશ્મન શક્તિઓનાં કાવત્રાં છે, તેઓ તમને પણ પોતાની જેમ મુશ્રિક કરવા ઈચ્છે છે કે તમારાથી કુફ્રિયા કૃત્યો કરાવી પોતાના સંગ તમને પણ જહન્નમમાં લઈ જાય.

સત્યની શોધ

# મેં ઈસ્લામ શા માટે કબૂલ કર્યો ?!

## એક ઓસ્ટ્રેલિયન ખાતૂન સીસીલા મહમૂદાની કહાની ખૂદ તેણીની જ ઝબાની

રજૂકર્તા : ફરજાના અલી પટેલ દયાદરા

સૌથી પહેલાં હું આપને જણાવી દેવા ઈચ્છું છું કે હું મુસલમાન છું, જો આપને હું આમ કહું કે ઈસ્લામ કબૂલ કરવાથી પહેલાં પણ હું મુસલમાન હતી, તો આપને નવાઈ ન લાગવી જોઈએ. પરંતુ હું એ કહું છું કે પૈદાઈશી રીતે હું મુસલમાન છું. જ્યારે હું આવું કહું છું કે પૈદાઈશની રીતે હું મુસલમાન છું તો મારી નજર સામે આ મુબારક હદીષ છે કે :–

كل مولوديولد على الفطرة ووالداهٗ

يهودانه اويمجسانه اوينصرانه

**ભાવાર્થ** : ''દરેક બાળક જ્યારે પૈદા થાય છે તો એ મુસલમાન હોય છે. અલ્લાહ તઆલા દરેક બાળકને ફિતરતની (પ્રાકૃતિક) રીતે દીને ઈસ્લામ પર જ પૈદા કરે છે. કોઈ બાળકને કાફિર બનાવીને પૈદા નથી કરવામાં આવતું. પૈદાઈશના સમયે દરેક બાળક મુસલમાન હોય છે. પરંતુ જેમ જેમ એ સમજતું થાય છે એનો માહોલ એના પર અસર કરવા લાગે છે. એનાં માતા પિતા પોતાના અકીદાઓને એના દિમાગ પર સવાર કરી દે છે, તે એને યહૂદી કે નસરાની બનાવી દે છે.'' હવે બાળક એ જ બધું કરવા લાગે છે જે એનાં માતા પિતા એને કરવાનું કહે છે. હકીકત એ જ છે કે અલ્લાહ જ એનો ખાલિક છે, કાઈનાત પર એનો હુકમ ચાલુ છે એના હુકમના વગર કોઈ કામ નથી થઈ શકતું, ત્યાં સુધી કે પાંદડું પણ એના હુકમના વગર નથી હાલી શકતું, પરંતુ બાળકનાં માતા પિતા પોતાના બાળકનો ચેહરો ગૈરુલ્લાહની તરફ ફેરવી દે છે, તેઓ મૂર્તિઓની આગળ સજદામાં પડી જાય છે, પહાડો, દરિયાઓ અને સમંદરોને પણ પોતાનો મા'બૂદ બનાવી લે છે, એના દિમાગ પર અંધકારનો પર્દો પડી જાય છે. જિંદગીનો મતલબ એની પીઠ પાછળ ચાલી જાય છે. તે અલ્લાહને છોડીને ફિતરત પ્રમાણેની ચીજોથી ડરવા લાગે છે. એનો આ જ ડર એનામાં એ એહસાસ પેદા કરે છે કે જે એનાથી વધારે તાકતવર એ જ એનો ખુદા છે. એ જ કારણે દુનિયાની ઘણી બધી કૌમો જાનવરોની ઈબાદત કરે છે, સિંહ, ચિત્તા, હાથી, વાંદરા ઈન્સાનના મુકાબલામાં શક્તિશાળી તથા તગડાં હોય છે, એટલા માટે જાનવરોને જ અમુક કૌમોમાં મઅબૂદનો દરજો પ્રાપ્ત છે. આ કોમો પોતાની જરૂરિયાતો આ જાનવરોની સામે રજૂ કરે છે ! અને એમનું યકીન છે કે જાનવર એમના મદદગાર થઈ શકે છે ! સાપ અને ઉંદરને પણ પોતાની ઈબાદતનુ મઝહર બનાવવાવાળા લોકો મૌજૂદ છે ! ઈસ્લામ આ તમામ જૂઠા અકીદાઓની રદ કરે છે અને એલાન કરે છે કે દરેક બાળકને અલ્લાહે મુસ્લિમ ફિતરતની સાથે પૈદા કર્યું છે એટલે એને મુસલમાન બનાવીને દુનિયામાં મોકલ્યો છે. આવી હાલતમાં જો હું એવું કહું છું કે હું મારી પૈદાઈશથી પહેલાં આલમે અરવાહ (રૂહોની દુનિયા)માં મુસલમાન હતી અને જ્યારે હું પૈદા થઈ તો એ સમયે પણ મુસલમાન હતી, તો એમાં કોઈને પણ નવાઈ ન થવી જોઈએ.

જેથી જ્યારે હું સમજદાર થઈ તો મેં ખૂદને એક ઈસાઈ કુટુંબમાં જોઈ. મારું કુટુંબ વધારે પડતુ ધાર્મિક હતું. ઈસાઈઓના તહેવારો ઘણા ધામધૂમથી

અમારા કુટુંબમાં મનાવવામાં આવતા હતા. મારા પિતા અધિક સંબંધીઓવાળા હતા, જ્યારે એ લોકો ભેગા થતા અને વાતચીત કરતા તો અધિક્તર એમની વાતચીત ધાર્મિક પદ્ધતિ પ્રમાણેની થતી હતી. હઝરત ઈસાથી સંબંધિત જૂની વાર્તાઓ કહ્યા કરતા હતા. યાક રૂહ મરયમને નૂરનું પૂતળુ કહેતા હતા. જેનાથી કોઈ ગુનોહ થયો નથી, પરંતુ નવાઈની વાત એ હતી કે ખુદાનો ઝિક્ર એ લોકો ઘણો ઓછો કરતા હતા. એમનું કહેવાનું એ હતું કે ખુદાનું અસ્તિત્વ જરૂર છે એના અસ્તિત્વથી ઈન્કાર કરવો શક્ય નથી, પરંતુ મસીહ અને મરયમ આ દુનિયાને ચલાવવામાં વધારે શક્તિમાન છે અને જે કાંઈ છે તે આ બંનેના કબ્જામાં છે. જો એ બંનેવ આ કુદરતના કારખાનાને ન ચલાવે તો સંતુલન બગડી જશે. હું મારી વડીલોની વાતો સાંભળતી હતી, પરંતુ મારી સમજમાં કાંઈ ન આવતુ હતું. એનું પરિણામ એ આવ્યું કે ધીમે ધીમે ઈસાઈયતના સંબંધથી મારો અકીદો કમજોર પડતો ગયો. અને અનુભવ થવા લાગ્યો કે આ લોકોના અકીદામાં કોઈ ખામી છે. ખામી શું છે એ તો હું સમજી શકતી ન હતી, જેથી એટલું જરૂર હતું કે મારું દિલ તથા દિમાગ ઈસાઈયતથી દૂર થતુ ચાલ્યું.

કેટલાય એવા મોકાઓ પણ આવ્યા જ્યારે કેટલીક ખાસ વ્યક્તિઓનું આગમન અમારે ત્યાં થયું તો મેં નાદાનીની સાથે એમનાથી થોડીક વાતો પૂછી, જે મારી સમજમાં ન આવતી હતી. મારો વિચાર એ હતો કે પોતાની બુદ્ધિની ખામીના કારણથી ધાર્મિક વાતો મારી સમજમાં નથી આવતી, તો આ ખાસ પ્રકારની વ્યક્તિઓથી રહબરી પ્રાપ્ત કરું તો જરૂરથી મારી શંકાઓ દૂર થઈ જશે. પરંતુ એ કહેવાતા બુઝુર્ગોથી સવાલો પૂછવાથી જણાયું કે તેઓ જાતે ગુમરાહ છે અને કદાચ એમની ગુમરાહી મારી ગુમરાહીના સામે વધારે છે ! કેમ કે જો એવું ન હોત તો જે સવાલો મારા દિમાગમાં પેદા થતા હતા તે એમના દિમાગમાં પણ આવવા જોઈતા હતા. પરંતુ આ સવાલોનું એમના દિમાગમાં ન આવવું એ વાતની નિશાની હતી કે તેઓ ભટકેલા હતા, અને જે ખૂદ ભટકેલ હોય તે બીજાને શું હિદાયત આપી શકે છે ? મને એ બુઝુર્ગોએ કહ્યું કે ઈસાઈ મઝહબ જેવો છે એને એવો જ માનવામાં આવે, અને જે સવાલો મારા દિમાગમાં ઉઠી રહ્યા હતા એને એમણે શૈતાની ખયાલ ગણાવ્યું. મારા માતા પિતાને સૂચના આપી કે તેઓ મારી સખત દેખરેખ રાખે અને મને ઈસાઈયત પર કાયમ રાખવાના માટે ચર્ચમાં મોકલતા રહે. મને સમજાવતા રહે કે ખુદા મસીહ અને મરયમના વિશે બાબઈલ જે કાંઈ કહે છે એ સાચું છે અને એના પર મારે ઈમાન રાખવું જોઈએ.

પરંતુ હું સારી ફિતરત લઈને આવી હતી. આજે ઈસ્લામ કબૂલ્યા પછી પણ મારી ફિતરત એ છે કે હું એ ચીજને કબૂલ કરું છું, જે મારી સમજમાં આવી જાય. ઈસ્લામની ખૂબી જ એ છે કે એ ફિતરતના પ્રમાણે છે. ફિતરત આપણાથી જે માંગણી કરે છે, ઈસ્લામ પણ એ જ માંગણી આપણાથી કરે છે. જો આપણે ઈસ્લામના નિયમોની પાબંદી કરીએ છીએ તો એનો અર્થ એ છે કે આપણે ફિતરતના નિયમો પર ચાલી રહ્યા છીએ, જ્યારે કે ઈસાઈયત ફિતરતના નિયમોના બિલકુલ વિરૂધ્ધ છે. એમણે અલ્લાહના અસ્તિત્વને ત્રણમાં વહેંચી દીધું છે. એનાથી વધારે ફિતરતની વિરૂધ્ધ વાત કોઈ બીજી નથી હોઈ શકતી કે તેણે ખુદાની જાતને જ ત્રણ હિસ્સાઓમાં વહેંચી દીધો છે ! જે કૌમ ખુદાને જ ત્રણ હિસ્સાઓમાં વહેંચી દે તે ખૂદ એક કઈ રીતે થઈ શકે છે !

કુર્આન મજીદમાં જગા જગા ઈન્સાનોને ફિતરતના ઉગમ સ્થાનોની તરફ ધ્યાનિષ્ઠ કરવામાં આવ્યા છે અને કહેવામાં આવ્યું છે કે ફિતરત ઉદ્ભવસ્થાનો એ વાતની દલીલ છે કે ખુદા એક છે, જો ખુદા એકથી વધારે હોત તો આ દુનિયા ચાલી જ નથી શકતી હતી. એક ખુદા કહેતો કે સૂરજ ઊગી

જાય, પરંતુ બીજો ખુદા કહેતો કે અત્યારે ન ઊગે. આ જ વિરોધાભાસ સૂરજના ડૂબવાની બાબતમાં બની શકે છે. આ પરિસ્થિતિને દરેક બાબતમાં ધારી શકાય છે. હવાઓ પોતપોતાની દિશાઓમાં ચાલે છે, ઋતુઓ પોતાપોતાના વખત પર તબદીલી કરતી રહે છે, જમીનથી પેદાવાર મોસમના સંબંધથી થાય છે. કુર્આન મજીદ દુનિયાવાળાઓથી ધ્યાનિષ્ઠ કરે છે કે તે જમીનથી નીકળનાર જુદા જુદા ઝાડોને જુએ કે એમને જમીન ફાડીને કેવી રીતે કાઢવામાં આવ્યાં. આ ઝાડો વિવિધ પ્રકારનાં છે, જાત જાતના ફળો એનામાં પેદા થાય છે. એ જરૂરી નથી કે એક જાતનું ફળ કોઈ બીજી જાતનાં ઝાડથી પેદા થઈ જાય. જે ફળ જે પ્રકારના ઝાડના માટે નક્કી છે એ જ ફળ એમાં આવશે, કોઈ બીજી જાતનું ફળ એનાથી પેદા નથી થઈ શકતું. સેંકડો જાતનાં ફૂલ આ દુનિયાને મેહકાવી રહ્યાં છે, દરેક ફૂલની રંગત અને એની ખૂશ્બુ જુદી છે. અસંખ્ય પક્ષીઓ છે જે કિલ્લોલ કરી રહ્યાં છે, દરેક પક્ષીનો અવાજ જુદો જુદો છે. દુનિયાનું મહાનથી મહાન મ્યુઝીક આ પક્ષીઓનાં કિલ્લોલનો મુકાબલો નથી કરી શકતું. અસંખ્ય પશુ અને ચોપગાં જમીન પર ઘૂમી રહ્યાં છે, સમુદ્રોમાં એક બીજી જ દુનિયા આબાદ છે, એમાં રહેનારી મખ્લૂક બુદ્ધિને દંગ કરી દે છે. આ કુદરતનો સામાન્ય કારોબાર એ વાતની દલીલ છે કે ખુદાની જાત એક છે, અને જો જાતે ખુદાવંદી એક ન હોત તો આ દુનિયા અસ્તિત્વ જ પામી શકતી હતી. ખુદાને એકથી વધારે હિસ્સાઓમાં વહેંચી દેવું ઈન્સાની અક્કલના દેવાળીયાપણાની નિશાની છે.

ઈસ્લામમાં દાખલ થવાનો બનાવ પણ ઘણો વિસ્મયજનક છે, એટલો વિસ્મયજનક કે એની કલ્પના પણ આપ નથી કરી શકતા. થયું એવું કે એક દિવસ મારી મોટી દીકરી પોતાની સ્કૂલની કોઈ મુસલમાન જમાઅતવાળી છોકરી પાસેથી એક કિતાબ લઈ આવી. મેં જોયું કે મારી દીકરીના હાથમાં કોઈ નવી કિતાબ છે અને તે એને ધ્યાનથી વાંચી રહી છે. હું દીકરીના નજીક ગઈ અને એના હાથમાંથી કિતાબ લઈ લીધી. કિતાબનો વિષય "ઈસ્લામ" હતો. મેં દીકરીને કિતાબના વિશે પૂછયું તો એણે જણાવ્યું કે એના કલાસમાં ફૌઝીયા નામની એક મુસ્લિમ છોકરી છે જે એનાથી ઘણી જ નિખાલસ રીતે વર્તે છે. ફૌઝીયા આ કિતાબ વાંચી રહી હતી જેને વાંચવાના માટે મારી પુત્રી લઈ આવી હતી. મેં મારી પુત્રીની સાથે એ કિતાબ વાંચી, જેમ જેમ કિતાબનાં પાનાં પલટાતાં ગયાં, મારા દિલ તથા સમજની દુનિયા બદલાવા લાગી. મને લાગ્યું કે મારી ગુમ થયેલ મતા મને મળી ગઈ છે, એ ઈમાની મતા જેને આસમાનથી લઈને હું આવી હતી અને ઈસાઈ ઘરાનામાં તે ગુમ થઈ ગઈ હતી. મારી પુત્રી પણ કિતાબના વિષયથી ઘણી જ પ્રભાવિત હતી. મેં મારી પુત્રીને કહ્યું કે તે પોતાની જમાઅતવાળી સહેલીને ઘરે લઈને આવે. ફૌઝીયા અમારા ઘરે આવી ગઈ. એની સાથે અમે ઘણી બધી વાતો કરી. ફૌઝીયાએ જણાવ્યું કે એના પિતા એક વેપારી છે. ફૌઝીયાએ એમને પોતાના ઘેર બોલાવ્યાં, અમારી આવજા એના ઘરે ચાલુ થઈ ગઈ. ઈસ્લામના વિશે ઘણી બધી જાણકારી અમને એ લોકોથી પ્રાપ્ત થઈ. મુસલમાનોનાં કેટલાય ઈજતમાઓમાં આકસ્મિક જવાનું નસીબ થયું. અમારામાં એ તમન્ના પેદા થવા લાગી કે અમે ઈસ્લામ કબૂલી લઈએ. એક દિવસ ફૌઝીયાના ઘરવાળાંઓની સામે અમે અમારી એ તમન્નાની જાહેરાત કરી જેનાથી તે લોકો ઘણા જ ખુશ થયાં. મને અને મારી પુત્રીને ઈસ્લામિક સેન્ટરમાં લઈ જવામાં આવ્યાં જ્યાં અમારું ઘણી જ નિખાલસતાની સાથે સ્વાગત કરવામાં આવ્યું. ઓસ્ટ્રેલિયાના મુફતીએ અમને કલ્મએ શહાદત પઢાવીને ઈસ્લામના વર્તુળમાં દાખલ કરી દીધાં. અલ્હમ્દુલિલ્લાહ ! અમે માં દીકરી મુસલમાન છીએ. અમને શું ખબર હતી કે ઈસ્લામી કિતાબ અમારી જિંદગીમાં ઈન્કેલાબ ખડો કરી દેશે. *(નઈ દુન્યા અઠવાડિક (ઉર્દૂ), ૫ થી ૧૧ નવે–૦૫, પેજ–૧૭)*

# આબે ઝમઝમ શરીફ એક જીવંત મો'જિઝો

-કાર્યાલય

અલ્લાહ તઆલાએ આસમાન તથા જમીનને પેદા ફર્માવી આસમાનને થાંભલા વગર ઊભુ કરી દીધું, જમીનને પહાડોના થકી સ્થિર કરી, આસમાનને તારાઓથી સજાવ્યું, જમીનને રંગબેરંગી નક્શાઓ વડે સજાવ્યું, આસમાનને પોતાની નૂરાની મખ્લૂક ફરિશ્તાઓથી ભરી દીધું, જમીનને અશરફુલ મખ્લૂકાત ઈન્સાનોથી આબાદ કરી. ઈબ્ને આદમના ફાયદા તથા ભલાઈ માટે રોજીના ઝરીયા પેદા કરી આગ, હવા, માટી, પાણી, ચાંદ, સૂરજ અને બીજી કુદરતી ચીજો જેના પર ઈન્સાની જિંદગીના નિભાવ તથા સલામતીનો આધાર છે, આ બધી ચીજો ઈન્સાની જિંદગીના કુદરતી વસીલા છે જે ખુદાએ આપ્યા. એ ખાલિકે કાઈનાતે જમીન પર અગણિત અજાયબીઓની પૈદાઈશ કરી જેની સાચી ઓળખથી ઈન્સાનની બુદ્ધિ પર છે, એવી એવી અજાયબીઓને કુદરતે સર્જી છે કે બુદ્ધિના અલંકારથી સજજ ઈન્સાન એમની હકીકત સમજવાથી આજિઝ છે. એ જ આશ્ચર્યજનક કુદરતી અજાયબીમાં "આબે ઝમઝમ શરીફ" પણ છે જે હજારો વર્ષો પહેલાં દુનિયામાં અસ્તિત્વમાં પામ્યું છે અને આજ સુધી સાયન્સી દુનિયામાં એક અજાયબી બનેલ છે.

## આબે ઝમઝમ એક મો'જિઝો

આબે ઝમઝમ હકીકતમાં એક મો'જિઝો અને ખુદાની કામિલ કુદરતનો એક નમૂનો છે. આ એક એવું પાણી છે જેની રંગતમાં બગાડ નથી થતો, જેના સ્વાદમાં બગાડ નથી પેદા થતો, જેની ખૂબીઓમાં ખરાબી નથી થતી, ચાહે કેટલાય દિવસો ભેગુ કરી રાખવામાં આવે છતાંય એવું સાફ તથા ચોખ્ખુ જોવા મળે છે કે ગંધ સુદ્ધા નથી આવતી. જ્યારે કે સામાન્ય પાણી આ રીતે ભેગુ કરી રાખવામાં આવે તો થોડાક જ દિવસોમાં ખરાબ થવા લાગે છે અને ઘણીવાર નુકસાન પણ કરી દે છે. પણ આબે ઝમઝમ નુકસાન તો દૂર રહ્યું પણ બીમારીને પણ દૂર કરી દે છે ! એના વિશે આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان નો એક બનાવ વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ. આપ ફર્માવે છે :–

"ગાયનો ગોશ્ત ખાવાથી મને તરત જ નુકસાન થાય છે. એક સાહબે મારે ત્યાં ન્યાઝનું ખાવા મોકલ્યું અને સાથે જ એ કાગળમાં લખી દીધું કે આમાંથી થોડુ ચાખી લેશો. રસામાં મરચુ વધારે હતું અને હું મરચાથી ટેવાયેલ નથી. મેં એક બોટી સાફ કરીને ખાધી, ઘણુ સારુ પકાવ્યું હતું. મેં એક બોટી અધિક માંગી. એ સમયે જાણવા મળ્યું કે ગાયનો ગોશ્ત છે. દિલમાં ગભરાહટ પેદા થઈ. સૈયદ મહમૂદ અલી સાહબનું ખુદા ભલુ કરે કે એમણે ઘણુ બધુ આબે ઝમઝમ શરીફ મોકલી દીધું છે. જે સમયે પરેશાની જણાઈ તો મેં તરત આબે ઝમઝમ શરીફ પીધુ, સવાર સુધી ક્રમે ક્રમે પીતો રહ્યો, કાંઈ પણ ન થયું. (પછી ફર્માવ્યું) આબે ઝમઝમ શરીફમાં એ મો'જિઝો છે કે બે મહીનાનું ઝમઝમ શરીફ હતુ એનાથી આ નફો થયો, જ્યારે કે વાસી પાણીથી મને નુકસાન થાય છે. *(અલ્ મલ્ફૂઝ, પેજ–૩૨૩)*

ઝમઝમ શરીફ ભરચક ખૂબીઓથી ભરેલુ અને વિવિધ વિશિષ્ટતાઓ ધરાવે છે. ઈમામ અહમદ રઝા عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان એની એક વિશિષ્ટતા આ પ્રમાણે બયાન કરી છે :–

"ઝમઝમ શરીફનો એક મો'જિઝો એ પણ છે કે દરેક સમયે સ્વાદ બદલાતો રહે છે, કોઈ સમયે થોડુક ખારાપણુ, કોઈ સમયે ઘણુ જ મીઠુ અને રાતના બે વાગે જો પીવામાં આવે તો તાજુ જ દોહેલુ

ગાયનું દૂધ જણાય છે." *(હવાલો ઉપર મુજબ)*

બ્રિટનના વડાપ્રધાન મિસ્ટર ચર્ચિલ જ્યારે સુલ્તાન ઈબ્ને સઊદની મુલાકાતના માટે ગયા તો સુલ્તાનના ખાદિમે એક ગ્લાસ આબે ઝમઝમ રજૂ કર્યું. મિસ્ટર ચર્ચિલે પીધા પછી પોતાનું મંતવ્ય આ રીતે પ્રદર્શિત કર્યું, "સુલ્તાનના ખાદિમે એક ગ્લાસ આબે ઝમઝમ રજૂ કર્યું જે એટલું મીઠુ અને સ્વાદિષ્ટ હતું કે મેં જિંદગીભર આવુ પાણી નથી પીધું."

## આબે ઝમઝમની ઐતિહાસિક હકીકત

ખુદાના મુકદ્દસ પૈગંબર હઝરત ઈબ્રાહીમ علیہ السلام ઘણા જલીલુલ કદર અને મહાન મર્તબાના રસૂલ છે, આપને અલ્લાહે જાત જાતની નેઅમતોથી નવાઝયા હતા. ખુદાના ફઝલો કરમથી દુનિયાની જરૂરિયાત એટલે ખાવા પીવાની ચીજો, રહેવાના માટે મકાનોની કોઈ કમી ન હતી, પણ ખુદાની શાન કે લાંબા સમય સુધી આપના ઘરમાં કોઈ ફરઝંદ પેદા ન થયું. આપ સાલેહ ફરઝંદની તમન્નામાં વારંવાર રબ્બે કરીમની બારગાહમાં દુઆઓ માંગતા રહેતા હતા : رب هب لی من الصالحين "રબ્બિ હબ્લી મિનસ્સાલિહીન." અય મારા પરવરદિગાર ! મને નેક પુત્ર અતા ફર્માવ !" દર્દમંદ દિલથી ઈખ્લાસની સાથે નીકળેલ આપની આ દુઆ કબૂલ થઈ. અલ્લાહે આપની આ દુઆને કબૂલિયતનો શરફ આપ્યો. ઈર્શાદ ફર્માવ્યો : فبشرناه بغلام حليم "તો અમે એને ખુશખબરી સંભળાવી એક સહનશીલ છોકરાની."

દુઆની કબૂલિયતના પરિણામે હઝરત ઈબ્રાહીમ علیہ السلامનાં નાની પત્ની હઝરત હાજરાના પેટથી હઝરત ઈસ્માઈલ علیہ السلام પેદા થયા. હઝરત હાજરાના પેટથી ઈસ્માઈલ علیہ السلامની પેદાઈશ પર હઝરત ઈબ્રાહીમ علیہ السلامનાં મોટાં પત્ની સારાને ઘણો રસ્ક થયો અને એ રસ્ક એટલી હદ સુધી પહોંચ્યો કે એમણે પોતાના શોહરથી કહ્યું, "હાજરા અને તેના બાળકને મારી નજરોથી દૂર રાખવામાં આવે અને કોઈ એવી જગા પર છોડી આવો જ્યાં ખાવા પાણી ન હોય." હઝરત ઈબ્રાહીમ علیہ السلامને અલ્લાહના તરફથી હઝરત સારાને રાજી રાખવાનો હુકમ આપવામાં આવ્યો હતો, એટલા માટે એમની ઈચ્છાને રદ ન કરી શક્યા. આ બાજુ વહી આવી કે, "અય ઈબ્રાહીમ ! હાજરા, ઈસ્માઈલ અને ખૂદ આપના માટે ભલાઈ એમાં છે કે સારા જે કાંઈ કહી રહ્યાં છે એને માની લેવામાં આવે અને તેણીને એ જમીન પર છોડી આવો જેને મેં કિબ્લાએ અવ્વલ બનાવવાના માટે પહેલા દિવસથી પસંદ કરી લીધી છે."

હઝરત ઈબ્રાહીમ علیہ السلام હાજરા અને એમના દૂધ પીતા બાળક ઈસ્માઈલ علیہ السلامને લઈને ચાલ્યા અને જ્યાં આજે કા'બા છે એ જગ્યાએ ઝમઝમના હાલના સ્થળના ઊંચાઈવાળા ભાગ પર એમને છોડી દીધાં. એ જગા વિરાન અને ઉજ્જડ હતી, પાણીનું પણ નામો નિશાન ન હતું. હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ ખજૂરની એક થેલી અને પાણીની મશક પત્નીની સામે રાખી અને એમની તરફથી મોં ફેરવીને પાછા પગલે ચાલવા લાગ્યા. જ્યારે હઝરત ઈબ્રાહીમ علیہ السلام જવા લાગ્યા તો હાજરા એમની પાછળ એવું કહેતાં કહેતાં ચાલ્યાં, "અય ઈબ્રાહીમ ! આપ અમને આવી વાદી (ખીણ)માં છોડીને ક્યાં જઈ રહ્યા છો ? જ્યાં ઈન્સાન છે અને ન કોઈ ગમખ્વાર ?!" હઝરત હાજરાના કેટલીયવાર પૂછવા પર પણ આપે કોઈ જવાબ ન આપ્યો અને ચૂપચાપ ચાલતા રહ્યા. છેવટે હાજરાએ પૂછયું, "શું ખુદાએ આપને એનો હુકમ આપ્યો છે ?! હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ ફર્માવ્યું, "હા ! ખુદાનો હુકમ છે." જ્યારે હઝરત હાજરાએ એ સાંભળ્યું તો કહ્યું, اذن لا يضيعنا "જો આ ખુદાનો હુકમ છે તો તે અમને કદીપણ બરબાદ કરશે નહીં." અને પોતાની જગા પર પાછાં આવીને શાંતિથી બેસી ગયાં.

હઝરત ઈબ્રાહીમ علیہ السلامના પાછા ચાલ્યા ગયા પછી હઝરત હાજરા થોડાક દિવસ સુધી મશકમાંથી પાણી પીતાં થેલીમાંથી ખજૂરો ખાતાં અને નાના ઈસ્માઈલને દૂધ પીવડાવતાં રહ્યાં. છેવટે એક એવો સમય પણ આવ્યો કે ન પાણી રહ્યું ન ખજૂરો. આપ સખત પરેશાન થયાં, ત્યાં સુધી કે ભૂખ તરસની તકલીફમાં દૂધ પણ સૂકાઈ ગયું અને બાળકનો જીવ ખતરામાં પડી ગયો. તકલીફની સખ્તીથી બાળક તડપી તડપીને એડીઓ રગડવા લાગ્યું. મમતાની માર્યી માંથી આ જીવ તડપાવનાર દશ્ય ન જોઈ શકાયું. એકદમ નજીકની પહાડી સફા પર ચડયાં કે કદાચ કોઈ વ્યક્તિ મળી જાય કે ક્યાંક પાણી નજર આવી જાય, પણ કોઈ નજર ન આવ્યું. પછી બાળકની મહોબ્બતમાં ડૂબીને વાદીમાં આવી ગયાં. પછી બીજી તરફની પહાડી મરવહ પર ચડયાં. ત્યાં પણ કાંઈ નજર ન આવ્યું તો ઝડપથી પાછાં ફરીને વાદીમાં ઉતરી આવ્યાં. બેચેનીમાં સાત વાર આમ જ થયું.

જયારે સાતમી વાર મરવહની ટોચ પર પહોંચ્યાં, આખુ શરીર પસીનામાં તરબોળ થઈ ગયું હતું, આપ થાકીને ચૂર થઈ ગયાં હતાં. નિરાશામાં લાચાર થઈને પોતાના વહાલા ફરઝંદની તરફ પાછા ફરવાનું ઈચ્છતાં હતાં કે અચાનક એમણે એક અવાજ સાંભળ્યો, આપ ચોંકી ઊઠયાં, પછી ફરીવાર અવાજ સાંભળવા પર કહ્યું કે જો અહીં કોઈ ફરિયાદ સાંભળીને મદદ કરનાર હોય તો તે ફરિશ્તો જ હશે. જોયું તો બાળકની નજીક એક ફરિશ્તો ઊભો છે. ઈસ્માઈલની એડીની નજીક એણે પોતાની એડી પર માર્યું અથવા નાના ઈસ્માઈલે એડી મારી અને પાણીનું એક ઝરણુ ઊભરાઈ આવ્યું. એ પથરાળી પાણી વગરની ઉજ્જડ જમીન પર હકીકતમાં પાણીનું આ ઝરણુ રહમતનું એ જ ઉદ્ભવ કેન્દ્ર છે જેને આબે ઝમઝમના નામથી ઓળખવામાં આવે છે.

એ ભયથી કે ક્યાંક પાણી વહીને બેકાર ન થઈ જાય માટે હઝરત હાજરા પાણીની ચારો તરફ પાળ બનાવવા લાગ્યાં, પણ પાણી સતત ઉભરાતુ રહ્યું, તો આપે કહ્યું, ઝમઝમ ! (ઠહર ! ઠહર !) નબી અકરમ ﷺએ ફર્માવ્યું : "અલ્લાહ ઈસ્માઈલની માં પર રહમ ફર્માવે, જો તેણી એ ઝમઝમને છોડી મૂક્તે અથવા ફર્માવ્યું, જો એને જલ્દી જલ્દી ખોબો ન ભરતાં તો ઝમઝમ એક વહેતું ઝરણું હોત.

હઝરત હાજરાએ ખૂબ ધરાઈને પાણી પીધું જેનાથી એમનું દૂધ પણ ચાલુ થઈ ગયું. પછી શેહઝાદાને દૂધ પીવડાવ્યું. ફરિશ્તા (હઝરત જિબ્રઈલ علیہ السلام)એ તસલ્લી આપી : "તમે કોઈ ડર ન અનુભવો કે તમે બરબાદ થઈ જશો, બેશક ! અહીંયા બૈતુલ્લાહ છે. એનું બાંધકામ આ બાળક અને એના બાપ કરશે અને અલ્લાહ અહીંયાના રહેવાસીઓને બરબાદ નહીં કરશે."

હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ જે સપાટ મેદાનમાં પોતાના બીબી બચ્ચાંને છોડયાં હતાં એની નજીક જ યમનનો એક કબીલો જરહમ આબાદ હતો. એમની એક જમાઅત શામ જતાં આ મેદાનમાં નીચેના ભાગે ઉતરી. એમણે વાદીના મધ્ય ભાગે પક્ષીઓને ચક્કર કાપતાં જોઈ સમજી લીધું કે અહીંયા પાણી છે. જેથી ખબર લાવવાના માટે થોડાક માણસોને મોકલ્યા. જાણ્યા પછી હઝરત હાજરાની ખિદમતમાં હાજર થયા અને રોકાવાની રજા માંગી. બીબી હાજરાએ રજા તો આપી દીધી પણ ઝમઝમના કૂવાને પોતાની મિલ્કતમાં જ રાખ્યો. જેમ કે ફર્માવ્યું, "રોકાણ તો કરી શકો છો પણ પાણીમાં માલિકીનો હક્ક તમને પ્રાપ્ત થશે નહીં."

હઝરત ઈસ્માઈલ علیہ السلامજ્યાં સુધી જાહેરી હયાતમાં રહ્યા ત્યાં સુધી ખાનાએ કા'બાના મુતવલ્લી અને ઝમઝમના કૂવાના માલિક રહ્યા. આપના પછી પોતાના બેટા નાબત આ મહાન હોદ્દા પર નિયુક્ત થયા અને આ મહાન હોદ્દો અદનાન સુધી ખાનવાદાએ ઈસ્માઈલીમાં જ રહ્યો. અદનાનના પછી હિ.સ. ૨૦૭માં બનૂ જરહમએ વિદ્રોહ કર્યો

અને ઈસ્માઈલને મક્કાથી કાઢી મૂક્યા અને પોતે જ કા'બાના મુતવલ્લી બની બેઠા અને ઝમઝમના કૂવા પર કબ્જો કરી લીધો. એમના સરદાર અમ્ર બિન હારિષે સરદારીના નશામાં જુલ્મની હદ કરી નાખી. એના જુલ્મોથી કંટાળીને તમામ અરબના કબીલાઓ તૈયાર થઈને મુકાબલા માટે ઊભા થઈ ગયા અને અમ્ર બિન લહી ખઝાઈની સરદારીમાં એવો જબરદસ્ત હુમ્લો કર્યો કે બનૂ જરહમ પોતાની અંદર મુકાબલાની તાકાત ન જોતાં યમનની તરફ ભાગી ગયા. પરંતુ ભાગતાં ભાગતાં અમ્ર બિન હારિષે એ નાપાક હરકત કરી કે હજરે અસ્વદ, ગઝાલે કા'બા (સોનાનું હરણ જે જાહિલિયતના જમાનામાં કા'બામાં લટકાવવામાં આવતુ હતું) અને બીજા તબર્રુકોને ઝમઝમના કૂવામાં નાખીને ભરી દીધો અને એની નિશાનીઓ સુદ્ધાં નાબૂદ કરી દીધી. પછી જ્યારે મક્કા એમનાથી ખાલી થઈ ગયું તો બનૂ ઈસ્માઈલ બીજીવાર મક્કામાં આબાદ થઈ ગયા. એ સમયથી હઝરત અબ્દુલ મુત્તલિબના જમાના સુધી ઝમઝમના કૂવાની ખબર ન હતી, અબ્દુલ મુત્તલિબને સતત ચાર દિવસ સુધી ખ્વાબમાં ઝમઝમના કૂવાને ખોદવાનો હુકમ આપવામાં આવ્યો, પહેલાં સંકેતમાં પછી છેલ્લા દિવસે સ્પષ્ટતા સાથે બતાવવામાં આવ્યું. ખ્વાબમાં જગાની નિશાની પણ બતાવવામાં આવી કે લોહી અને લીદના વચ્ચે એટલે કુર્બાનગાહ પર જ્યાં કીડીનું દર છે અને તમારી સામે જ્યાં એવો કાગડો જેનો એક પગ સફેદ હોય તે ચાંચ મારે ત્યાં જ ઝમઝમ છે.

હઝરત અબ્દુલ મુત્તલિબ પોતાના મોટા પુત્ર હારિષને લઈને ઝમઝમના કૂવાના ખોદકામમાં મશગૂલ થઈ ગયા, ત્યાં અસાફ અને નાઈલા નામની બે મૂર્તિઓ લાગેલ હતી અને ત્યાં કુરૈશ કુર્બાની કર્યા કરતા હતા. કુરૈશને એ પસંદ ન આવ્યું કે એમની કુર્બાનગાહ અને દેવતાઓનાં સ્થાનોને ખોદવામાં આવે, જેથી એમણે રોકટોક કરી. હારિષે બધાને મારીને ભગાડી મૂક્યા અને બાપ બેટા બંનેવ કામમાં લાગી ગયા. એના પછી પણ કુરૈશ એક બે વાર આડ બન્યા પણ અબ્દુલ મુત્તલિબે હિંમત ન હારી અને ખોદકામ પૂરુ કરી લીધું. આ રીતે હઝરત અબ્દુલ મુત્તલિબની મહેનત અને કોશિશથી ફરી દુનિયા ઝમઝમથી તૃપ્ત થવા લાગી અને આજે પણ થઈ રહી છે, અને ઈન્શાઅલ્લાહ ! કિયામત સુધી એક આલમ એનાથી પોતાના શરીરની તથા રૂહની તરસ બુઝાવતો રહેશે. *(અશ્રફુસ્સિયર તથા તઝકેરતુલ ઔલિયામાંથી સંક્ષિપ્ત)*

*-ક્રમશઃ*

**આપના બાળકોને ઉચ્ચ દીની તા'લીમ માટે દાખલ કરો !**

**દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી-દયાદરા (તા. જિ. ભરૂચ, ફોન : ૦૨૬૪૨-૨૮૨૭૮૬)ના હમદર્દો જનાબ મૌલાના ઈકબાલ વોરાસમનીવાળા, મૌલાના નિઝામુદ્દીન કુરચણવી, મૌલાના મોહસિન દયાદરવી તેમજ હાફેઝ હસન હલદરવી, જનાબ મૌલાના ઐયૂબ સંભલી, મૌલાના ઈદરીસ પાદરવાલા વગેરેના સહકારથી મુબારકપુર જામિઆ અશરફિયાના સદર સાહબ મુહમ્મદ અહમદ મિસ્બાહી સાહબ થકી અશરફિયામાં બે વરસ તા'લીમ આપીને અનુભવ પામેલ હઝરત મૌલાના મુફતી શયખુલ હદીષ ગુલામ જીલાની મિસ્બાહી સાહબને દયાદરા દારુલ ઉલૂમમાં સદર મુદર્રિસ તરીકે લીધા છે તેમજ જનાબ મૌલાના અબ્દુલ હલીમ સાહબ મિસ્બાહી તેમજ જનાબ મૌલાના યૂનુસ મિસ્બાહી (યુ.પી.) જેઓ ઈ.સ. ૧૯૯૨ના ફારિગ છે એવા અનુભવી ઉસ્તાદો હાલ રાખેલા છે તથા જૂનો સ્ટાફ જે હતો તે પણ અનુભવી તથા સારો છે જેથી અપીલ છે કે આપના બાળકોને દયાદરા દા.ઉ. ખાતે આલિમ હાફિઝ માટે દાખલ કરાવી ઉચ્ચ કક્ષાની તા'લીમ અપાવશો.** *(પ્રમુખ અલીભાઈ ઘંટીવાળાના લખાણનો ટૂંકસાર રજૂ કર્યો છે.)*

# ઈસ્લામમાં હલાલ અને હરામનો ખયાલ

**રજૂકર્તા : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી-દયાદરા**

ખાલિકે કાએનાતે દીન તથા દુનિયાના કાનૂનની આ રીતે વહેંચણી કરી છે કે આખેરતને બદલાની (Place of Reward) જગ્યા નક્કી કરવામાં આવેલ છે અને દુનિયાને મહેનત તથા કામ માટે વકફ કરી દીધી છે. આ જ મહેનત તથા કોશિશ માત્ર રોજી મેળવવાનો જ સબબ નથી પરંતુ આખેરત માટે ખજાનો મેળવવાનો મોટો વસીલો છે.

## ★ જાનવરોની ટેવવાળા માણસો !★

માણસ માટે આખુ જગત એક અનુભવક્ષેત્ર છે જ્યાંથી માણસ પોતાની શક્તિ તથા સમજ મુજબ જીવનના સહારા તથા સામાન મેળવી શકે છે ઘણીવાર એક શક્તિશાળી માણસ ઝુટવીને અને કમજોર માણસ ચોરી કરીને પણ ખાય પી લે છે પરંતુ આ કુટેવ જાનવરોની છે જેઓ પોતાનો ખોરાક કમજોર જાનવરો પાસેથી ઝુટવી મેળવે છે.

માણસના માથે અશરફુલ મખ્લૂકાત (સર્વશ્રેષ્ઠ મખ્લૂક)નો તાજ એટલા માટે જ મૂકવામાં આવ્યો છે કે માણસ રોજી મેળવવામાં પોતાની રોજી પોતાના બળ અને મહેનત તથા સમજદારીના ઉપયોગથી મેળવે અને પોતાની શક્તિ અને તાકાતનો દુરુપયોગ ન કરે અને ઈન્સાફ તથા સચ્ચાઈને ઉચ્ચ અને શ્રેષ્ઠ માને.

પણ જો માણસ પોતાની ઉપરોક્ત ખૂબીઓનો સહારો ન લે જે ખૂબીઓ તેને બીજી મખ્લૂક અને જાનવરોથી અલગ કરે છે તો તે વ્યક્તિ જાનવરોથી પણ બદ્તર હોય છે, કારણ કે તે અક્કલ, સમજ અને બુદ્ધિ હોવા છતાં પણ આવું ખોટુ કામ કરે છે.

હલાલનો અર્થ દોરડી ખોલી આઝાદ કરી દેવું. માટે હરામનો સામાન્ય મતલબ કોઈને કોઈ કામથી રોકી લેવું, પાંબદી લગાડવી, શરીઅતની બોલી મુજબ હલાલ તથા હરામની નિયુક્તિ અલ્લાહ અને તેના રસૂલ કરે છે અને અલ્લાહ અને તેના રસૂલના ફર્માનોની રોશનીમાં રસૂલના ઈલ્મના વારિસ મુજતહિદ ઉલમા કરે છે.

## ★ હલાલ રોજી માટેના હુકમો ★

અલ્લાહ તઆલા ચાહે છે કે માણસ રોજી મેળવવા ખૂબ મહેનત કરે અને રાત દિવસને એ રીતે વહેંચે કે દિવસે મહેનત કરી રોજી મેળવે અને રાત્રે પોતાના શરીરને આરામ પહોંચાડે.

અલ્લાહનું ફર્માન છે : وَّجَعَلْنَا النَّهَارَ مَعَاشًا ﴿١١﴾ **અર્થાત** : "અને અમે દિવસને રોજી મેળવવા માટે મુકર્રર કરેલ છે." *(સૂ. નબા–૧૧)*

બીજા સ્થાને છે :–

وَلَقَدْ مَكَّنّٰكُمْ فِي الْاَرْضِ وَجَعَلْنَا لَكُمْ فِيْهَا مَعَايِشَ ؕ
قَلِيْلًا مَّا تَشْكُرُوْنَ ﴿١٠﴾

**અર્થાત** : "અને અમે તે (જમીન)માં તમારા માટે રોજી મેળવવાનો સામાન પેદા કર્યો અને તમે (લોકો) ઘણા જ નાશુક્રા છો." *(અઅ્રાફ–૧૦)*

ઉપરોક્ત આયતોમાં રોજીના સામાન મેળવવાથી મકસદ હલાલ રોજી છે, અલ્લાહનો કુર્બ મેળવવા માટે હલાલ ખાણાની ખૂબ એહમિયત છે.

**હલાલ રોજીને જેહાદ જેટલી મોટી ઈબાદત સમાન ગણવામાં આવી છે.** કારણ કે હલાલ રોજી મેળવવા માટ ઘણી જ મહેનત કોશિશ અને બોજનો સામનો કરવો પડે છે. ઘણીવાર તેના માટે

પ્યારા વતન, પાસ પડોશ તથા ઘરવાળાઓને પણ છોડવા પડે છે, એક શહેરથી બીજા શહેર અને બીજા દેશ પણ જવું પડે છે.

પ્યારા નબી ﷺની હદીષ છે :–

"મુસલમાનો ! જમીનના અજાણ ભાગોમાં રોજીની શોધ કરો."

ઉપરોક્ત હદીષ પર અમલ કરી પહેલાંના મુસલમાનોએ પોતાના વ્યાપારને એટલો ફેલાવ્યો કે આખી દુનિયાને પોતાની મન્ડી બનાવી લીધી, પૂર્વ એશિયાના ઘણાયે દેશોમાં ખાસ કરીને ઈન્ડોનેશિયા અને ફિલીપાઈન્સમાં તો દીનનો ફેલાવો માત્ર વ્યાપારીઓના કિરદાર અને તબ્લીગથી થયો.

હુકમે ઈલાહી મુજબ સંપૂર્ણપણે દુનિયામાં ભાગ લેવાનું નામ ઈસ્લામ છે, કોઈ તંદુરસ્ત માણસને ઠેર ઠેર ભીખ માંગવાની અથવા કોઈની કમાઈઓ બેઠા બેઠા ખાવાની ઈજાઝત નથી.

## ★ મદદ ન માંગો, મહેનત મજૂરી કરીને કમાવ ! ★

એક ગરીબ સહાબીએ હુઝૂર ﷺની બારગાહમાં મદદ માંગી તો પ્યારા નબી ﷺએ તેમને કુહાડી ખરીદી આપી અને હુકમ ફર્માવ્યો કે જાવ ! અને જંગલથી લાકડીઓ કાપી વેચતા રહો. તેમણે આ વાત પર અમલ કર્યો અને તેમની રોજીનો પ્રશ્ન બાઈજ્જત હલ થઈ ગયો.

પ્યારા નબી ﷺની કૃપા દૃષ્ટિ આમ તો દરેક માંગનાર પર દરેક સમયે થતી રહેતી હતી પણ પ્યારા નબી ﷺને ફકીરીપણુ (ભીખ માંગવું) પસંદ ન હતું. ફર્માવતા હતા, કે માણસ લાકડીનો ભારો પોતાની પીઠ પર ઉઠાવી લાવે અને વેચી રોજી મેળવે તો આ તેના માટે લોકો સમક્ષ સવાલ કરવાથી બેહતર છે."

હઝરત ઉમર رضی اللہ عنہની આદત મુબારકા હતી કે જ્યારે આપ કોઈ માણસને ખુશહાલ જોતા તો પૂછયા કરતા કે માણસ કોઈ કામ પણ કરે છે કે નહીં ? અને જ્યારે લોકો જવાબ આપતા કે કોઈ કામ નથી કરતો. તો આપ ફર્માવતા કે આ માણસ મારી નજરોથી પડી ગયો ! આપનું ફર્માન હતું કે, "ઝિલ્લત (બેઈજ્જતનું એટલે મજૂરીનું) કામ લોકો સમક્ષ સવાલ કરવાથી બેહતર છે."

ઈસ્લામ રોજી મેળવવાને ખૂબ જ નેક અને મહાન અમલ ગણાવે છે પણ એ શર્ત કે તેના તરીકા જાઈઝ હોય. ઈસ્લામ રોજી મેળવવાના ઝરીઆ (માધ્યમ)ની ખૂબ જ છાન બીન કરે છે જેની બીજા ધર્મમાં કલ્પના પણ નહીં કરી શકાય. ઈસ્લામના આધારે કોઈ પણ માણસ અથવા સંગઠનને બીજા માણસ અથવા સંગઠનને આર્થિક નુકસાન પહોંચાડવાની રજા નથી. ત્યાં સુધી કે પોતાની જાઈઝ આવકને નાજાઈઝ રસ્તે ખર્ચ કરવાની પણ રજા નથી. નામ કરવા માટે પણ પોતાનો માલ ખર્ચ કરવાની ઈજાઝત નથી.

## ★ રોજી કમાવી ક્યારે ફર્ઝ, મુસ્તહબ તથા હરામ ? ★

રોજી મેળવવી ફર્ઝ પણ છે, મુસ્તહબ પણ અને હરામ પણ છે.

એટલું કમાવું **ફર્ઝ** છે જેથી ઘર પરિવારની આર્થિક જરૂરતો પૂરી થઈ શકે, એથી અધિક કમાવું **મુસ્તહબ** છે અને નિયતની શરતે કે જાઈઝ રકમ જરૂરતમંદો અને લોકોની સહાયમાં ખર્ચ કરીશ ! અને તેવી રોજી મેળવવી **હરામ** તથા **નાજાઈઝ** છે જેના કારણે હરામ રોજીના દરવાજા ખુલતા હોય અથવા જેના કારણે ઘમંડ અને ગફલત (બેપરવાઈ) પેદા થાય.

અંબિયાએ કિરામ علیہم السلامએ અલ્લાહના હુકમ અનુસાર વિવિધ ધંધા, હુન્નર, ઈખ્તિયાર કર્યા. માટે યકીનથી કહી શકાય છે કે સર્વ શ્રેષ્ઠ રોજી મેળવવાનો તરીકો તે છે જેમાં હાથ પગથી કામ લેવામાં આવે.

## ★ હલાલ રોજીની ફઝીલત ★

હલાલ રોજીની પ્રશંસામાં અસંખ્ય હદીષો છે જેની મહત્વતાના કારણે હઝરત ઉમર ફર્માવતા હતા કે, **"હલાલ રોજી મેળવવા દરમ્યાનના મૃત્યુને હું જેહાદમાં મરવાથી વધુ પસંદ કરું છું."**

હરામ રોજીની બુરાઈ વિશે પણ ઘણી હદીષો છે :–

## ★ હરામ રોજીની બુરાઈ ★

આ હદીષ તો મહત્વની છે : "કોઈ માણસ હરામ માલ ખાય અને અલ્લાહની રાહમાં તેને ખર્ચ કરે (સદકો આપે) તો તે સદકો કબૂલ નહીં થાય અને પોતાની જાત તથા ઘરવાળા પર ખર્ચ કરશે તો બરકત નહીં થાય."

હઝરત સુફયાન ષૌરી رضی اللہ عنہનું કથન છે :–

"જે માણસ હરામ માલથી સદકો આપે છે અને ખૈરાત કરે છે એ તે માણસની જેમ છે જે નાપાક કપડાને પેશાબ વડે ધૂએ છે."

હરામખોર માણસ દિલી તથા દિમાગી શાંતિ માટે તરસતો રહે છે. બલ્કે ઈબાદત તથા રિયાઝતથી પણ નિઃઆકર્ષણ પેદા થઈ જાય છે. આવો માણસ ઝકાત આપે છે અથવા હજ્જ કરે છે તો માત્ર પોતાના ગુનાહિત ઝમીરની તસલ્લી માટે જ કરે છે. હરામ માલથી ઝકાત તથા હજ્જ કઈ રીતે અદા થઈ શકે ? જ્યારે કે તેનાથી નફ્લી ઈબાદતો સદકો વગેરે પણ રદ કરી દેવામાં આવે છે.

થોડુ ઝહેર પણ ઝહેર જ હોય છે તેનો ઉપયોગ ખરેખર નુકસાન કરે છે. નાપાક વસ્તુ થોડા પ્રમાણમાં પણ પાક વસ્તુમાં પડી જાય તો તેને નાપાક કરી દે છે. એ જ રીતે હરામ માલનું થોડુ પ્રમાણ પણ હલાલ માલમાં મળીને બધા માલને શકમંદ બનાવી દે છે.

## ★ હરામ હલાલ વિશે ઝમીરનો ફૈસલો ★

હઝરત ઈમામ હસન رضی اللہ عنہ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺનું આ ફર્માન યાદ રાખ્યું છે કે, જે વસ્તુ તમને શકમાં નાખી દે તેને છોડી દો અને તે વસ્તુથી નજીક થાવ જે તમને શકમાં ન નાખે, આવા સમયે માણસનું દિલ તેને ખોટા રસ્તે નથી દોરતુ.

રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું :–

નેકી તે છે જેના કારણે માણસ પોતે શાંતિ અનુભવે અને તેના દિલને સુકૂન મળે, અને ગુનાહ એ છે કે જેના કારણે માણસ પોતાના અંતરમાં અશાંતિ અનુભવે અને તેના અંતરમાં શક પેદા થાય.

ઉપરોક્ત ફર્માને રસૂલમાં માણસના ઝમીર (દિલ)ને નેકી તથા બદીની કસોટી નક્કી કરવામાં આવેલ છે. માણસનું ઝમીર પોતે બેહતરીન મુફતી હોય છે તે કામ કરવા અથવા રોકવાના મામલે સિગ્નલ (બત્તી) આપે છે. દરેક નેક વ્યક્તિને ઝમીરની દીવાડાંદી મયસ્સર હોય છે. એ અલગ વસ્તુ છે કે સતત ગુનાહ કરવાના કારણે અમુક સમય માટે ઝમીર દબાય જાય અને હિદાયત મળતાં ફરી બેદાર (જાગૃત) થઈ જાય. પરહેઝગારી પણ એ જ છે કે જ્યારે કોઈ માલ વિશે શક હોય કે તે હરામ છે કે હલાલ તો સાવચેતીના કારણે તેનો ઉપયોગ ન કરે.

પ્યારા નબી ﷺના સમયગાળામાં મેહસૂલ તથા જિઝયાવેરા રૂપે જે માલ એકત્ર થતો તેમાંથી એટલા જ પ્રમાણમાં લેતા જે તે સમયે માણસના ગુજરાન માટે સૌથી ઓછો હતો. બાકી સંપૂર્ણ રકમ જરૂરતમંદો માટે ખર્ચ થતી. ઘણીવાર એવું થતું કે ભૂખના કારણે પ્યારા નબી ﷺ પોતાના પેટ પર પથ્થર બાંધી લેતા હતા, ઘરમાં મહિનાઓ ચુલો ન સળગતો, ચિરાગમાં તેલ પણ ન રહેતું. જ્યારે આપનો વિસાલ થયો ત્યારે બખ્તર એક યહૂદીને ત્યાં અમુક શેર જવના બદલે ગીરો રાખેલ હતી.

પ્યારા નબી ﷺની સાદગીનો અસર આપની તર્બિયત (કેળવણી) પામેલાઓ પર પડે જે એક સામાન્ય વાત છે. જેમ કે ખુલફાએ રાશિદીન આપના અખ્લાકના બેહતરીન નમૂના હતા.

## ★ નબીની તા'લીમ પર ચાલનારાઓના હાલ ★

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ પોતાની ખિલાફતના શરૂઆતના સમયમાં પણ વ્યાપાર કરતા હતા. બીજા સહાબાએ ખિલાફતના કામોને બોજ વધુ હોવાના કારણે આપને અમુક રકમ લેવા પર મજબૂર કર્યા, તેઓ એટલું લેતા કે મુશ્કિલથી આપનુ ગુજરાન થતું. ઈતિહાસમાં આપની સાદગીના આશ્ચર્યજનક વાકિયા જોઈ શકાય છે જેમાંનો એક અહીં વર્ણન કરી રહ્યો છું :–

હઝરત અબૂબક્ર رضی اللہ عنہની પત્નીએ કોઈક મીઠી વસ્તુ પકાવવા માટે બૈતુલ માલમાં અમુક વસ્તુની ફર્માઈશ કરી. હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ ફર્માવ્યું, બૈતુલ માલ સર્વે મુસલમાનોનું છે હું તો માત્ર તેનો મુહાફિઝ છું, અમાનતમાં ખયાનત નથી કરી શક્તો. આપની પત્નીએ રોજના ખર્ચામાંથી થોડા થોડા બચાવીને તે મીઠુ ખાણુ બનાવ્યું. જ્યારે આપની બારગાહમાં પેશ કરવામાં આવ્યું તો તેની બાબત આપે પૂછયું, પછી ફર્માવ્યું કે, આટલા પૈસા (જેટલામાં તે પકવાન બન્યું) તે ન હોય તો પણ આપણુ ગુજરાન થઈ શકે છે ! ત્યારબાદ આપે (પકવાન જેટલા પૈસાનું બન્યું) તે પૈસા પોતાના ખર્ચ (પગાર)માંથી ઓછા કરી નાખ્યા. વિસાલના સમયે આપે પોતાના પુત્રને વસિયત કરી કે ફલાણી જમીન વેચી તેની રકમ બૈતુલ માલમાં જમા કરાવી દેશો, તે પગાર (ખર્ચ)ના બદલે જે રોજ લેતા હતા. (અલ્લાહુ અકબર !) આજના લાંચિયા સત્તાધારીઓ આના પરથી સબક પ્રાપ્ત કરે.

હઝરત ઔરંગઝેબ આલમગીર પોતાની રોજી કુર્આન શરીફની કિતાબત (લખાણ) તથા ટોપીઓ વેચી મેળવતા હતા. શાહી ખજાનાથી પોતાની રોજીનો કોઈ જ તાલ્લુક ન રાખતા. આપના કફન દફનની વ્યવસ્થા પણ આપની પોતાની કમાઈથી કરવામાં આવી.

## ★ કોઈનો માલ હડપ કરવો કેવો ? ★

હરામ રોજીના સામાન્ય પ્રકારમાં બીજાનો માલ હડપ કરવો તે પણ છે. માલ હડપ કરવાના વિવિધ પ્રકાર છે. કોઈનો માલ દબાવી લેવામાં આવે અથવા જમીનના કોઈ ટુકડા પર નાજાઈઝ કબ્જો કરી લેવામાં આવે. અલ્લાહ તઆલાએ સ્પષ્ટ રીતે તેના વિશે હુકમ ફર્માવી દીધો :–

وَلَا تَأْكُلُوْٓا اَمْوَالَكُمْ بَيْنَكُمْ "તમે લોકો એક બીજાનો માલ નાહક ન ખાઓ." (બકરહ્–૧૮૮)

પ્યારા નબી ﷺના ફર્માને વધુ ખુલાસો કરી આપ્યો :–

કોઈ મુસલમાન માટે પોતાના મુસલમાન ભાઈનો માલ દબાવી લેવો જાઈઝ નથી કારણ કે અલ્લાહ તઆલાએ બીજા મુસલમાનનો માલ હડપ કરવો હરામ કરી દીધો છે.

જમીન હડપ કરવા વિશે આ હદીષ છે :–

જે માણસ બીજાની જમીનમાંથી એક વેંત ટુકડો નાહક દબાવી લેશે તેને અલ્લાહની બારગાહમાં એ હાલતમાં હાજર કરવામાં આવશે કે અલ્લાહ તઆલા તેના પર ખૂબ ગઝબનાક હશે.

ઉપરોક્ત ફર્માનની રોશનીમાં ફુકહાએ ઈસ્લામે ફર્માવ્યું કે નાહક કબ્જે કરાયેલ જમીન પર મસ્જિદ બનાવવામાં આવે ત્યાં નમાઝ પઢવી જાઈઝ નથી.

હવે આપણે આપણા સમાજમાં નજર દોડાવીએ કે વિવિધ તબકામાં હલાલ તથા હરામને કઈ રીતે સમજવામાં આવે છે અને ક્યા સ્વરૂપમાં મૌજૂદ છે. સૌ પ્રથમ આપણે તે કામોને જોઈએ જે લાંચની પેદાઈશ અને તેને ફેલાવાના સબબ બને છે.

## ★ લાંચની બુરાઈ અને તેનો અંજામ ★

લાંચ લેવી એ ઘણી જ મોટી સામાજિક ખરાબી અને બુરાઈ છે અને એની શરૂઆત ઈન્સાની સમાજના પ્રારંભથી જ છે અને જ્યારે આના

પરિણામે સામાજિક ગફલત (સુસ્તી) ચાલુ થઈ, સમાજના બધા જ વર્ગોમાં એકબીજાથી આગળ વધી જવા માટે કોમ્પિટિશન (હરિફાઈ) ચાલુ થઈ, ઈન્સાની સમાજમાં દરેક વર્ગ આર્થિક શક્તિ મેળવવા માટે બીજા વર્ગને દબાવતો રહ્યો અને તેને ડમી બનાવતો રહ્યો છે. લાંચ પણ આમાંનો જ એક પ્રકાર છે.

જ્યારે સમાજ અખ્લાકી બંધારણથી વિરૂધ્ધ કામો કરે છે તો ધીમે ધીમે આ વિરોધ એટલી હદે પહોંચી જાય છે કે સોસાયટીનો સામાજીક દબાવ અને કાનૂનની આમન્યા બેઅસર થઈ જાય છે. માણસ પછી તે બુરાઈને બુરાઈ નથી સમજતો બલ્કે દરેક બુરાઈ તેને જરૂરત માલૂમ થાય છે.

અત્યારે લાંચ લેવાના ફેલાવાના પ્રકરણમાં આ જ માનસિક અમલ સંપૂર્ણપણે કામ કરી રહ્યો છે. આપણા દેશની દરેક ગવર્નમેન્ટ ઓફિસો અને કચેરીઓમાં લાંચનો સિક્કો ચાલી રહ્યો છે. જેના પરિણામે તે વર્ગ એટલો લાગણીહિન થઈ ગયો છે કે લાંચને બુરાઈ સમજતો જ નથી બલ્કે તેને સમય તથા બાલ બચ્ચાની જરૂરત સમજે છે.

આજકાલ માલ દૌલતના ખૂબ જ ફૂગાવાના કારણે જિંદગીની જરૂરિયાતની ચીજોની કિંમતો વધતી જઈ રહી છે અને પગારો ઓછી જણાઈ રહી છે જેના કારણે સામાન્ય પગાર મેળવનાર પોતાના જીવનના ગુજરાન માટે લાંચ લવાને એક મજબૂરી ગણે છે પરંતુ સાદગીભર્યુ જીવન જીવીને તેનો ઉપાય શોધવાની કોશિશ નથી કરતો. વધુ પડતા લાંચિયા જૂગાર, દારૂ અને એશ અય્યાશીના ચક્કરમાં રહેતા હોય છે આ કુટેવોને પૂરી કરવા રૂપિયાનો ધોધ જોઈએ અને આ રૂપિયા તેઓને જ્યાંથી અને જે રીતે પણ મળે તેઓ મેળવે છે.

ટૂંકમાં એ કે આપણી કુટેવો પૂરી કરવા અથવા નાજાઈઝ ફાયદો ઉઠાવવાના બદલામાં કોઈ સત્તાધારીને દૌલત આપવી લાંચ કહેવામાં આવે છે.

લાંચની હુકૂમત તે સમયથી જ છે જયારથી માણસના મનમાં પદવીનો મોહ પ્રથમ વાર પૈદા થયો છે.

ઈસ્લામના આગમન પહેલાં યહૂદી કાઝી (ન્યાયાધીશ) કોઈને નાજાઈઝ હક્ક અપાવવા માટે પોતાના ફેંસલાની મજબૂતી માટે તૌરાતમાં ફેરફાર પણ કરી નાખતા હતા. કુર્આન મજીદમાં પણ તેઓના આ વલણોનો ઉલ્લેખ જોવા મળે છે :–

"ખુદાએ જે કિતાબ ઉતારી તેને લોકો છુપાવે છે અને તેના બદલે મામૂલી માલ લે છે **તેઓ પોતાના પેટમાં આગ ભરે** છે."

હાકેમો થકી નાજાઈઝ ફાયદો મેળવવાવાળા વિરૂધ્ધ અલ્લાહ તઆલાનો સખત હુકમ જોવા મળે છે. ઈર્શાદ છે :–

وَلَا تَأْكُلُوٓا اَمْوَالَكُمْ بَيْنَكُمْ بِالْبَاطِلِ وَتُدْلُوا بِهَآ اِلَى الْحُكَّامِ لِتَأْكُلُوا فَرِيْقًا مِّنْ اَمْوَالِ النَّاسِ بِالْاِثْمِ وَاَنْتُمْ تَعْلَمُوْنَ ۝

"અને ન તો તમે એક બીજાનો માલ નાહક ખાવ અને ન તો હાકેમોને એ માલ એટલા માટે આપો કે બીજાનો માલ જબરદસ્તી તમને મળી જાય." *(બકરહ–૧૮૮)*

હુઝૂર ﷺએ લાંચની ટીકા કરી છે અને લાંચ આપનાર તથા લેનાર પર સ્પષ્ટ શબ્દોમાં લા'નત મોકલી છે. આપની શિખામણોની અસર સહાબાની પ્યારી જિંદગીમાં સંપૂર્ણ રીતે સમાયેલ હતી, **તેઓ હરામ માલથી ભડકતી આગની જેમ બચતા હતા.** પ્યારા નબી ﷺના સમયગાળાનો બનાવ છે :–

## ★ મુસલમાનો લાંચ નથી લેતા ! ★

ખૈબરના યહૂદીઓ સાથે અડધા ભાગની પૈદાવાર પર સુલહ સફાઈ થઈ હતી. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા رضی اللہ عنہ વહેંચવા પર નિયુક્ત હતા. તેઓ તેમની ઉપજના બે ભાગ કરી

યહૂદીઓને ઈખ્તિયાર આપતા કે બેમાંથી કોઈપણ એક પોતાની મરજી મુજબ લઈ લે. એકવાર યહૂદીઓએ દસ્તૂર પ્રમાણે ચંદો ભેગો કર્યો અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહાને (લાંચ રૂપે) આપવા ચાહ્યું જેથી તેઓ યહૂદીઓને વધુ હિસ્સો આપે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહાએ ફર્માવ્યું : "યહૂદીઓ ! ખુદાની કસમ ! આખા જગતમાં તમારા પ્રત્યે મને સખત નફરત છે પણ આ કામ મને તમારા પર જુલ્મ કરવા માટે ઉશ્કેરી નથી શક્તું, અને **જે લાંચ તમે મને આપવાની કોશિશ કરી છે તે મારા માટે હરામ છે અને મુસલમાનો તેને નથી લેતા."** યહૂદીઓ આપના આ ફર્માનથી ખૂબ જ પ્રભાવિત થયા.

### ★ લાંચ લેવી એ ઝમીર તથા ઈન્સાફનો સોદો છે ★

આ જ ઈન્સાફ છે જેના કારણે આસમાન તથા જમીન બાકી છે. લાંચમાં પોતાના ઝમીર તથા ઈન્સાફનો સોદો કરી નાખવામાં આવે છે જે પોતાની ઈજ્જત વેચી નાખવા સમાન બુરું છે. વળી અમુક સંજોગોમાં તો એનાથી પણ ઘણુ ખરાબ ગણાય છે. આપણા સમાજમાં પોતાના શરીરનો સોદો કરનાર સ્ત્રી ઘણી જ ધિક્કારને પાત્ર હોય છે ભલેને તેણે મજબૂરી તથા લાચારીના કારણે તે કામ કર્યું હોય, પરંતુ માલદાર નેતાઓ અને ગવર્નમેન્ટના ઉચ્ચ અધિકારીઓ જ્યારે આ કામ કરે છે તો પણ તેમને ઈજ્જતની નજરે જોવામાં આવે છે ! (અલ્લાહની પનાહ !)

તોહફા તથા ભેટની અદલા બદલી મહોબ્બત તથા નજદીકીમાં વધારો કરે છે. આ હદીષે પાક દોસ્તો, સગાસંબંધીઓ તથા પડોશીઓના વિશે છે. હાકિમો વગેરે અને બીજા એવા હાકેમોને (ગવર્નમેન્ટના હોય કે નહીં) અને કોર્ટ કચેરી એવા કોઈ પણ નોકર ચાકરને હદિયો તથા ભેટ આપવી (લાંચરૂપે) જાઈઝ નથી. હદીષે મુબારકા :–

જે માણસ કોઈની સિફારિશ (ભલામણ) કરે અને તેના બદલામાં તેને તોહફો મોકલે અને તે (ભલામણ કરનાર) કબૂલ પણ કરે તો તે લાંચના દરવાજાઓમાંના એક મોટા દરવાજામાં દાખલ થશે.

કલાર્કથી લઈને રાષ્ટ્રપતિ સુધી દરેક સરકારી નોકર માટે લોકોથી તોહફો કબૂલ કરવો ગુનોહ છે. એ જ રીતે નાજાઈઝ ભલામણો મેળવવી પણ લાંચનો એક પ્રકાર છે. મોટા લોકોમાં ઘણાયે એવા લોકો છે જેમણે કેશ રૂપિયા તો નથી મેળવ્યા પણ પોતાની ખુરશીના જોરે ઘણી જ જાએદાદ અને પ્રોપર્ટી બનાવી લીધી છે.

હરામ તથા હલાલ વિશે જે વલણ મોટા લોકોનું છે એ જ સામાન્ય સરકારી નોકરનું પણ છે, તફાવત એટલો જ છે કે આ સંખ્યામાં વધુ છે માટે લાંચ અસીમ દરિયાની જેમ નિહારી શકાય છે. પોલીસ સ્ટેશન, કચેરી, દફતરમાં દરેક સમજદાર માણસને હરામની ગંધ મળશે, ઠેર ઠેર નફ્સા નફ્સી છે. અહીં માત્ર રૂપિયા પૈસાની જ ઝબાન સમજવામાં આવે છે. સારા એવા માણસો હમદર્દ બની એ કહેતા જોવા મળે છે કે અમને કઈંક આપવામાં આવે તો ફલાણા ઓફિસરથી કામ કરાવી દઈશું.

લાંચનો ખાતમો કઈ રીતે કરી શકાય ?! આનો જવાબ હઝરત ઈમામ માલિક رضی اللہ عنہએ આપ્યો છે. જ્યારે આપને પૂછવામાં આવ્યું, ઝોહદ (દુનિયાથી દૂરી) શું છે ? તો આપે ફર્માવ્યું : "હલાલ ખાવું અને મોટી મોટી ઉમ્મીદો ન લગાડવી."

જેનો સ્પષ્ટ અર્થ એ થયો કે લોકો મોટી મોટી ઉમ્મીદો તથા ઈચ્છાઓના મહેલોની તામીર ન કરે, કાર, બંગલાની તમન્નાઓ ન કરવી જોઈએ, **આ બધી વસ્તુઓ તો લાંચીયા પુરૂષો તથા બદન ફૈંક સ્ત્રીઓની પાસે પણ જોવા મળે છે.** માલૂમ થયું કે ધન દૌલત મેળવવું એ અસલ મર્દાનગી નથી, અસલ મર્દાનગી હલાલ રોજી સાથે પોતાનો તાલ્લુક કાયમ રાખવો છે.

માણસ જગતભરના ગુનાહો એકઠા કરી પોતાની ઔલાદ માટે રોજી અને દૌલત ભેગી કરે છે. તેના સગા સંબંધી તથા ઔલાદ તેના મૃત્યુની તમન્ના કરે છે જેથી તેના માલમાંથી કંઈક તેઓને મળે. વળી ઔલાદ હરામ કમાઈ ખાયને ગુનાહો તરફ વળે છે. આ રીતે હરામ રોજી મેળવનાર પોતાની ઔલાદને ગુનેહગાર બનાવવામાં મદદરૂપ થાય છે.

**હરામ રોજીથી બચવાનો એક તરીકો** એ પણ છે કે માણસ અલ્લાહ તથા મૌતને યાદ કરતો રહે, અલ્લાહના ઝિક્રથી તેની અઝમત દિલમાં ઘર કરે છે જે પરહેઝગારી તથા કાનૂને શરીઅતનો આદર રાખવાનુ મૂળ અને પાયો છે. અને મૌતને યાદ કરવાથી દુનિયાથી દૂરી પ્રાપ્ત થાય છે.

## ★ અનાજ પાણીમાં ભેળસેળ ન કરો ! ★

કોર્ટ, કચેરી તથા ચોકીઓને છોડી આપ બજારમાં પ્રવેશ કરશો તો તેને પણ હરામ રોજીની ફેકટરી સમાન જણાશે. ખાવા પીવાની લગભગ દરેક વસ્તુમાં ભેળસેળ સ્પષ્ટપણે જોવા મળશે. હાલના સમયમાં પ્યોર અને ચોખ્ખુ ઝહેર પણ નહીં મળી શકે ! દાળ, ઘઉં અને ચોખા વિગેરેમાં પણ કાંકરી, કચરો મિલાવવામાં આવે છે. કાપડના વ્યાપારી પણ ક્યાંનું લેબલ ક્યાં લગાડી અને ડુપ્લીકેટીંગમાં ખાસ પ્રમાણમાં સંડોવાયેલા છે. માપ તોલમાં ઘાલમેલ વગેરે પણ સામાન્ય વસ્તુ બની ગઈ છે, એ જ કારણે રોજીમાંથી બરકત ઉઠી ગઈ છે. દૂધ વેચનાર આખો દિવસ ભેળસેળ કરી દૂધ વેચી જેટલા રૂપિયા એકઠા કરે છે તે રાત્રે જરૂરિયાતની ચીજ વસ્તુને લેવામાં ખર્ચી નાખે છે.

અહીં હઝરત અલી کرم اللہ وجہہ الکریم નો વાક્યો બયાન કરી દેવો વધુ મુનાસિબ રહેશે. આપ ઘોડા પર સવાર થઈ મસ્જિદે તશરીફ લાવ્યા. ત્યાં એક અઅ્રાબી (ગામડિયો) હાજર હતો. આપે તેને તાકીદ કરી કે હું નમાઝ અદા કરી લઉં, તું આ ઘોડાનો ખયાલ રાખજે. અને આપે દિલમાં નિયત કરી કે હું તેને આના બદલામાં ઘોડાની ઝીન આપીશ.

જ્યારે આપ નમાઝ અદા કરી બહાર તશરીફ લાવ્યા તો જોયું કે ઘોડો તો હાજર છે પણ ઝીન અને અઅ્રાબી માણસ ગાયબ છે. જો અઅ્રાબી થોડી સબર કરત તો તે જ ઝીન તેને ઈનામમાં મળી જાત અને તેના માટે તે હલાલ થાત, પણ તેણે બીજો તરીકો અપનાવી પોતાના પર હરામ કર્યું.

## ★ સંગ્રહખોરી પણ હરામ ! ★

ખેડૂત સારી તકદીરવાળા એટલા માટે છે કે તેમને હરામનું ખાવાનો મોકો ઘણો ઓછો મળે છે. ઈસ્લામે આર્થિક કામો અને વ્યવહારનો જે નક્શો તૈયાર કર્યો છે તેમાં જુલ્મ, જબરદસ્તી અને હડપ કરવાની કોઈ જ ગુંજાઈશ નથી. દા.ત. ઈસ્લામે સંગ્રહખોરીની સખત ટીકા કરી છે સંગ્રહખોરી એટલે અનાજ વિગેરેને ખરીદી એટલા માટે રોકી રાખવામાં આવે કે મોંઘુ થાય ત્યારે વેચે, તો એની ઈસ્લામે સખત ટીકા તથા વિરોધ કર્યો છે.

આ ઉપરોક્ત બધી વાતોનો સારાંશ એ કે રબ તઆલા માણસની પર્સનલ તથા કોમન અધિકારોની એટલી હદે હિફાઝત તથા તકેદારી રાખવા પર જોર આપે છે કે જે માણસ આ હક્કો પર જોર જબરદસ્તી કરે અને પોતાના આર્થિક ફાયદા માટે બીજાને નુકસાન કરે તો હરામ કમાશે અને અલ્લાહના કહેર અને ગઝબને દા'વત આપશે. જે ઈસ્લામે ખડી કરેલ સરહદોની અંદર રહી જીવન શૈલીને આગળ વધારશે તે હલાલ ગણાશે અને ઈબાદત જ ગણાશે. આ જ ઈસ્લામનો હલાલ તથા હરામ પ્રત્યેનો હુકમ તથા આદર છે. *(માહનામા અશ્રફીયહ્-મુબારકપુર, ડિસેમ્બર-૨૦૦૫)*

કાર્યાલય

# બાળકોનો તર્બિયતી ગુલશન

## ફર્માબરદાર ગુલામ

સુલ્તાન મહમૂદ પોતાના સમયના ઘણા જ મોટા બાદશાહ થઈ ગયા. આપ કેમ કે ગિઝનીના બાદશાહ હતા એટલા માટે ગિઝનવી કહેવાય છે.

એમના દરબારમાં એક ખાસ ગુલામ હતો, જેનું નામ અયાઝ હતું. સુલ્તાન મહમૂદ ગુલામ અયાઝને ઘણા જ ચાહતા હતા એટલા માટે કે અયાઝની આદતો ઘણી જ સારી હતી. એને બાદશાહ વધારે પડતાં ઈનામો તથા ઈજ્જત આપતા હતા એ કારણથી બધા દરબારવાળા અયાઝથી અદેખાઈ કરતા હતા. પણ સુલ્તાન મહમૂદની મહોબ્બતમાં જરા પણ કમી ન થઈ.

એક દિવસ ઘણા બધા લોકોએ મળીને બાદશાહથી ચુગલી ખાધી કે હુઝૂર અયાઝ ઘણો બધો સરકારી માલ ચોરી કરીને લઈ ગયો છે અને એટલા માટે તે કોઈને પોતાના ઘરમાં પ્રવેશવા નથી દેતો. જ્યારે તે ઘરે જાય છે તો અંદરથી તાળુ લગાડીને પોતાની દૌલતની ગણતરી કર્યા કરે છે.

બાદશાહે હુકમ આપ્યો કે સારું આજે રાત્રે જ્યારે તે પોતાની દૌલત ગણી રહ્યો હોય, ત્યારે તમે અમને છુપેથી જાણ કરો, અમે ચાલીને જોઈશું કે એની પાસે સરકારનો ક્યો ક્યો માલ છે અને તે ત્યાં શું કરી રહ્યો છે.

અયાઝ જ્યારે દરબારથી ગયો તો આદત મુજબ પોતાના ઘેર જઈને અંદરથી સાંકળ લગાડી દીધી. લોકોએ બાદશાહને જાણ કરી કે હુઝૂર, ચાલો અને જોઈ લો !

બાદશાહ ઘણા બધા દરબારીઓને લઈને અયાઝના ઘેર પહોંચ્યા અને કોઈ બીજા રસ્તાથી છુપાઈને અંદર ચાલ્યા ગયા. જોયું કે અયાઝ પોતાનો જૂનો પોશાક પહેરીને અરીસાની સામે સજદામાં પડેલ છે અને કહી રહ્યો છે, "અય અલ્લાહ ! આ તારી અતા અને રહમત છે કે બાદશાહ મારાથી મહોબ્બત કરે છે, હું તો એ જ ગુલામ છું જે પહેલાં હતો. હું એના લાયક કદી પણ ન હતો, આ તો માત્ર તારી રહમત અને બાદશાહની ઈનાયત છે. યા અલ્લાહ ! મને તારી યાદથી ગાફિલ ન કરતો અને મારા બાદશાહ મહમૂદ ગઝનવીની દૌલત તથા હુકૂમતમાં હમેશાં તરક્કી આપતો રહેજે."

બાદશાહ અને દરબારી અયાઝની આ હાલત જોઈને ઘણા જ નવાઈ પામવા લાગ્યા, બાદશાહે આગળ વધીને અયાઝને ગળે લગાડયો અને એને ઘણો જ માલ આપ્યો.

આ બનાવના પછી બાદશાહની મહોબ્બત તથા નરમી અયાઝની સાથે વધારે થઈ ગઈ અને ચુગલી ખાનાર દરબારીઓને ઘણા જ શર્મિંદા થવુ પડયું. *(આમ્મ કુતુબ)*

**ફાયદો :** પ્યારાં બાળકો ! આથી જાણવા મળ્યું કે અયાઝ ઈબાદતગુઝાર, ખુદાથી ડરનાર અને ફર્માબરદાર ગુલામ હતો, એ કારણથી મહમૂદ ગઝનવી એને વધારે ચાહતા હતા. અને એ પણ જણાયું કે અદેખાઈ અને ચુગલખોરીની આદત ઘણી જ ખરાબ ચીજ છે જે લોકોને ચુગલખોરીની આદત પડી જાય છે એમને પાછળથી ઘણી જ શર્મિંદગી ઉઠાવવી પડે છે એટલા માટે આપણે લોકો આજે એ નક્કી કરી લઈએ કે ખુદાની યાદથી કદી પણ બેખબર નહીં રહીશું અને ન કદી કોઈની ચુગલી ખાઈશું.

# બરકાતે ખ્વાજાની ટપાલ

### ★ જશ્ને સદરુશ્શરીઅહમાં તાજુશ્શરીઅહની તશરીફ આવરી ★

**પોરબંદર** : મુકામે તા. ૨૭–ઝીલ કઅદા ૧૨૪ હિ. પ્રમાણે તા. ૨૭–૧૨–૨૦૦૫ના રોજ દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ સામે ઈમામ અહમદ રઝા રોડ પાસે સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલીખાં علیہ الرحمۃ والرضوان ની યાદમાં "જશ્ને સદરુશ્શરીઅહ" મનાવાયો જેમાં નબીરએ આ'લા હઝરત તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા મુફતી અખ્તર રઝા અઝહરી મિયાં مدظلہ العالی તથા મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા સાહબ, મોઈને મિલ્લત હઝરત સૈયદ મુઈનુદ્દીનબાવા (વડોદરા) તથા શાહઝાદાએ તાજુશ્શરીઅહ હઝરત મૌલાના અશ્જદ રઝા તથા હઝરત મૌલાના શોએબ રઝા સાહબ અન્ય સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામની હાજરીમાં નઅતો મનકબત તથા તકરીરી પ્રોગ્રામ શાનો શૌકત સાથે થયો હતો. *(રજૂ. આલે રસૂલ હઝરત સૈયદ ઝૈનુલ આબિદીન, જમાઅતે રઝાએ મુસ્તફા, નડિયાદ બ્રાન્ચ)*

### ★ દીની તર્બિયતી કેમ્પ યોજાયો ★

**નાપાડ**માં તા. ૭ અને ૮ જાન્યુઆરીના રોજ આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામી થકી તર્બિયતી ઈજતેમા યોજાયો હતો. જેમાં માલેગાંવ સુન્ની દા'વતે ઈસ્લામીના નિગરાં જનાબ સૈયદ અમીનુલ કાદરી, ભીવંડીના મુબલ્લિગ જનાબ ઈમ્તિયાઝભાઈ, હાફેઝ અબ્દુર્રહીમ–ભરૂચ, સુલ્તાન રઝા–વડોદરા અને હાડગુડ તથા વડોદરાથી મુબલ્લિગોના કાફલા આવ્યા હતા. આ ઈજતેમામાં પાકી તથા નમાઝ, કુર્બાની વગેરે વિવિધ મસાઈલ, દુઆઓ, સુન્નતો વગેરેની તા'લીમ બે દિવસમાં આપવામાં આવી હતી. બીજા દિવસે અંતમાં જનાબ સૈયદ અમીન સાહબે નૂરાની બયાન કરી લોકોને નેક અમલો તરફ આકર્ષ્યા હતા. નાપાડના નવજવાનોએ ખાસ જનાબ સૈયદ ચાચા બાપુએ ઘણી મહેનતથી ઈજતેમાને કામયાબ કર્યો હતો. તેમજ ૧–૧–૦૬ ભરૂચ ખ્વાજા ટાઉનશીપ ખાતે ખ્વાજા મસ્જિદમાં પણ ઝહોરથી ઈશા સુધી તર્બિયતી કેમ્પ થયો હતો.

### ★ જશ્ને દસ્તારબંદી તથા સંગે બુનિયાદ ★

ઈટોલા (તા. આમોદ) ખાતે તા. ૨૨–૧૧–૦૫ના રોજ દા.ઉ. ખદીજતુલ કુબ્રાનો પહેલી જ વાર દસ્તાર બંદીનો શાનદાર જલ્સો રાખવામાં આવ્યો જેમાં બે (૨) છોકરીઓને આલિમની સનદ આપવામાં આવી જેમાં શેરે સૌરાષ્ટ્ર સૈયદ સલીમ બાવા બેડીવાલા, હઝરત સૈયદ બડા સાહબ દયાદરા, સૈયદ સિકંદર બાવા–રાજકોટ, સૈયદ હશ્મત અલી–જંબુસર તેમજ યુ.કે.થી પધારેલ દા.ઉ.ના ખાસ હમદર્દ જનાબ હાફેઝ આદમ સાહબ કંબોલીવાલા તથા દૂરો દરાઝથી ઘણા સાદાતે કિરામ, ઉલ્માએ એઝામની મૌજૂદગીમાં દસ્તારબંદી તથા સંગે બુનિયાદનો પ્રોગ્રામ ખૂબ જ કામયાબ રહ્યો. તે જ દિવસે ઝોહરથી અસર સુધી બહેનોનો પ્રોગ્રામ પણ ખૂબ જ કામયાબ રહ્યો. સખી હઝરાતને સર્વેએ મદદની અપીલ પણ કરી છે. –લિ. **મલેક ઈબ્રાહીમ વાસણવાલા**

*(નાઝિમે આ'લા દારુલ ઉલૂમ ખદીજતુલ કુબ્રા)*

**જંબુસર** : થી ખાદિમે રઝા અલ્લારખા ફુટવાલા લખી જણાવે છે કે તા. ૨૬–૧૨–૦૫ના રોજ ડાભા ગામમાં અમારા સાથી મદ્રસાના સદર મુદર્રિસ હાફિઝ ઉમર કાઝી સાહબ તેમનાં એહલિયા સાથે હજ્જના ફરીઝાને અદા કરવા જતા હોઈ તેવા મૌકા પર હઝરત મૌલાના મુહમ્મદ સાદિક સાબરી દહેગામીએ (હાલ : દારુલ ઉલૂમ દયાદરાના મુદર્રિસ) તશરીફ લાવી વલવલાઅંગેઝ ખિતાબ ફર્માવ્યો હતો. આખિરમાં સલાતો સલામ તથા ન્યાઝની વહેંચણી કરવામાં આવી હતી. જલ્સો ઘણો જ કામ્યાબ રહ્યો હતો.

## ★ ખુદાનું ઘર બનાવી આપો ! ★

**જંબુસર** : નગરના જલાલપુરામાં આવેલ મિના મસ્જિદ ઘણી જ સાંકડી અને નાની હોઈ તેને શહીદ કરીને નવેસરથી બાંધવાની આવશ્યક્તા છે. મસ્જિદ બાંધકામનો અંદાજિત ખર્ચ રૂા. અઢાર લાખ છે. મોહલ્લાના મુસ્લિમોની આર્થિક સ્થિતિ નબળી છે. આથી તમામ મુસ્લિમ ભાઈઓને દર્દમંદાના અર્ઝો ગુઝારિશ છે કે દામે દિરહમે કદમે સુખને ફૈયાઝ દિલીથી ભરપૂર ઈમદાદ આપી અપાવીને જન્નતુલ ફિરદૌસમાં આપનો આલીશાન મહેલ બનાવી લેશોજી.

**ઈમદાદનું સરનામુ :-**

હુસૈનખાં ગુલામરસૂલખાં પઠાણ (પ્રમુખ : મિના મસ્જિદ) ઠે. મિનાશાહ બાવા દરગાહ પાસે, જલાલપુરા, મુ.પો. તા. જંબુસર–૩૯૨૧૫૦ જિ. ભરૂચ, ફોન (૦૨૬૪૪) ૨૨૦૨૬૭ મો. ૯૮૯૮૩૭૦૧૦, ૯૮૨૪૫૬૪૧૬૩

## ★ શાદી મુબારક ★

**નબીપુર** : જનાબ અબ્દુલ્લાહ ઘાસવાલાના નેક ફરઝંદ પરવેઝની શાદી મુબારક તા. ૨૫–૧૨–૨૦૦૫ના રોજ ભરૂચ મુકામે અલીભાઈ ઝંઘારવાળાની નેક દુખ્તર યાસમીન સાથે રાખવામાં આવી. (મુબારકબાદ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં શાદી કરનારાઓને તથા ઘરવાળાઓને ખૂબ જ બરકતોથી નવાઝે.) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સરનાર** : જનાબ હાફેઝ અબ્દુલ્લાહ શમા પટેલના નેક ફરઝંદ જનાબ મૌલાના હબીબની શાદી દેડીયાપાડાના ઈબ્રાહીમ ઉઘરાતદારની નેક પુત્રી આરિફાબાનુ સાથે તા. ૨૬–૧૨–૨૦૦૫ રાખવામાં આવી. (દુલ્હા–દુલ્હનને ખૂબ ખૂબ મુબારકબાદ !)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**રતનપુર** : (જિ. ખેડા) જનાબ મૌલાના ઈલ્યાસખાન નૂરી સાહબની દુખ્તરે નેક અખ્તર સલ્માબાનુની શાદી અમજદખાન સાથે તા. ૨૫–૧૨–૨૦૦૫ના રોજ રાખવામાં આવે. (મૌલા તઆલા સૌને ખુશ રાખે, મુબારકબાદ !)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ઈન્તેકાલે પુરમલાલ ! ★

**હાડગુડ** : (જિ. આણંદ)ના જનાબ સૈયદ મૌલાના હાજી મુહમ્મદ મિયાં મીરસાહબ મિયાં (શહેર કાઝી : જામા મસ્જિદ હાડગુડ) તારીખ ૧૭–૧૨–૨૦૦૫ શનિવાર ચાંદ ૧૪ ઝિલ્કદના રોજ આ ફાની દુનિયાથી કૂચ કરી ગયા છે. તેઓ ગામમાં છેલ્લા ૪૦ વર્ષોથી માનદ વેતનમાં ઈમામત કરતા હતા. આજુબાજુના ગામોમાં પણ તેમણે દીન તેમજ સુન્નિયતનો ફેલાવો કરેલ છે. તેઓ પંથકમાં કાઝી સાહબના નામથી વિખ્યાત હતા. તેઓ મિલનસાર, નીડર, અહલે સુન્નત વલ જમાઅતના અકીદાઓના પ્રખર હિમાયતી તેમજ સ્પષ્ટ વક્તા હતા. તેમણે પોતાના જીવનકાળના અમૂલ્ય ત્રણ વર્ષ દારુલ ઉલૂમ શાહેઆલમની સેવામાં સમર્પિત કર્યા હતા. બરકાતે ખ્વાજા માસિકને ઈસાલે સવાબ માટે તેમના કુટુંબીજનો તરફથી રૂા. ૨૦૦ ઈમદાદ આપેલ છે. (જઝાકલ્લાહ ! મૌલા કરીમ મર્હૂમની મગફેરત ફર્માવે. આમીન) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*(રિપોર્ટ : સૈયદ કુત્બુદ્દીન એસ. અશરફી)*

**ભાલેલ** : તા. પેટલાદ, જિ. આણંદથી ચૌહાણ વજેસિંગ અભેસિંગ જણાવે છે કે અભેસિંગ ભીખાભાઈ (મુતવલ્લી ભાલેલ સંદલી મસ્જિદ) તા. ૨૭–૧૨/૦૫ મંગળવારના રોજ ખુદાની રહમતમાં પહોંચી ગયા છે. મર્હૂમના ઈસાલે સવાબ અર્થે બાવા સાહબ નાપા ઝહૂર અહમદ ઉર્ફે મસ્તાનબાવા તથા કારી સાહબ તેમજ ઝાકિર હુસૈનબાપુ–નાપા, રાણાસાહબ–નાપા તેમજ સુન્ની ઉલમાની વઅઝની મજલિસ રાખેલ હતી. બરકાતે ખ્વાજા માસિકને રૂા. ૧૫૧/– સવાબ અર્થે મળ્યા છે. (જઝાકલ્લાહ ! મૌલા કરીમ મર્હૂમની મગફેરત ફર્માવે. આમીન) *-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા ખાતે નીચે પ્રમાણેની વ્યક્તિઓ અલ્લાહની રહમતમાં પહોંચી છે :-**

★ ભટા એમણ દાદી તા. ૧૪/૧૨/૨૦૦૫ ★ વાયેલ દાદી તા. ૨૬/૧૨/૨૦૦૫ ★ સૂરા ફાતમબેન તા. ૨૯/૧૨/૨૦૦૫ ★ ઉમરજી ભટા તા. ૨૯/૧૨/૨૦૦૫ ★ મુહમ્મદ ઈસા અલી તા. ૨/૦૧/૨૦૦૬ ★ ઈસ્માઈલ પીર (બંગલાવાલા) તા. ૮/૧/૨૦૦૬.

મૌલા તઆલા મર્હૂમોની મગફેરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરા થકી

# કુર્બાની કરાવનારાઓની યાદી

-કાર્યાલય

| ક્રમ | કુર્બાની અપાવનારનું નામ | શહેર/ગામ | કુર્બાની |
|---|---|---|---|
| | **હસ્તે મૌલાના મોહસીન હવેલીવાલા** | | |
| ૦૧. | નજીરભાઈ માલજી | દયાદરા | ૧ |
| ૦૨. | મુસ્તાકભાઈ દાદુ | સાસરોડ | ૧ |
| ૦૩. | હારૂનભાઈ ધરા | સાસરોડ | ૧ |
| ૦૪. | કડૂજી ફેમેલી | નબીપુર | ૧૨ હિ. |
| ૦૫. | ઈબ્રાહીમ કાટેલીયા | પોરંબદર | ૧ |
| ૦૬. | ઈકબાલભાઈ જીવા | દયાદરા | ૧ |
| ૦૭. | અ. રસીદ | દયાદરા | ૧ |
| ૦૮. | આદભાઈ જીવા | દયાદરા | ૧. |
| ૦૯. | બાબુભાઈ તલાટી | દયાદરા | ૯ હિ. |
| ૧૦. | હાફિઝ ઐયૂબ ગડીમ | દયાદરા | ૧ |
| ૧૧. | હાફિઝ ઐયૂબ ભટા | દયાદરા | ૧૧ હિ. |
| ૧૨. | સુલેમાનભાઈ માલજી | દયાદરા | ૧૬ હિ. |
| ૧૩. | હાફિઝ ઈસ્માઈલ ગડીમ | દયાદરા | ૧ |
| ૧૪. | સૈયદ ઝૈનુલ આબેદીન | ભરૂચ | ૧ |
| ૧૫. | અબ્દુલ્લાહ જીવા | દયાદરા | |
| ૧૬. | ઉષ્માનભાઈ જીવા | દયાદરા | ૧ |
| ૧૭. | સીરાજભાઈ નાથા | દયાદરા | ૧ |
| ૧૮. | ઈમરાન અહમદ માસ્તર | દયાદરા | ૧૯. |
| ૧૯. | યૂનુસભાઈ બૂઠ | નબીપુર | ૧ |
| ૨૦. | બશીરભાઈ પટેલ | દયાદરા | ૯ હિ. |
| ૨૧. | અનવરભાઈ ઘંટીવાલા | દયાદરા | ૧ |
| ૨૨. | યૂનુસભાઈ પટેલ | પ્રેસ્ટન | ૧ |
| ૨૩. | ઈલ્યાસભાઈ પટેલ | દયાદરા | ૧ |
| ૨૪. | શબ્બીર પટેલ | દયાદરા | ૧ |
| ૨૫. | ઈસ્માઈલ જીવા | દયાદરા | ૧ |
| ૨૬. | મીનાવાલા ફેમીલી | દયાદરા | ૧૬ હિ. |
| ૨૭. | મુબારકભાઈ | દહેગામ | ૨ |
| ૨૮. | અ. રઝઝાક મુન્શી | નબીપુર | ૨ |
| ૨૯. | મહમદ કારવા | | ૧ |

| ક્રમ | કુર્બાની અપાવનારનું નામ | શહેર/ગામ | કુર્બાની |
|---|---|---|---|
| ૩૦. | ઈબ્રાહીમ તલાટી | દયાદરા | ૧ |
| ૩૧. | અ. મજીદ પટેલ | દયાદરા | ૧ |
| ૩૨. | નજીર એ. પટેલ | | ૧ |
| ૩૩. | આદમ કેશવાણવાલા | | ૧ |
| ૩૪. | માયસુબેન ડેમા | નબીપુર | ૧ |
| ૩૫. | મૂસાભાઈ જીવા | દયાદરા | ૯ હિ. |
| ૩૬. | ગુલામ ઓડીટર | દયાદરા | ૧ |
| ૩૭ | અમજદખાન | | ૧ |
| ૩૮. | રફીક યૂસુફ | | ૧ |
| ૩૯. | યાકૂબ દલાદ | | ૧ |
| ૪૦. | ઐયૂબભાઈ | ચાંચવેલ | ૧ હિ. |
| ૪૧. | મેહઝબીન મૌ. નિઝામ | કુરચણ | ૧ હિ. |
| ૪૨. | અફસાના એ. હાફેઝ | નબીપુર | ૧ હિ. |
| ૪૩. | મરયમ હબીબ | | ૧ હિ. |
| | **હસ્તે મૌલાના ઈકબાલ વોરાસમનીવાલા** | | |
| ૦૧. | મુબારક પટેલ | | ૧ |
| ૦૨. | હાજી મહમદ દરવેશ | વલણ | |
| ૦૩. | હાજી હસન સાંસરોડ | | |
| ૦૪. | મુસ્તાકભાઈ બક્ષ | | |
| ૦૫. | હાજી રફીક જિક્રીવાલા | દયાદરા | ૧ |
| ૦૬. | હાજી ગુલામ દરબાર | પરીએજ | |
| ૦૭. | લતીફન્નીસા બહેન | | ૧ |
| ૦૮. | ઐયૂબભાઈ ભાલોદા | | ૧ |
| ૦૯. | હાજી ઉમરજી મૂસા ચવાન | | ૧ |
| ૧૦. | સલીમભાઈ પટેલ | | ૧ |
| ૧૧. | બાબુન ફેમીલી | | ૧ |
| | **હસ્તે મૌલાના નિઝામદ્દીન કુરચનવાલા** | | |
| ૦૧. | હાજી મૂસા નાથા | સેગવા | ૧ |
| ૦૨. | હાજી બસીર નાથા | સેગવા | ૧ |

★ મૌલાના મોહસિન હવેલીવાલા થકી **૪૩** કુર્બાની ★ મૌલાના ઈકબાલ વોરાસમનીવાલા થકી **૧૧** કુર્બાની ★ મૌલાના નિઝામુદ્દીન કુરચનવાલા થકી **૦૨** કુર્બાની ★ મૌલાના યૂનુસ પ્રેસ્ટન થકી **૧૩** કુર્બાની ★ હાફેઝ ઈકબાલ માંગરોલવી લેસ્ટર થકી **૦૮** કુર્બાની ★ મુસ્લિમ ચેરિટી **૨૦** કુર્બાની (C/o. મૌલાના મોહસિન) ★ ઈસ્લામિક વેલ્ફેર મિશન દયાદરા ખાતા થકી ([illegible]) લગભગ ૨૦૭ કુર્બાની, કુર્બાનીઓ ગરીબ મહોલ્લા તથા ગામડાંઓમાં [illegible] આવી.